श्रीद्वारकेशो जयति

(श्रीद्वा. ग्र. माला का पुष्प १३)

प्राचीन वार्ता-साहित्य

प्रथम भाग

श्रीहरिरायजी कृत भावप्रकाश, (व्रजभाषा)
श्रीनाथदेव कृत संस्कृत अनुवाद एवं
आवश्यक विवरण (गुजराती) सहित

सम्पादकः—

द्वारकादास पुरुषोत्तमदास परिख

प्रकाशकः—

श्री विद्याविभाग-कांकरोली

सं. १९९६ श्रीवल्लभाब्द ४६१

प्रास्ताविक

आज भारत की राष्ट्रभाषा होने का गौरव हिन्दी भाषा को दिया जा रहा है। और यह गौरव, भाषातत्त्वज्ञों से छिपा नहीं है कि व्रजभाषा के द्वारा ही सर्वांश में नहीं तो अधिकांश में उसे प्राप्त हुआ है। जिस की माधुरी पर मुग्ध हो कर अपनी मातृभाषा का मोह छोडते हुए अन्य भाषा भाषी भी जिस व्रजभाषा में हृदय के उद्‌गार उन सात्विक भावों को अभिव्यक्त करते थे, जिनके द्वारा मानव जीवन की सार्थकता समझी जाती है वह राष्ट्रभाषा हिन्दी की प्राण है; और इस प्राण की प्रतिष्ठा करनेवाले भगवान् जगद्‌गुरु श्री वल्लभाचार्य है।

जिस समय यवनों की उच्छृंखलता से भारतीय संस्कृति के साथ उसकी अटल धर्मभावना लुप्त होती चली जा रही थी, देश की भाषा के सिंहासन पर विदेशी भाषा एक प्रकार से चढ बैठी थी। यह पाप हमारी उन कुचली हुई आत्माओं की विवश दृष्टि में हो रहा था जिन को अमृतका सन्देश सुना कर जाग्रत, उत्थित और प्रबुद्ध करनेंवाला सं. १५३५ के पूर्व कोई महानुभाव प्रादुर्भूत नहीं हुआ था।

पाप प्रक्षालन के लिये निर्मलनीरा भागीरथी के अतिरिक्त अन्य कौन? बस भाषा के पाप प्रक्षालन के लिये भक्ति की भागीरथी प्रवाहित हुई और श्रीवल्लभाचार्य तथा उनके सुपुत्र गोस्वामि श्रीविठ्ठलनाथजी प्रभुचरण ने भारतीय जनता को उसमें मज्जन के लिये उद्‌घोषणा कर दी। अष्टछाप की स्थापना ने धार्मिकता के अनुपान से भारतीयता को मरने से बचाया। आज हम देख रहे है हमारी भाषा,

हमारी संस्कृति, हमारा देश विषाद विपत्ति के निविडान्धकार से छुट-
कारा पा कर प्रकाश की किरणों के पडने से सचेष्ट हो गया हैं।

द्वन्द्व परिचालन क्रम से एक समय इस के बाद वह आया
जब नव शिक्षितोनें व्रजभाषा का विरोध किया, पर वह ववंडर असन्मूल
होने से स्वयमेव शान्त हो गया।

साहित्य के पारखियोंनें अपने अध्यवसाय, दक्षता और वास्त-
विक ज्ञान के सहारे व्रजभाषा के प्रति पुनः लोगो की सद्भावना स्थापित
की। और उसके अप्रकाशित साहित्य को प्रकाशित कर अक्षय पुण्य
का उपार्जन किया।

इसी ववंडर का एक छोटा हिस्सा 'अश्लीलता का आन्दोलन'
था, जिसने समस्त प्राचीन साहित्य पर हडताल पोत दी थी, चाहे
वह संस्कृत का वैदिक, पौराणिक, वैज्ञानिक साहित्य हो, चाहे भाषा
का। पर इसकी मीमांसा लाख चेष्टा करने पर भी न की जा सकी कि
वास्तव में अश्लीलता साहित्य में अपनी क्या परिभाषा रखती है?

'घटं भिन्द्यात्, पटं छिन्द्यात्' की भावनानें इस अश्लीलता
आंदोलन की हवा पा कर साम्प्रदायिक साहित्य की लहलही, हरीभरी,
सत्य, शिव, और सुन्दर वाटिका पर भी चोट की, और झाडझंखडों के
साथ एक ओर से उन लताप्रतानों, सुरभित गुल्मों, फलित द्रुमों को
भी साफ कर डालने का 'एलान' कर दिया, जिनसे देश, धर्म, समाज
का मस्तिष्क नवीन स्फुरणा की प्राप्ति कर सकता था। अस्तु

आर्य समाज के उपदेशकों की चेतावनी पा कर उठे हुए

सनातन धर्म के उपदेशकों की भांति भाषासाहित्य के प्रेमियों, पक्षपातियों, और आस्वादकों को मूर्च्छना जागृत हुई चारों ओर घोर विरोध होने लगा, पर क्रियात्मक नहीं वाचनिक, और वह भी मर्यादा की बांध तोड कर। जो सभ्य, शिक्षित समाज को उचित नहीं जँचा।

विरुद्ध आन्दोलन को दबाने के लिये रचनात्मक कार्य की आवश्यकता है और अनिवार्य यह है कि वास्तविकता को प्रकाशन में लाया जाय, जिसे देख कर विरोधी भावना यदि वह हठ मूलक नहीं है तो स्वयमेव कपूर हो जाय।

द्विदलात्मक व्रजभाषा साहित्य के गद्य पद्य पर यहां कहने की आवश्यकता नहीं है। उस पर विद्वानोंने यथेष्ट प्रकाश डाल दिया है। साहित्य की अभिरुचिने उसके पद्यात्मक साहित्य को बहुत कुछ प्रकाशित कर दिया है फिर भी अभी उतना संग्रह उपलब्ध है जिस के लिये समय, धन और कार्यकर्ता की आवश्यकता है। सूरदासजी, नन्ददासजी की अधिकांश अधिकांश रचना को छोड कर शेष अष्टछाप के कवियों की कृतियाँ बन्धनों में बंधी हुई उन्मुख और उद्ग्रीव होने की बाट जोह रही है। न जाने कब उनको वह उन्मुक्त वात प्रकाश प्राप्त होगा?

इधर गद्य साहित्य की भी यही दशा है। अभी तक व्रजभाषा का जो साहित्य प्रकाशित हुआ है वह वार्तात्मक था, प्रकाशकों ने उसे विकृत अथवा अविकृत किसी भी रूप में प्रकाशित करनेका श्रेय प्राप्त किया. पर आवश्यकता थी अन्वेषण की। अद्यावधि मुद्रित

वार्ताओं का अधिकांश प्रकाशन जहां तक मुझे ज्ञात है किसी आदर्श पुस्तक के अभाव में ही हुआ है। जैसी कुछ भी पुस्तक संशोधित, परिष्कृत, परिवर्द्धित अथवा विकृत रूपमें प्राप्त हुई वह मुद्रित करा दी गई, उसके साथ न तो शंकाओंका समाधान करनेवाला, और न उसे प्रमाणित करनेवाला कोई अन्य साहित्य भी प्रकाशित किया गया जिस से उस के स्वरूप की रक्षा की जा सकती।

कुछ समय पूर्व हमारे मित्र भगवदीय द्वारकादासजी परिख के हृदय में श्रीवल्लभाधीश प्रभु की स्फुरणा से एसी जागृति हुई और उन्होने इस के लिये चेष्टा करने का संकल्प किया। उक्त मित्र ने भारी प्रयत्न, प्रचार एवं तत्परता से प्रस्तुत वार्ता साहित्य को नवीन रूपमे प्रकाशित करने का कार्य प्रारंभ किया। गुजराती भाषा भाषी होने पर भी व्रजभाषा के प्रति उनकी यह आस्था देख कर मुझे चकित हो जाना पडा। वास्तव में इस प्रकार की दृढ भावना वैष्णव धर्म का प्रभाव है जिसने सारे गुर्जर प्रान्त में व्रजभाषा साहित्य का, कीर्तन, वार्ता और पदों के द्वारा एक जालसा बिछा दिया है।

जब नागरी प्रचारिणी सभा, और हिन्दी साहित्य सम्मेलनने देश के विभिन्न भाषा भाषी प्रान्तो में एक हिन्दी भाषा के प्रचार की बात सोची भी नही थी, सोचना तो दूर उनका जन्म भी नहीं हुआ था उस के लगभगं ३०० वर्ष पूर्व हो पुष्टिमार्गने समस्त गुर्जर प्रान्त में भाषा साहित्य का विस्तार कर दीया था, यही कारण है कि आज गुजरात में हिन्दी प्रचार की आवश्यकता प्रतीत नहीं हो रही है वह तो वहाँ इस भक्तिमार्ग के द्वारा बहुत कुछ पनप चुकी है। अस्तु

उपर कहा जा चुका है कि प्राचीन वार्ताओ प्रकाशित करने के लिये हमारे उक्त मित्र ने उत्साह के साथ कार्य शुरू किया। उन्होने न केवल उसका समस्त साहित्य ही एकत्रित किया, प्रेस कापी भी तैयार की और छपाने के लिये आर्थिक साहाय्य एकत्रित कर दिया। उन्होंनें एक प्राचीन वार्ता की (भावप्रकाश वारी) पुस्तक अन्वेषण कर प्राप्त की जिसका लेखन सं. १७५२ है। जहां तक ध्यान है इस से प्राचीन वार्ता की (भावप्रकाश वारी) पुस्तक अभी तक प्राप्त नहीं हुई।

चौरासी वैष्णवों की वार्ता पर श्री हरिरायजीनें भाव प्रकाश नाम से टिप्पण किया है जिसमें उसके रहस्य का उद्‌घाटन किया गया है, इस प्रकार वार्ता के वृत्त की पुष्टि श्रीहरिरायजी जैसे विद्वान महानुभाव के लेख द्वारा होती है।

द्वारकादासजी ने उस के साथ एक काम यह भी किया कि उन सब पर गुजराती भाषा में एक अपना स्पष्टीकरण भी लगाया और चरित्र नायकों की ऐतिहासिक जीवनी पर भी प्रकाश डालने का श्रम किया। कहने का तात्पर्य यह कि वार्ता का वास्तविक रहस्य प्रकाशित करनेका आयोजन किया गया और उस में यथा संभव त्रिविध भाव भरने की चेष्टा की गई है।

इस प्रकार छपाने योग्य तैयार पुस्तक और उसके लिये प्राप्त अर्थ साहाय्य पा कर विद्याविभाग को इस के लिये कुछ भी चेष्टा न करनी पडी, उलटे उक्त महाशयने हमे एसे ग्रन्थ के प्रकाशन का

सौभाग्य सहज ही सौंप दिया। और यह ग्रन्थ श्रीनाथदेव कृत 'संस्कृत वार्ता मणि माला' नामक ग्रन्थ के आवश्यक भाग के सहित विद्या-विभाग से द्वा० ग्र० माला के त्रयोदश पुष्प के रूप में निकाला जा रहा है। श्रीनाथदेव कृत उक्त वार्ता मणिमाला, अन्यत्र अभी तक तो अप्राप्य है उस की एक ही कापी विद्याविभागान्तर्गत सरस्वती भंडार में उपलब्ध हुई है।

श्रीनाथदेव का परिचय विशेषतया उपलब्ध नहिं होता. उन्होने इस ग्रन्थ के अन्त में इस प्रकार अपना उल्लेख किया है।

" इति श्रीशाचार्य वर्य पद भक्ति मता मया
कृतया वैष्णव कथा मालयात्मा प्रसीदतु ॥२५॥"

" इति श्रीविष्णुस्वामि मतानुवर्ति श्रीवल्लभ पद पद्म परागानुरागि महाशय मठेश विप्र श्रीनाथदेवेश संस्कृतायाँ वैष्णव वार्ता मालायाँ चतुरशीति वार्ता मणिकोत्तरं ससुमेरु पंचविंशतिमो मणिः सम्पूर्णोयं वैष्णव वार्ता माला पूवार्द्धे श्रीमतीत उत्तरार्द्धेपिसा" २०१ ३७०७। ३

पुस्तक में लेखन संवत् नहीं दिया है। अन्तिम अंक पद्यांक है जिससे ज्ञात होता है कि इसमें लगभग तीन हजार सातसो सात श्लोक अनुष्टुम् है।

इन्होने अपनेको मठेश शब्दसे सम्बोधित किया है यदि मठेश और मठपति एकही पर्यायवाची शब्द है तो कहना पडेगा कि यह तैलंग ब्राह्मण और मठपति जयगोपाल भट्टके वंशज थे।

जयगोपाल भट्टने अपने रचित तैत्तरीयोपनिषद भाष्यमें अपना परिचय इस प्रकार दिया है:—प्रथम द्वितीय श्लोकोंमे श्रीवल्लभाचार्य और श्रीगुसांईजी को प्रणाम कर आगे श्लोक में वह लिखते है:—

श्रीमद्गोकुलनाथान् श्रीमत्कल्याणराय गुरुचरणान्
नाम निवेदन दातृन् प्रणमामि मुहुर्मुहुः प्रेम्णा ॥३॥
तैलङ्ग यज्य चिन्तामणि तनयो मठपतित्व विख्यातः
जयगोपाल उपनिषद् भाष्यं वितनोतितैत्तरीयायाम् ॥४॥

इससे ज्ञात होता है कि मठपति जयगोपाल भट्ट तैलंग ब्राह्मण चिन्तामणि भट्ट के पुत्र ओर श्रीगोकुलनाथजी (च. पुत्र) तथा श्रीकल्याणरायजी के शिष्य थे, अतः उनके सम सामयिक थे।

इनके मठपति होनेसे श्रीनाथदेव के विषयमें एसा अनुमान होता है कि यह इन्ही के वंशज हों।

अन्य किसी साधनके अभाव में इनके विषय में इतनाही कहकर हमें चुप रहना पडता है×

× શ્રીનાથભટ્ટના સંબંધી મારૂં આ અનુમાન ચોક્કસ થયું છે કેઃ- તેઓનો (ચીમનલાલ શાસ્ત્રીના કથનાનુસાર) કાવ્ય રચના કાલ સં. ૧૭૨૪નો છે. અને તેઓએ સંસ્કૃત મણીમાલા ૧૭૨૭ લગભગ રચેલી છે. નહિ તો શ્રીહરિરાયજીકૃત "ભાવપ્રકાશ"ની કંઈક આછી રૂપરેખા તેઓ અવશ્ય તેમની મણીમાલામાં લેત. શ્રીહરિરાયજીનો ભાવપ્રકાશ સં. ૧૭૨૯ પછી અને સં ૧૭૫૦ પહેલાં લખાયેલો છે. કારણ કે આ ભાવપ્રકાશનું નામ સં. ૧૭૨૯માં રચાયલા "સંપ્રદાયક કલ્પદ્રુમ"માં સ્પષ્ટતયા પ્રાપ્ત થતું નથી. આ શ્રીનાથભટ્ટે "દુષણોદ્ધાર" "જલભેદ વિવૃત્તી" આદિ અનેક ગ્રન્થોની રચના કરેલી છે. તે તેમના ગ્રન્થોની ઈતિશ્રી થી સમજાય છે. શ્રીનાથભટ્ટે વાર્તામાં પોતાની સંસ્કૃત

कार्य की अधिकता के भयसे और उपयोगिता की दृष्टि से सम्प्रति वार्ता रहस्य का यह प्रथम भाग ही प्रकाशित किया जा रहा है। यदि इसके द्वारा प्रोत्साहन प्राप्त होगा तो अगले भाग भी अनुकूल संयोग पा कर प्रकाशित किये जावेंगे।

प्रस्तुत पुस्तक के प्रकाशन के लिये जिन धनीमानी महानुभावों ने अर्थ साहाय्य दे कर इस पुण्यकार्य में हाथ बटाया है उनके नाम सम्पादक के विवरण में दिये जा रहे हैं। जिन के अर्थ साहाय्य से कुछ कापियाँ वैष्णवो में विनामूल्य वितीर्ण की जावेगी इसके साथ हम इस बात को यहां प्रकाशित कर देना अपना धर्म समझते है कि **प्रस्तुत पुस्तक की विक्री से जो लाभ होगा वह इस के अग्रिम भागो और साम्प्रदायिक अप्रसिद्ध ग्रन्थो के प्रकाशन में ही लगाया जायगा।**

इस बात के प्रकट करने में मुझे हिचकिचाहट पैदा हो रही है कि हम जैसा चाहिये हिन्दी वार्ता को शुद्ध रूप में प्रकाशित न

વાણીને સાહિત્યિક અલંકારોથી બહુજ દુર રાખી એક સાદી સરળ અને કથાનક કરી છે. એ, તેમનું વિશેષ પાંડિત્ય સૂચન કરે છે. જેવો વિષય તેવી જ ભાષા હોય તો તે દીપી ઉઠે, તદનુસાર વાર્તાની ભાષા બહુ જ સરળ રાખી છે.

શાસ્ત્રીજીના કથનાનુસાર તેઓ અવશ્ય જયગોપાલ મઠપતિના વંશજ અથવા કુટુંબી હોવા જોઇએ. કારણકે જયગોપાલનો સમય શ્રીગોકુલનાથજી અને શ્રીકલ્યાણરાયજીના સમકાલીન ઉપરોક્ત શ્લોકથી સિદ્ધ થાય છે. અને શ્રીનાથદેવનો જન્મ સમય લગભગ ૧૬૮૮નો પ્રાપ્ત થાય છે. એટલે અટકના અને સમયના સંબંધથી એમ અનુમાન સિદ્ધ થાય છે કે હો ન હો તેઓ મઠપતિના વંશજ જ હોવા જોઈએ.

"સંપાદક"

कर सके। इसका कारण कांकरोली के इतिहास के लिखने और छपा-नेकी मेरी व्यस्तता ही है। उक्त ग्रन्थ में जुटे रहने के कारण सच कहा जाय तो मुझे सावधानी से प्रेस कापी देखनेका पुरा अवसर भी नहीं मिला, प्रूफ संशोधनकी बात तो दूर।

इधर प्रस्तुत, ओर उक्त ग्रन्थ का शीघ्र प्रकाशित करना आवश्यक था अतः मेंने अपना काम अपनें जिम्मे रखकर प्रस्तुत ग्रन्थका भार श्रीद्वारकादासजीको सौंपा और उसका उनको सम्पादक बना दिया। अतः उसकी उत्तमता का श्रेय उनको और त्रुटियें, न्यूनताओं, असावधानियें का दोष मुझ पर है। फिर भी इतना कहना पडेगा कि उक्त महानुभाव इस के लिये सतत सचेष्ट रहे हैं कि मेरे उपर किसी प्रकार का दोष न आने पाये। उनकी इस सहृदयता, कार्यतत्परता एवं सौशील्य पर एक डाह पैदा होती है।

सब से बडी असावधानी, और गुजराती कम्पोजीटरो के कारण पुस्तक में त्रुटियाँ रह गई होगी फिर भी हम कहेंगे कि हिन्दी के कम्पोज करनेवालें ने अपनी दक्षता दिखलाई है जिन्हें एसा अवसर कदाचित् ही उपलब्ध होता है। पाठक उन त्रुटियें के लिये क्षमा करें और उन्हें यथास्थान सुधार ले। प्रस्तुत पुस्तक के मुद्रक महोदय के भी हम आभारी है कि उन्होने यह काम शीघ्रता और सुन्दरता के साथ पूरा किया।

सम्पादक प्रति तो हमे धन्यवाद देनेकी आवश्यकता ही प्रतीत नहीं होती, क्योंकि उन्होंने जिस निष्काम कर्मयोग के भक्तिके उंचे सिद्धान्त से काम किया है वह आदरणीय और अनुकरणीय है। हमारी

दृढ धारणा है कि यदि उक्त मित्र महोदय के हृदयमें उद्विग्नता उत्पन्न करने का अवसर न दिया जाय तो वे साम्प्रदायिक साहित्य के प्रकाशन में बहुत कुछ कार्य कर सकते है, चाहिये केवल गुणग्राही।

विद्याविभाग के अध्यक्ष गो. श्रीव्रजभूषणलालजी महाराज (शु. सं. तृ. पीठाधीश्वर) और उपाध्यक्ष उनके अनुज उत्साहशील गो. श्री विट्ठलनाथजी महाराज एसे ही महानुभाव है. जिनके आश्रय में रहकर हमारे मित्र महोदयनें साम्प्रदायिक गंभीर ज्ञान प्राप्त करनेमें बहुत कुछ अग्रेसरता दिखलाई है। उनके विवरण से उनके परिज्ञान, खोज और गंभीरता का पता लगेगा हमे उसे यहाँ प्रकट करनेकी आवश्यकता नहीं है।

उनके साथ इस कार्य में अथवा यों कहिये मेरे कार्य में अभिन्नभावसे परिश्रम करनेवाले मित्रद्वय पं. पुरुषोत्तम शास्त्रीजी (शेहरा निवासी सम्प्रति वीसनगर) तथा सरस्वती भंडार विद्याविभाग के व्यवस्थापक पं. लक्ष्मीनारायण शास्त्रीजी का उपकार विस्मृत नहीं किया जा सकता। साम्प्रदायिक प्रसिद्ध पत्रकार पं. वसन्तराम शास्त्रीजी (अहमदाबाद) का सौजन्य भी भूला नहीं जा सकता जिन्होंने सम्पादक के लिये पुस्तक प्रकाशनमें प्रेस आदिकी सभी प्रकारकी सुविधाए सरल कर दी थी।

भगवान करुणा वरुणालय श्री हरि प्रभु श्री द्वारकाधीश के चरणकमल स्मरण करते हुए हम अपने वक्तव्य से विराम लेते है. जिनके अनुग्रह बलसे हमें आगे भी इस प्रकारके पुण्य कार्यों के आयोजन का सौभाग्य अधिगत होगा। ॐ शान्तिः ३ ॥

सं. १९९६
प्र. श्रावण शु. १२/९६
ता. २८-७-३९

विधेय–
प्रकाशक–**पो. कण्ठमणि शास्त्री.**
संचालक विद्याविभाग
कांकरोली.

गो० श्री व्रज भूषणात्मज

चि० श्री गिरिधर गोपाल

अर्पण–पत्रिका.

श्रीवल्लभ विठलेश गुरु कृष्णरूप श्रीनाथ ।
द्वारकेश अठ सखनि नमि पर्यो प्रेम के पाथ ॥ १

गोपीजन अनुभव प्रथम कियो कृष्ण के साथ ।
पाछें दमला आदि जिन धर्यो चरन में माथ ॥ २

अपने जन हित कारने वल्लभ भूतल आय ।
सेवा सुख सरसाय पुनि ता हित कुल प्रगटाय ॥ ३

मेरे तो **गिरिवरधरन गोपाल** हि इक नाम ।
लगन लगाई छिप गए चितवन आठो जाम ॥ ४

श्रीगिरिधर गोपालजू राखो चरनन पास ।
दीन पुकारत करि दया जानि आपुनो दास ॥ ५

लाल ही लाल पुकारके प्रान भये बेहाल ।
अब तो प्यारे दोरिके आन दिखावो चाल ॥ ६

मंद हसन चितवन तनक आज्ञा देत हुँकार ।
नेन भ्रकुटि कटि किंकनी मन्मथ मोहन धार ॥ ७

हेमंते प्रथमे मासे प्रथम दिना के अंत ।
वरद देन सुकुमारिका छोडि छिपे कित कंत ॥ ८

नाथ रावरी हित कथा कहँ लगि बरनों अंत ।
छिनु छिनु में पोषत रहे ज्यों मृगशीर्ष हिमंत ॥ ९

श्रीयमुना गिरिराजजू व्रजमंडल सब ठोर ।
अपनो जन मो जानिके रखि लेहो निज ओर ॥ १०

लालन आओ हरखके सेवक अपुनो जान ।
हृदय करो सीतल प्रभु बिसरो नहिं छनमान ॥ ११

मंजु कछुक चिंतन कीयो अपने मन के हेत ।
गिरिधरजू अपनाइयो जानि प्रेम संकेत ॥ १२

अवधीके दिन जात हे जो नहिं पूरी आस ।
प्रान पखेरू उडनको आतुर आवन पास ॥ १३

"तिहारो"

મૂલ્ય સંબંધી કંઈક

આ પુસ્તક પ્રકાશન કાર્યમાં આજ સુધી લગભગ ૬૨૫) જેટલી રકમ વૈ. સદ્ગ્રહસ્થો તરફની નિરપેક્ષ ભાવથી પ્રાપ્ત થઈ છે. તદર્થ અમોએ **પ્રત ૧૦૦૦ વિના મૂલ્યે** નિમ્નોક્ત સજ્જનોને આપવાનો નિશ્ચય કર્યો છે:—

૧ વસંત પંચમી પહેલાં જેઓનાં નામ નોંધાઈ ગયાં છે તેમને,

૨ કાંકરોલી વિદ્યાવિભાગના ઉંચા દરજાની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર બાલકોને,

૩ ભગવદ્ મંડલીઓ, પાઠશાળાઓ, અને નિષ્કંચન તેમજ વિરક્ત ભગવદીયો ને,

૪ ગોસ્વામી બાલકો અને ખાસ સહાયક વિદ્વાનોને,

બાકીની એક હજાર પ્રત રૂ. ૧) થી આપવામાં આવશે. (પોસ્ટેજ અલગ) તેનાથી જે દ્રવ્ય પ્રાપ્તિ થશે તે દ્વારા બાકીના વાર્તાના ભાગો પ્રકાશિત થશે.

"શુદ્ધાદ્વૈત" ના ગ્રાહકોને પોણી કિંમતે આ ભાગ આપવામાં આવશે.

આ ભાગ અને બીજા ભાગો વિના મૂલ્યથી કોને આપવા અથવા કોને ન આપવા તે સમ્પાદકની ઇચ્છા ઉપર જ છે.

વ્યવસ્થાપક, "વાર્તા-સાહિત્ય"

विषय सूची

संस्कृत वार्ता मणिमाला

વાર્તા સંબંધી સાદી સમજ

અમોએ આ વાર્તાઓ (૮૪ વૈષ્ણવોની) સંવત ૧૬૯૭ ના ચૈત્ર સુદિ ૫ મે શ્રીગોકુલ મધ્યે લખી ચુકાયલા પુસ્તકના આધારે છપાવી છે. આનાથી વિશેષ પ્રાચીન ગ્રન્થ હજુ સુધી અમને મળ્યો નથી. આ વાર્તાના ગ્રન્થ સાથે અમોએ અન્ય પ્રાચીન કેટલીક વાર્તાની પ્રતો પણ મેળવી છે. જ્યાં જ્યાં પાઠાંતર પ્રાપ્ત થયું છે ત્યાં ત્યાં ફૂટનોટ આપી છે.

આ વાર્તાઓ શ્રીગોકુલનાથજીએ મૂળ વ્રજભાષામાંજ રચેલી છે અને તે જેમની તેમ વ્રજભાષામાંજ અમે અહીં આપી છે. વાર્તાના ગાંભીર્યાદિથી મુગ્ધ થઇને શ્રીયુત મહેશ મહાનુભાવ શ્રીનાથભટ્ટે (दूषणोद्धार આદિના કર્તા) વિદ્વાનોના મનોરંજનાર્થે તે વાર્તાઓને સંસ્કૃતમાં શ્લોકબદ્ધ કરી છે.

આ વાર્તાઓનો સંસ્કૃત અનુવાદ તે તેની મહત્તાના દર્પણરૂપ છે. ફક્ત ચોર્યાશી વાર્તાના સંસ્કૃત અનુવાદરૂપે શ્રીનાથભટ્ટે લગભગ ૩૭૦૦ થી પણ વધુ શ્લોકો યોજ્યા છે અને તે "મણિકા" રૂપે કાંકરોલી "વિદ્યા-વિભાગ" માં વિદ્યમાન છે. આમાં કેટલાક પ્રસંગોમાં વિશેષ જાણવાનું મળતું હોવાથીજ તે ક્રમશઃ અમે દરેક વાર્તા સાથે આપેલા છે.

આ વાર્તાઓમાં કેટલું બધું સાંપ્રદાયિક અગાધ રહસ્ય સમાયલું છે તે જણાવવાને અર્થે શ્રીહરિરાય મહાપ્રભુએ દરેક વાર્તાના દરેક પ્રસંગ ઉપર મધ્યમભાષાથી* ભાવનો પ્રકાશ કર્યો છે અને તે પણ વ્રજભાષામાં ગદ્યરૂપેજ.

આ બન્ને મહાનુભાવ વિદ્વાનોના વાર્તા ઉપરના અથાગ પ્રેમ અને પરિશ્રમથી સાધારણ બુદ્ધિનો મનુષ્ય પણ સમજી શકે છે કે સાંપ્રદાયિક તમામ ગ્રન્થોમાં વાર્તાઓ કેટલી ઉપયોગી હોવી જોઈએ ?

આ ઉપર્યુક્ત કથિત સાહિત્ય ઉપરાંત અમોએ સાંપ્રદાયિક આચાર્યો અને વિદ્વાનોના સહકારથી અન્ય પણ કેટલોક મહત્ત્વપૂર્ણ

---

* ન અત્યંત સ્પષ્ટ તેમજ ન અત્યંત ગૂઢ એવી ભાષામાં રહસ્યનું ઉદ્દ્ઘાટન કર્યું છે. મહાકવિ નંદદાસજીના શબ્દોમાં કહીએ તો:—

"नाहिन उघरे गूढ न एसे मरहट देश वधू कुच जेसें ।"

સંગ્રહ આ પુસ્તકમાં કરેલો છે. જેવો કેઃ—પ્રાચીન ઐતિહાસિક ગ્રંથોનું અત્યંત સંશોધન કરીને આ વાર્તાઓમાં રહેલો અને તેને અપેક્ષિત અન્ય ઇતિહાસ પૃથક્ રૂપે આપેલો છે. તેમજ શ્રીહરિરાયજીના સંસ્કૃત ગ્રન્થોને અહીં આપેલા શ્રીહરિરાયજીના ભાવ પ્રકાશ સાથે જ્યાં જ્યાં સંશય થાય ત્યાં ત્યાં સરખાવી તેની પ્રામાણિકતા સિદ્ધ કરી છે. જેથી લહીયાઓ પ્રત્યેનો અન્યાયપૂર્ણ અસંબદ્ધ પ્રલાપ ઘણા અંશમાં દૂર થાય છે. અને વાર્તાઓમાં ઉત્પન્ન થતા સંદેહોના નિવારણાર્થે શ્રીઆચાર્યજીના, શ્રીગુસાંઈજીના, તેમજ અન્ય ગ્રન્થોનાં પ્રમાણો આપેલાં છે. વળી અમોએ આ વાર્તાઓનું ઈતિહાસ, તત્ત્વ અને રસ એમ ત્રણે દષ્ટિથી યથાધિકાર આધુનિક અલ્પબુદ્ધિ વાંચકોને પણ ઉપયોગી થઇ પડે તે હેતુને ખાસ લક્ષ્યમાં રાખી પરમ્પરાગત પ્રાપ્ત સંકલન કર્યું છે. જેથી દુરાગ્રહથી રહિત અન્ય કોઈ પણ વ્યક્તિ વાર્તા ઉપર આક્ષેપ કરવાની ધૃષ્ટતા નહિજ કરે.

"વાર્તા" અને "ભાવપ્રકાશ" બન્ને ક્રમશઃ શ્રીગોકુલનાથજી તથા શ્રીહરિરાયજી કૃત છે તે નિર્વિવાદ છે. તેના પ્રમાણરૂપે તેની અતિ વિખ્યાતિજ સંતોષજનક છે. તો પણ અન્ય પ્રમાણો અહિં આપીએ છીએઃ—

એક તો એ પ્રમાણ કે ઉપર્યુક્ત બન્ને ગ્રન્થોની સેંકડો લિખિત પ્રતિઓ અતિ પ્રાચીન પ્રાપ્ત થાય છે અને તેમાં "શ્રીગોકુલનાથજી-રચિત" "શ્રીહરિરાયજીકૃત" એવા લેખો પ્રાપ્ત થાય છે.

અમે અત્રે આપેલા શ્રીહરિરાયજીના ભાવપ્રકાશ નાં પ્રાચીન લિખિત પુસ્તકો ઘણી જગ્યાએ અમારા જોવામાં આવ્યાં છે જેવાં કે પાટણ, અમદાવાદ, ડભોઈ, ગોકુળ, નાથદ્વારા, કાંકરોલી, જતીપુરા ઈત્યાદિ સ્થળોમાં.

અમારી પાસે જે પ્રત છે, તે સં. ૧૭૫૨ માં લખાયલી છે અને તે શ્રીહરિરાયજીના સમયનીજ છે. કારણ કે શ્રીહરિરાયજીની ભૂતલ સ્થિતિ સં. ૧૭૭૨ સુધીની પ્રસિદ્ધ છે. અતઃ આ પ્રત અત્યંત પ્રામાણિક ગણી શકાય. આ ગ્રન્થ અમને પરમ ભ. મહાનુભાવ

ગોવિંદદાસ (શ્રીનાથદ્વારાવાળા) બાવા પાસેનો પ. ભ. જદુનાથદાસ દ્વારા પ્રાપ્ત થયેલો છે. તેમજ આ ગ્રન્થને નિત્યલીલાસ્થ તિલકાયિત શ્રીગોવર્ધનલાલજીએ પણ અવલોકીને પુષ્ટ કર્યો છે. જેથી આ ગ્રન્થની પ્રમાણિકતા વિષે વધુ કહેવું નિરર્થક છે. આવીજ એક પ્રતિ સં. ૧૭૫૨ ની લખાયલી શ્રીગોકુલના પરમ ભગવદીય શ્રીયુત મુખીયાજી ગૌરીલાલજી પાસે પણ અમે જોઈ છે. તેમાં એક વિશેષતા એ છે કે દરેક પ્રસંગોનાં સુંદર ચિત્રોનો પણ તે ગ્રન્થમાં સમાવેશ કરેલો છે. પ્રત દર્શનીય છે.

આ " ભાવપ્રકાશ "ની લેખનશૈલી શ્રીહરિરાયજીની સંસ્કૃત ગ્રંથોની રચના શૈલીને મળતી જ આવે છે. શ્રીહરિરાયજી ગહન વિષયો સંબંધી ગ્રન્થો રચવામાં પ્રથમ પૂર્વપક્ષ કરીને પછી સ્વયં તેનો નિરાસ કરે છે. (જુઓ શ્રીહરિ. કૃત નિષ્કામ લીલા આદિ ગ્રન્થો) તેમ અહીં પણ ઘણી જગાએ પૂર્વપક્ષ (સંદેહ) સ્વયં કરી પછી તેનું સમાધાન પણ આપ સ્વતઃ જ કરે છે.

આ શૈલી પણ આપના " ભાવપ્રકાશ " માટે એક સબલ પ્રમાણ છે. અને ત્રીજું પ્રમાણ ઉપરોક્ત વલ્લભજી મહારાજનું ધોળ છે. ચોથું પ્રમાણ ભાવપ્રકાશ સાથે શ્રીહરિ૦ના સંસ્કૃત ગ્રંથોની એકવાક્યતા છે. (જુઓ દામો૦હર૦ની વાર્તા પાન ૫૨)

" વાર્તા " સંબંધી અન્ય પ્રમાણ " સંપ્રદાયકલ્પદ્રુમ " જે સં. ૧૭૨૯માં શ્રીહરિરાયજીના શિષ્ય વિઠ્ઠલનાથ ભટે રચેલો છે, તેમાં આ પ્રમાણે છેઃ—

" वल्लभविट्ठल वारता, प्रगट कोन नृपमान " ॥ ३० ॥ (पान १४१).

સૃષ્ટિના પ્રારંભથી જ દૈવી અને આસુરી એમ બે પ્રકારના જીવોની ઉત્પત્તિ જોવામાં આવે છે. એટલે ઉત્તમોત્તમ દૈવી સંપત્તિવાળી વસ્તુઓને આસુરી દુરાગ્રહી પુરૂષો હીન બતાવે તો તે ઉપેક્ષણીય જ છે. પરંતુ દેખાતા દૈવી પુરૂષોજ આસુરાવેશી થઇને પોતાની દૈવી સંપત્તિને અસભ્ય ભાષાથી સર્વ સમક્ષ તિરસ્કાર કરે ત્યારે તો તે કોઇ પણ સહૃદય પુરૂષને અસહ્ય લાગ્યા વિના રહે નહિ જ.

એવાંજ અનેક કારણોને લઈને અમોએ સર્વ મહાનુભાવોના સહકારથી આ કાર્ય ઉઠાવ્યું છે કે સાંપ્રદાયિક વ્રજભાષાનું ગદ્યપદ્યાત્મક સાહિત્ય પ્રાચીન કાળની શૈલીથી લખાયેલું હોવા છતાં તે આજ પણ ધાર્મિક અને ઐતિહાસિક ક્ષેત્રોમાં કેટલું બધું ઉપયોગી તેમજ પ્રમાણિક છે તે અન્ય તટસ્થ વિદ્વાનોના અભિપ્રાય સાથે જનસમૂહ સમક્ષ સુરક્ષિત રૂપથી મુકવું

આ કાર્યમાં દ્રવ્યની અત્યંત અપેક્ષા રહેલી છે. માટે સંપ્રદાય અને શ્રીઆચાર્યચરણમાં મમતા રાખવાવાળા સદ્‌ગૃહસ્થો, શ્રીમદ્-આચાર્યચરણના જીવનચરિત્રરૂપ આ ગદ્યપદ્યાત્મક ભાષાસાહિત્યની નિષ્કલંકતા પ્રકટ કરી, બાહ્યાભ્યંતર પ્રહારકોનો સંયુક્ત સામનો કરવા કટિબદ્ધ થાવ; અને યથાશક્તિ તનુજા વિત્તજા સેવા ઉઠાવો એ નમ્ર પ્રાર્થના કરી હું અહિં વિરમું છું.

વાર્તામાં ત્રણ જન્મ કહ્યા છે તે આ પ્રમાણે સમજવા:—

ત્રણ જન્મની સમજ. શરણે આવ્યા પહેલાંની જે સ્થિતિ તે એક જન્મ. દષ્ટાંતરૂપે ગાયત્રી પ્રાપ્ત કર્યા વિનાનો સંસ્કારરહિત એક બ્રાહ્મણનો બાલક. આ જન્મ ભૌતિક જન્મ તરીકે ઓળખાય છે—

શરણે આવ્યા પછીની જે સ્થિતિ તે બીજો જન્મ. અને તે આધ્યાત્મિક જન્મ તરીકે ઓળખાય છે. કારણ કે તેમાં ભાવનાનું સ્વરૂપ (વૈષ્ણવત્વ) બિરાજે છે. દષ્ટાંતરૂપે ગાયત્રીમંત્રને પ્રાપ્ત થયેલો બ્રાહ્મણ, તેમાં બ્રહ્મત્વપણાની સ્થિતિ રહે છે. ત્રીજો જન્મ મૂલભૂત જે આત્મારૂપ છે અને તેજ ભાવરૂપ હોવાથી તે આધિદૈવિકરૂપ છે. આ પ્રકારે ત્રણ સ્વરૂપ શ્રીહરિરાયજીએ કહેલાં છે. તે સમજવા પુરતુંજ અમે વાર્તામાં કેટલીક જગે તે સ્પષ્ટરૂપે આપ્યું છે.

આ આધિદૈવિક ભાવરૂપ આત્માની સત્તાને અનુસારજ આધ્યાત્મિક અને આધિભૌતિકમાં ક્રિયાઓ આદિની સ્થિતિ રહેલી છે. (વિશેષ જુઓ વાર્તા–રહસ્ય પાન ૭.) “ સમ્પાદક ”

॥ શ્રીહરિઃ ॥

—ઃઉપકાર-સ્મરણઃ—

કૃપાપીયૂષપારાવાર શ્રીમદ્ ગોસ્વામી શ્રી ૧૦૮ તૃતીય પીઠાધીશ્વર **શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ** અને આપશ્રીના અનુજ ગોસ્વામી શ્રી ૧૦૮ **શ્રીવિઠ્ઠલનાથજી મહારાજશ્રીનો** ઉપકાર, આ વાર્તા-સાહિત્યના નૂતન ઐતિહાસિક પ્રકાશન કાર્યથી, સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિમાં અને ઇતિહાસજ્ઞોમાં સદાય અવિસ્મરણીય રૂપે રહેશે જ.

આપશ્રીની હાર્દિક કૃપા અને સર્વ પ્રકારની સહાયતાથી જ આ કાર્ય સફલ થયું છે અને આગલ ઉપર પણ થશે જ, એ કહ્યા વિના રહી શકાતું નથી.

સમગ્ર સાહિત્ય ક્ષેત્રમાં, આપશ્રીની જ કૃપાથી સિદ્ધ થયેલ આ વાર્તાસાહિત્યના નૂતન ઐતિહાસિક પ્રકાશન કાર્યદ્વારા ઇતિહાસજ્ઞો, સાંપ્રદાયિક વિદ્વાનો અને ભાવુકોમાં પણ પુષ્ટિ સંપ્રદાયના ભાષા-સાહિત્ય પ્રત્યે પુનઃ શ્રદ્ધા નવપલ્લવિત થઈ છે, તે, આ પુસ્તકોમાં આવેલા અભિપ્રાયોથી સર્વ કોઈ જાણી શકે છે.

આપ શ્રીમાન શ્રીસુબોધિનીજી આદિ સંસ્કૃત સાહિત્યના પ્રખર જ્ઞાતા હોવા ઉપરાંત સાંપ્રદાયિક ભાષાસાહિત્ય તરફ પણ આપશ્રીને પૂર્ણ પ્રેમ છે. આપશ્રીનું તો એટલે સુધી મન્તવ્ય છે કે આજકાલ ભાષાસાહિત્યથી જ સંપ્રદાયનો પ્રચાર સારી રીતે થઈ શકે છે, કેવલ સંસ્કૃત સાહિત્યથી નહિ જ.

આપશ્રીને કીર્તન ઉપર તો એટલી બધી પ્રીતિ છે કે આપશ્રી સ્વયં પ્રાચીન પુસ્તકોના આધારે કીર્તનોનું યથાર્થ સંશોધન કરે છે. (જે હવે પછી પુસ્તકાકાર રૂપે બહાર પાડવામાં આવશે) આપશ્રી અન્યની માફક પ્રસિદ્ધિના ઉપાસક નથી. આપશ્રી પ્રાચીન સેવા-

પ્રણાલી અને સંપ્રદાયની પ્રાચીન પરિપાટીના સંરક્ષક છે. તેમજ આપશ્રીની બુદ્ધિ એટલી તીવ્ર છે કે દ્વિવિધ સાહિત્યમાં રહેલા વિરોધાભાસનો, સંપ્રદાયના સિદ્ધાન્તો અને વાર્તાના દૃષ્ટાંતો દ્વારા સહેજે પરિહાર કરી બન્ને પ્રકારના સાહિત્યના આશયને શુદ્ધ રૂપમાં સમજાવે છે. આપશ્રી ઇતિહાસના પ્રખર જ્ઞાતા હોવાથી અનેક યુક્તિઓ દ્વારા વાર્તા,કીર્તનો, પરંપરા પ્રાપ્ત પ્રણાલી, અને રીતભાત આદિની એકવાક્યતા કરી સંપ્રદાયના ભાષાસાહિત્યની ઐતિહાસિકતા બહુજ સુંદર પ્રકારે સિદ્ધ કરી આપે છે.

આપશ્રી તો એવું આશ્ચર્ય પ્રકટ કરે છે કે વાર્તાઓમાં સ્પષ્ટ રૂપે રહેલો ઇતિહાસ અને સિદ્ધાન્ત પણ વિરોધકર્તાઓને કેમ દેખાતો નથી? વાર્તામાં એવા અનેક પ્રસંગોનો ઉલ્લેખ છે કે જેનું ઐતિહાસિક અસ્તિત્વ આજ પણ વિદ્યમાન છે; દૃષ્ટાંત રૂપે:—બેઠકો, કીર્તનો, વસ્તુઓ, વંશજો, પ્રચલિત ગાથાઓ, રીતભાત, હક્ક, જાગીરો, અને 'પંચમહાલ' આદિ નામોની ઓધાણી. વાર્તાની સત્યતામાં આટલા બધા સર્વમાન્ય પુરાવાઓનું આજ પણ અસ્તિત્વ હોવા છતાં વાર્તા ઉપર આક્ષેપ કરનારાઓને વાર્તામાં અશ્રદ્ધા ઉત્પન્ન થાય છે તે ખરેખર આશ્ચ-ર્યજનક છે. તેથી તેઓની બુદ્ધિ કેવા પ્રકારની હશે? તે સમજાતું નથીજ.

આપશ્રીએ આ કાર્યમાં દ્રવ્યાદિ અનેક પ્રકારની ગુપ્ત સહાયતાથી જે આગલ પડતો ભાગ લઈ ભાષાસાહિત્યને ઉત્તેજન આપ્યું છે તે માટે હું સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિ તરફથી આપનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માનું છું.

આપશ્રી તરફથી અનેક વખતે આ કાર્યના અંગે કાંકરોલીથી અમદાવાદ આદિ સ્થળોએ જવામાં રેલ્વેભાડા આદિનું ખર્ચ પોતાના પ્રાઇવેટ ખર્ચમાંથી આપી આ કાર્યમાં પોતાનો અદ્વિતીય ઉત્સાહ છે, એમ સિદ્ધ કરી બતાવ્યું છે. તે માટે સર્વ ભાષાસાહિત્યના પ્રેમીયો આપશ્રીના પૂર્ણ રૂણી છે. અસ્તુ.

કાંકરોલી વિદ્યાવિભાગાધ્યક્ષ અને ઉપાધ્યક્ષનો ઉપકાર સ્મરણ કર્યા બાદ આ કાર્યને નવચેતન અર્પનાર, ભાષાસાહિત્યના પૂર્ણપ્રેમી

અને પક્ષપાતી મારા પરમમિત્ર કાંકરોલી વિદ્યાવિભાગના સંચાલક શ્રીયુત **કણ્ઠમણિજીનો** ઉપકાર તો અગ્રસ્થાને જ રહેશે.

જો સાચું કહીએ તો મારા આ વાર્તા–સાહિત્ય પ્રકાશનના વિચાર ને સમ્પૂર્ણ ટેકો આપી તેઓએ જ આ કાર્યને નવચેતન આપ્યું છે. તેમાં જરાય શંકા નથી. વિદ્યાવિભાગાન્તર્ગત સરસ્વતી ભંડારમાં સંગ્રહિત હસ્તલિખિત ૬૦૦૦ ઉપરાંત પ્રાચીન પુસ્તકોના અવલોકનનો સુઅવસર તેઓએ શ્રીમાનોની આજ્ઞાથી મને આપ્યો. તેમજ વિદ્યાવિભાગના નામથી દ્રવ્ય પ્રાપ્તિ અર્થે રસીદબુક પણ આપી.આથી આ કાર્ય ત્વરીત અને સુગમ થયું. તદુપરાંત તેઓએ સંશોધન આદિ અનેક પ્રકારથી મને આ કાર્યમાં નિઃસ્વાર્થ રૂપે મદદ કરી. જો કે એમનું સ્વાસ્થ્ય બીલકુલ અસ્વસ્થ હતું તેમજ વિદ્યાવિભાગના કાર્યનો બોજો પણ તેમના માથે અત્યંત હતો છતાં પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી આ કામમાં જે પૂર્ણ ઉત્સાહ દેખાડ્યો છે તેને માટે હું તેમનો ઉપકાર કદી ભુલી શકું તેમ નથી. અસ્તુ.

પુરોહિત પંડિતપ્રવર શ્રીયુત શાસ્ત્રીજી **લક્ષ્મીનારાયણજી** (સરસ્વતી ભંડારના વ્યવસ્થાપક)નો ઉપકાર, હું તેમજ સંસ્કૃત સાહિત્યના શોખીનો કદી ભૂલશે નહિજ. તેઓએ શ્રીનાથદેવ કૃત સંસ્કૃત વાર્તામાલાને શુદ્ધ કરવામાં બહુજ પરિશ્રમ લીધો છે. પ્રસ્તુત (ઉપસ્થિત) સંસ્કૃત વાર્તામાલાની એકજ પ્રતિ અમને પ્રાપ્ત હોવાથી અને તે પણ અશુદ્ધ હોવાથી તેના સંશોધનનું કાર્ય અત્યંત મુશ્કેલ હતું. તે નિર્વિવાદ જ છે. તે કાર્ય પંડિતજીએ અનેક પ્રતિકૂળ સંયોગોમાં પણ પૂર્ણ કર્યું અને સંસ્કૃત સાહિત્યના શોખીનોના હાથમાં પ્રસ્તુત વાર્તામાળા સુંદરતાથી પરિપૂર્ણ બનાવી અર્પી તે બદલ તેમનો ઉપકાર અવિસ્મરણીય જ છે.

શ્રીયુત્ શાસ્ત્રીજી **વસંતરામજીનો** ઉપકાર જેટલા મનાય તેટલો ઓછો જ છે. કારણ કે આ કાર્યમાં તેમણે જેટલો ફાળો નિઃસ્વાર્થ રૂપે આપ્યો છે, તેટલો અન્ય કોઇએ નથી આપ્યો. શ્રીયુત્ શાસ્ત્રીજીએ

શારીરિક અસ્વસ્થ્ય હાલતમાં પણ સ્વયં પગે ચાલી પ્રેસ અને કાગળ વિગેરેની સરળતા પ્રાપ્ત કરાવી આપી, તેમજ પ્રેસ કોપીને શુદ્ધ કરી, પ્રુફ સંશોધન કરી, પોતાની ભાષાસાહિત્ય તરફની તીવ્ર લાગણી દેખાડી આપી. તેમની આ અસાધારણ પ્રવૃત્તિ અને મહેનત જોઈને હું ખરેખર ચકિતજ થયો. તેમણે અનેક પ્રકારે સલાહ આદિથી તેમજ શુદ્ધાદ્વૈતમાં વિનામૂલ્ય આ સંબંધી જાહેરખબરો અને લેખો આદિને સ્થાન આપી આ કાર્યના પ્રચારમાં પણ સારો ભાગ આપ્યો છે. યદિ ઉપરોક્ત શાસ્ત્રીજીનું અન્ય વિદ્વાનો અનુકરણ કરે તો આજ પુષ્ટિમાર્ગનું ભાષાસાહિત્ય પુનઃ જનસમૂહમાં ગૌરવાંકિત થાય તે નિઃસંદેહ છે. શાસ્ત્રીજીના શ્રમનો અને ભાષાસાહિગ્ય ઉપરના પ્રેમનો બદલો અમે જરા પણ આપી શકીએ તેમ નથી જ. તેથી અમે અહીં કેવલ તેમના ઉપકારનું સ્મરણ કરીને જ સંતોષ માનીશું.

શ્રીયુત **રમાનાથજી,** શ્રીયુત મુખીયાજી **ગોકુલદાસજી વિદ્યાસુધાકર** શ્રીયુત શાસ્ત્રીજી **ચિમનલાલજી** અને શ્રીયુત **પુરૂષોત્તમ શાસ્ત્રીનો** પણ ઉપકાર માનવો અસ્થાને નહિ જ ગણાય. ઉપરોક્ત મહાશયોએ અમને આ કાર્યમાં સલાહ સંશોધન અને અભિપ્રાયાદિ દ્વારા ઘણી મદદ કરી છે. તદર્થ તેમનો ઉપકાર માનવો પણ આવશ્યક જ છે.

આ ઉપરાંત વાર્તાપ્રેમી **શ્રીગોવિંદલાલજી** બાવાસાહબ (સુરત) તથા **શ્રીદ્વારકેશલાલજી** વિગેરે અભિપ્રાયદાતાઓનો ઉપકાર માનું છું. સદ્ગત થયેલા વાર્તાપ્રેમીઓનું સ્મરણ કરવું પણ અત્રે આવશ્યક હોવાથી તેમના નામનો પણ હું અહીં ઉલ્લેખ કરૂં છું. શ્રીતિલકાયત **શ્રી ગોવર્ધનલાલજી,** ચિ. **દામોદરલાલજી** તેમજ શ્રીનાથદ્વારા નિવાસી પ. સ. ભ. **શ્રીગોવિંદદાસ બાવા** અને પ. ભ. **જદુનાથદાસ** જેમની કૃપા દ્વારા મને વાર્તામાં પ્રેમ થયો અને યત્કિંચિત તેના રહસ્યનું દર્શન થયું તેમજ ૧૭૫૨માં લખાયલું હસ્તલિખિત શ્રીહરિરાયજીના

ભાવપ્રકાશ વાળું પુસ્તક પ્રાપ્ત થયું છે તેથી તેમનો ઉપકાર માનવો અતિ આવશ્યક છે.

શ્રીયુત મગનલાલ શાસ્ત્રી, શ્રીયુત **કલ્યાણજી** શાસ્ત્રી એવં શ્રીયુત **તેલીવાળાનું** સ્મરણ પણ અસ્થાને નહિ જ ગણાય.

આ કાર્યમાં અર્થપ્રદાન કરવાવાળા સદ્‌ગૃહસ્થોનો ઉપકાર માની તેમના નામોનો ઉલ્લેખ કરીએ છીએ:—

૧૦૦) શેઠ ચીમનલાલ મોતીલાલ પાટણ.
૧૦૧) શેઠ કાળીદાસ દ્વારકાદાસ ભરતીયા સુરત.
૧૦૧) બાઈ નર્મદા તે શેઠ ચીમનલાલ ખેમચંદની વિધવા; તેના ટ્રષ્ટીઓ શેઠ રણછોડદાસ કૃષ્ણારામ તથા શેઠ ડોસાભાઈ વિઠ્ઠલદાસ વડનગર.
૬૦) શેઠ બલદેવદાસ હરિવલ્લભદાસ સિદ્ધપુર.
૫૧) શેઠ વાડીલાલ દલસુખરામ વડનગર.
૫૧) શેઠ ગોવિંદલલા ચુનીલાલ અમદાવાદ.
૧૦) મોતીલાલ લલ્લુભાઈ વિસનગર.
૧૦) ચુનીલાલ ભાઇચંદ વિસનગર.
૨) જેકીશનદાસ વિઠ્ઠલદાસ બોરડી.
૨૫) નાગોરી મોતીબેન અમદાવાદ
૨૫) શેઠ મણીલાલ લલ્લુભાઈ મણીયાર વિસનગર.
૨૫) શાસ્ત્રી પુરૂષોત્તમ પિતાંબરજી વિસનગર.
૨૫) ડોસાભાઈ વિસનગર.
૧૫) નર્મદાબાઈ તે નાનચંદ લીલાચંદની વિધવા હા. અમૃતલાલ. વિસનગર
૫) મંગલદાસ ખીમચંદ માતર.
૫) રણછોડદાસ લક્ષ્મીદાસ શ્રીગોકુલ.
૫) વિઠ્ઠલદાસ મોતીચંદ માંગરોલ.
૫) દલસુખભાઈ મોતીલાલ ડભોઈ.
૨) વલ્લભદાસ નરોતમદાસ પેટલાદ.
૧) જમનાદાસ મણીલાલ ભગતવાળા ડભોઈ.

આ ઉપરાંત હાલોલ અને ડભોઈ વિગેરે સ્થળોના ગ્રાહકોનો પણ ઉપકાર માની હું અહીં વિરમીશ.

ત. ક. આ કાર્યમાં દ્રવ્યની મદદ કરાવનારાઓનાં શુભ નામોઃ- શ્રીયુત અધિકારીજી **લજ્જાશંકરજી**, મથુરા. શ્રીયુત **શેઠ ડાસાભાઈ વિઠ્ઠલદાસ**, વડનગર. પ. ભ. **ભાઈ ચંદુલાલ વિઠ્ઠલદાસ**, પાટણ. પ. ભ. **ભાઈ જયન્તીલાલ મગનલાલ**, અમદાવાદ. અને શ્રીયુત **તંત્રી " અથનુહ "** અમદાવાદ.

આ ઉપરાંત સ્મૃતિભ્રમથી રહી જતા અન્ય ગૃહસ્થોનો પણ અંતઃકરણ પૂર્વક ઉપકાર માનું છું.

છેવટની એક વાત રહી જાય છે તે એ કે **વાર્તા-સાહિત્ય પ્રતિ ગંદા આક્ષેપ અને તિરસ્કાર કરનારા ઈશ્વિર કોટીમાં ગણાતા બૌદ્ધાવતારો અને જીવ કોટીના ચિદ્રુપાદિનો પણ ઉપકાર અત્રે માનવોજ રહ્યો.** કેમકે તેમના આક્ષેપોથી પ્રેરાઈ આ કાર્ય જલ્દી પ્રારંભાયું.

" સંપાદક "

प्राचीन वार्ता-रहस्य का शुद्धिपत्रक.

कृपया नीचे लिखे शब्दों को सुधार कर पढ़िये

अशुद्ध	शुद्ध	पत्र	पंक्ति	
द्वादशो वै	द्वादशाङ्गोह वै	५	२३	
શ્રીમહાજી	શ્રીમહાપ્રભુજી	૧૨	૧૫	
कीए	किये	१५		यहाँ और आगे के पत्रों में भी
दीए	दिये	,,		यहाँ और आगे के पत्रों में भी
लीये	लिये	,,		यहाँ और आगे के पत्रों में भी
हे	है	,,		यहाँ और आगे के पत्रों में भी
हे	हैं	,,		यहाँ और आगे के पत्रों में भी
चोरासि	चोरासी	,,		यहाँ और आगे के पत्रों में भी
दूरावनो	दुरावनो	,,	२१	
दैवि	दैवी	१६		यहाँ और अन्यत्र भी
जानीयो	जानियो	,,		यहाँ और अन्यत्र भी
राजसि	राजसी	,,		यहाँ और अन्यत्र भी
तामसि	तामसी	,,		यहाँ और अन्यत्र भी
तिनों	तीनों	१७	१	
शेठ	सेठ	२८	६	अन्यत्र भी
लेईगो	लेइगो	,,	१२	
काढी	काढि	,,	१४	
ऊठी	उठि	,,	१९	
तीन्यों	तीनों	२९	५	
तिन्यों	,,	,,	७	
ईनकों	इनकों	,,	८	
भाईन	भाईननें	,,	११	
'હરિશરણી'	'હરષરાની'	૩૦	૬	

अशुद्ध	शुद्ध	पत्र	पंक्ति	
૭૪	૭૬	,,	૨૨	
જમૂહ	સમૂહ	૩૧	૧૧	
में	मैं	,,	१९	
कीयो	कियो	३७	१७	अन्यत्रभी
સર્વ પ્રથમ બ્રહ્મ-સંબંધ કરાવવાનું	સર્વ પ્રથમ બ્રહ્મસંબંધ કરાવ્યું અન્યથા બ્રહ્મ-સંબંધ કરાવવાનું	૪૩	૧૮	
महाप्रमू	महाप्रभु	४५	८	अन्यत्रभी
करी	करि	४६	५	
चुकि	चुकी	,,	१२	
बहुरी	बहुरि	४९	१	अन्यत्रभी
वीनती	विनती	,,	१६	
लिजियो	लीजियो	५४	२	
शके	सके	५५	१०	
लेहू	लेहु	५६	१	
तिसरे	तीसरे	५८	१	अन्यत्रभी
सहायता सु	सहायतासूं	६०	१९	
लगी	लगि	६२	१०	
भगवद्लीला	भगवल्लीला	,,	१३	
निचे	नीचे	६३	५	
थांभि	थांभी	६९	११	
मूढे	मूढैः	७०	३	
पांच दिन	पांच दिन भये	७२	३	
कहि	कही	७२	९	
कीया	कीयो	६८	२३	

अशुद्ध	शुद्ध	पत्र	पंक्ति	
૧૪૭૬	૧૫૭૬	૯૦	૨૩	
जब	अब	९३	१७	
તુલસીકૃત	०	૯૮	૨૩	
सहचरि	सहचर	१००	१४	
समांतिष्ठ	समातिष्ठ	१०१	२५	
लोंडि	लोंडो	११४	१	
स्त्रि	स्त्री	१२४	१३	
महोडो	म्होडो	१२४	१६	
सगरी	सिगरी	१२५	१६	अन्यत्रभी
दासकुं	दासकूं	१२६	७	
लाकिक	लौकिक	१२८	१६	
ગાદ્ય	વાદ્ય	૧૪૩	૧૨	
लब्धो प्रचारकैः	लब्धोपचारकैः	१४३	२१	
स	सर्वं	१४६	६	
लुटि	लूटि	१४८	९	
रीन	रिन	१५१	१९	
રાખવો	સરખાવો	૧૫૫	૧૪	
सखि	सखी	१७१	२१	अन्यत्रभी
पांच	पांव	१८५	१७	
आधिदैनीक	आधिदैविक	१९०	४	
ના૬૨૭	ના૨૬૭	૨૦૩	૧૭	
प्रेमरुपा	प्रेमरूपा	२०३	१९	
वेद कह्यो विधि निषेध को	वेद कह्यो श्रीहरि मुख निरखत विधि निषेध को	२०३	२४	

अशुद्ध	शुद्ध	पत्र	पंक्ति
नैरोक्ष्यं	नैरपेक्ष्यं	२०५	२३
सर्वमावो	सर्वभावो	,,	२३
નિરક્ષેપ	નિરપેક્ષ	२०४	२
कर्मीभ्यां	कर्माभ्यां	२०६	१३
आचार्य	आचार्यैं	२०७	१८
अरोगते	अरोगतेथे	,,	नोट में
कीसी	किसी	,,	नोट में
हानी नहिं होती	हानि नह આત	,,	नोट में

संस्कृत वार्ता मणिमाला

अशुद्ध	शुद्ध	पत्र	पंक्ति
प्रतिबोधितः	प्रतिरोधितः	७	२०
प्रकाशयत्य	प्रकाशयत्ययं	१३	३
कुष्णदास	कृष्णदास	१४	२
प्रसादितुम्	प्रसादितम्	१६	५
दामोद्रण	दामोद्रेण	२१	३
द्लानि	दलानि	,,	६
मूष्पापि	मूष्मापि	२२	१३
प्रसदान्नं	प्रसादान्नं	२५	२
(भडली)	भंडिलः भड्डुलिः (भाषा)	२७	१३
अथकैदो	अथैकदो	२८	१५
श्रत्वेति	श्रुत्वेति	२९	१३
रत्य	रेत्य	३१	३

अशुद्ध	शुद्ध	पत्र	पंक्ति
तद्र्यापार	तद्व्यापार	३३	२
हार्दै	हार्दं	,,	१७
श्रतवान्	श्रुतवान्	३४	१८
कान्यकब्ज	कान्यकुब्ज	३५	६
पसे	परो	३५	१७
प्रस्यहं	प्रत्यहं	३६	१०
वसासो	व्यासो	३७	१९
रोगं निवृत्तम चिरादिति	गमिष्यत्यचिरा द्रोगइति	४४	१२
मद्भ्यहम्	मदुग्रहम्	४६	१२

શ્રીદ્વા. ગ્રન્થમાલાના ૧૩ મા પુષ્પ તરીકે

प्राचीन वार्ता-रहस्य

શ્રી ગિરધર ગોપાલના સ્મરણાર્થે

પ્રત. ૧૦૦૦

વૈષ્ણવોને વિનામૂલ્ય
અર્પણ કરી છે.

દ્વારકાદાસ

શ્રીદ્વારકેશો જયતિ

પ્રસ્તાવના

" વાર્તા-સાહિત્ય "

(ભૌતિક દૃષ્ટિથી)

પુષ્ટિસંપ્રદાયમાં દ્વિવિધ સાહિત્ય ઉપલબ્ધ થાય છે. એક પ્રમાણાત્મક અને બીજું પ્રમેયાત્મક. અથવા બીજી રીતે કહીએ તો એક શબ્દપ્રમાણવાળું સિદ્ધાન્તાત્મક અને બીજું આપ્ત પ્રમાણવાળું ફલાત્મક સાહિત્ય.

પુષ્ટિમાર્ગનું દ્વિવિધ સાહિત્ય

શબ્દપ્રમાણાત્મક સાહિત્યમાં સિદ્ધાન્ત અને તેને પ્રાપ્ત કરવાના વિધિ નિષેધ આદિ કર્તવ્યનો સમાવેશ રહેલો છે, જ્યારે આપ્તપ્રમાણાત્મક સાહિત્યમાં લોકવેદાતીત શ્રીકૃષ્ણ અને તેના અલૌકીક આસ્વાદરૂપ સુધા સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ યથાર્થ રૂપે કહેલો છે. બીજા પ્રકારે કહીએ તો શબ્દપ્રમાણનું પ્રત્યક્ષ ફલ તે આપ્તપ્રમાણવાળા સાહિત્યમાં નિરૂપેલું છે.

શબ્દના અર્થથી અહીં વેદજ મુખ્ય પ્રમાણ રૂપે કહેલો છે. **અને તે વેદ પ્રતિપાદ્ય સિદ્ધાન્ત જ પુષ્ટિમાર્ગમાં પ્રમાણ સ્વરૂપે હોઇ** તે સાહિત્યને શબ્દપ્રમાણાત્મક કહ્યું છે. તેવાજ રીતે આપ્તના અર્થથી અહીં લોકવેદાતીત શ્રીકૃષ્ણના તાદૃશ ભક્તો જાણવા. અને તેવા આપ્તપુરૂષોએ જે પ્રકારે અને જેવા સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ કરી જેમાં તેનું વર્ણન કર્યું છે, તે બધાં વાક્યો અને ગ્રન્થો પ્રમાણરૂપ છે. માટે તેવા સાહિત્યને આપ્તપ્રમાણાત્મક કહ્યું છે.

બીજા પ્રકારે આપ્તપુરૂષોમાં પ્રમેયરૂપ શ્રીકૃષ્ણ નિરંતર સ્થિત હોવાથી તેમનાં વાક્યો અને ગ્રન્થોને પ્રમેયાત્મક કહેલા છે. આ રીતે પ્રમાણાત્મક અને પ્રમેયાત્મક અથવા શબ્દપ્રમાણવાળું અને આપ્ત-પ્રમાણવાળું એમ બે પ્રકારનું સાહિત્ય પુષ્ટિમાર્ગમાં ઉપલબ્ધ થાય છે.

શબ્દપ્રમાણાત્મક સાહિત્ય સિદ્ધાન્તરૂપ છે અને આપ્તપ્રમા-

ણાત્મક સાહિત્ય તે સિદ્ધાન્તના દૃષ્ટાન્તરૂપ હોઇ ફલરૂપ છે. આ પ્રકારે તે બન્ને સાહિત્યનો પરસ્પર સંબંધ છે.

જેમ પુષ્ટિમાર્ગમાં પ્રમાણરૂપે શ્રીકૃષ્ણ છે તેમ પ્રમેયરૂપે પણ શ્રીકૃષ્ણજ રહેલા છે. તો પણ પ્રમાણરૂપ શ્રીકૃષ્ણ સાધનાત્મક હોઈ અનુકરણીય છે, જ્યારે પ્રમેયરૂપ શ્રીકૃષ્ણ ફલાત્મક હોઈ કેવલ સ્મરણીયજ છે. અર્થાત્ આપ્તજન કથિત પ્રમેયાત્મક સાહિત્યમાં શ્રીકૃષ્ણે, સ્વભક્તોને સ્વયં અનુગ્રહરૂપ થઈ ફલરૂપ સ્વાનંદનું જે દાન કરેલું જોવામાં આવે છે, તેનું અહર્નિશ સ્મરણ (ચિંતવન) કરી સાધનદશાવાળા ભક્તો, શબ્દપ્રમાણાત્મક ગ્રન્થોમાં રહેલા સિદ્ધાન્ત રૂપ શ્રીકૃષ્ણના પ્રમાણ સ્વરૂપને લક્ષ્યમાં સાધી, તેમાં કહેલા કર્તવ્યાકર્તવ્યનું નિઃસાધનતાની ભાવનાથી અનુકરણ કરે, તોજ કીટભ્રમર ન્યાયે પુષ્ટિમાર્ગ ફલીત થાય છે. યદિ કોઇ અનધિકાર ચેષ્ટાથી સ્મરણ કરવા યોગ્ય પ્રમેયાત્મક સ્વરૂપને કૃતીથી અનુસરે તો તેને ભગવત્પ્રાપ્તિ રૂપી ફલમાં અનેક પ્રતિબંધ પ્રાપ્ત થાય છે તે ખાસ લક્ષ્યમાં રાખવાની વાત છે.

જ્યારથી શ્રીઆચાર્યચરણે આપ્તવાકયના સમૂહરૂપ શ્રીમદ્ભાગવતની સમાધિભાષાને પ્રસ્થાન ચતુષ્ટય રૂપે સ્થાપી ત્યારથી પ્રમેય માર્ગ (પુષ્ટિમાર્ગ)નું પુનઃ પ્રાકટય આ પૃથ્વીમાં થયું. વળી શ્રીઆચાર્યચરણે સમાધિભાષાને કેવલ પ્રસ્થાન ચતુષ્ટયમાં સ્થાન આપીનેજ સંતોષ નથી માન્યો કિંતુ **પ્રસ્થાન ત્રયીના સંદેહના નિવારકરૂપે તેને કહી તેની સર્વોત્કૃષ્ટતા સહજ સિદ્ધ કરી છે.***

પ્રમેયમાર્ગનું પુનઃ પ્રાકટય અને તેની વિશિષ્ટતા

આપ્તવાકય ના સમૂહરૂપ શ્રીમદ્ભાગવત, એક ભક્ત (નારદજી) ના વચનને આધિન થઈને જ્ઞાનાવતાર વ્યાસજીને અનુભવમાં આવેલ પ્રમેયરૂપ શ્રીકૃષ્ણ હોઇ, શબ્દાત્મક વેદનું તે ફલ છે. અને તેથીજ

*वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥
उत्तरं पूर्वसन्देहवारकं परिकीर्तितम् । (શ્રીઆચાર્યચરણ)

શબ્દપ્રમાણ કરતાં પણ આપ્તપ્રમાણ શ્રેષ્ઠ છે તે નિર્વિવાદ સિદ્ધ થાય છે. આ આપ્તવાક્યોરૂપ પ્રમેયાત્મક શ્રીકૃષ્ણમાં શબ્દબ્રહ્મની પરતંત્રરૂપે સ્થિતિ સહજ હોવાથી તે દ્વિગુણીત પ્રમાણભૂત છે. બીજી રીતે તે પ્રમેયરૂપ શ્રીકૃષ્ણની આપ્તપુરૂષોમાં નિરંતર સ્થિતિ હોવાથી તેમનાં વાક્યો શબ્દપ્રમાણથી વિશેષ બળવત્તર હોયજ. તેમાં આશ્ચર્ય શું ?

પ્રમેયાત્મક સાહિત્યના બે ભેદ.

આ પ્રકારના પ્રમેયાત્મક સાહિત્યમાં પણ બે ભેદ છે. એક પુષ્ટિનું પ્રમાણભૂત પ્રમેયરૂપ સાહિત્ય અને બીજું કેવલ ભાવાત્મક સાહિત્ય. પ્રમાણભૂત પ્રમેયાત્મક સાહિત્યમાં, સેવનીય શ્રીયશોદોત્સંગ+ અને સ્મરણીય ગોપીકાવલ્લભ (શ્રીનાથજી), ઉભય સ્વરૂપ વિષયક સાહિત્યનો સમાવેશ રહેલો છે. અને બીજા કેવલ ભાવાત્મક સાહિત્યમાં ભાવ સ્વરૂપ શ્રીઆચાર્યચરણ વિષયકજ સાહિત્યનો સમાવેશ થયેલો છે. ભાવદ્વારા જ સેવનીય યશોદોત્સંગ અને સ્મરણીય ગોપિકાવલ્લભનો આનંદ પ્રાપ્ત થઈ શકતો હોવાથી આ ભાવાત્મક સાહિત્ય પણ ભક્ત અને ભગવાનના પરમાનંદમાં શ્રીઆચાર્યચરણની માફક મધ્યસ્થરૂપ છે.

આ ભાવને શ્રીહારરાયજીએ કૃષ્ણાસ્ય તરીકે કહેલો છે તેજ સર્વાત્મભાવરૂપ, નિરોધરૂપ, સ્વતંત્ર ભક્તિરૂપ અથવા તો પુષ્ટિ-ભક્તિરૂપ જે કહો તે શ્રીઆચાર્યચરણ જ છે. એટલે શ્રીઆચાર્યચરણનું સ્વરૂપ પરમભાવરૂપ છે. જેથી આપ્તજનોદ્વારા કહેલું શ્રીઆચાર્યચરણનું સ્વરૂપ પ્રમેયનું પણ પ્રમેય અને ફલનું પણ ફલ છે. તે ભાવાત્મક શ્રીઆચાર્યચરણ વિષયક સાહિત્ય સંસ્કૃત અને ભાષા બન્નેમાં પ્રાપ્ત થાય છે. અને તે સાહિત્ય શબ્દપ્રમાણાત્મક અને આપ્તપ્રમાણાત્મક સાહિત્યની એકવાક્યતાના મધ્યસ્થ રૂપ છે. જે પુરૂષે શ્રીઆચાર્યચરણ વિષયક

+जानित परमंतत्त्वं यशोदोत्संगलालितम् ।
तदन्यदिति ये प्राहुरासुरांस्तानहो बुधाः ॥ (શ્રીગુસાંઈજી)

×सदा सर्वात्मना सेव्यो भगवान गोकुलेश्वर ।
स्मर्तव्यो गोपिकावृन्दे क्रीडन् वृन्दावनेस्थितः ॥ (શ્રીગુસાંઈજી)

ભાવાત્મક સાહિત્યનો અનુભવ કર્યો છે તેને કોઇપિણ પ્રકારનો વિરોધ શબ્દપ્રમાણાત્મક અને આપ્તપ્રમાણાત્મક સાહિત્યમાં દેખાતો નથીજ. એટલે શ્રીઆચાર્યચરણ વિષયક સાહિત્યની એકવાક્યતા અને મહત્તા, પુષ્ટિમાર્ગના સાહિત્યક્ષેત્રમાં પૂર્ણપણે રહેલી છે. તે વાત તેના અનુભવીથી તો જરાય અજાણી નથીજ.

શ્રીઆચાર્યચરણનું ભાવાત્મક સ્વરૂપ અને તદ્વિષયક સાહિત્ય કેવી રીતે પ્રકટ થયું ?

શ્રીઆચાર્યચરણે સ્વયં, પોતાનું સ્વરૂપ મુખાર્વિન્દના અધિષ્ઠાતા રૂપ વૈશ્વાનર અને વાણીના પતી તરીકેનું સ્વમુખથી વર્ણવ્યું છે. (જેમ શ્રીકૃષ્ણે ગીતા આદિ અનેક સ્થળે પોતાનું સ્વરૂપ પોતે કહેલું છે તેમ) અને પોતાનું આંતરિક ભાવાત્મક હાર્દરૂપ સ્વરૂપ અવ્યક્ત રૂપે શ્રીસુબોધિનીજીમાં પણ સ્થાપ્યું છે. અને તે પોતાના નિગૂઢ સ્વરૂપનો પ્રકટ અનુભવ પોતાના સેવકોને આપે કરાવ્યો છે. તે સેવકોમાં મુખ્ય દમલા, પ્રભુદાસ અને પદ્મ-નાભદાસ છે. દમલાદ્વારા શ્રીઆચાર્યચરણેજ પોતાના સ્વરૂપનો અનુભવ શ્રીગુસાંઇજીને કરાવ્યો. એટલે પછી શ્રીગુસાંઇજીએ સંસ્કૃતમાં શ્રીઆચાર્યચરણના નામ, રૂપ, અને ગુણને (ક્રમશઃ સર્વોત્તમ, વલ્લભાષ્ટક અને સ્ફૂરત્કૃષ્ણપ્રેમામૃત રૂપે) પ્રકટ કરી શ્રીઆચાર્યચરણના ભજ-નનો માર્ગ ખુલ્લો કર્યો. પદ્મનાભદાસે સ્વાનુભવ પદ્યરૂપે ભાષામાં વર્ણવ્યો. આ રીતે શ્રીઆચાર્યજીનું પરમ ફલાત્મક ભાવસ્વરૂપ પુષ્ટિ-સૃષ્ટિમાં પ્રકટ થયું. અને અનેક જીવોને યથાધિકાર તેનો અનુભવ થયો. અને તેનાં અનુભવનાં વાક્યો અને ગ્રન્થોનું ભાવાત્મક સાહિત્ય આ રીતે પ્રકટ થયું.

શ્રીઆચાર્યચરણ વિષયક સાહિત્યની પ્રામાણિકતા.

આ શ્રીઆચાર્ય વિષયક તમામ સાહિત્ય આપ્તવાક્યરૂપ હોઇ પ્રમેય કોટીનું છે. જેમ વ્યાસજી, વાલ્મીકિ આદીના આપ્તવાક્ય અને અનુભવ પ્રમાણ સ્વરૂપ, શ્રીભાગવત, રામાયણ આદિને શબ્દપ્રમાણથી યે વિશેષ મહત્ત્વયુક્ત સર્વત્ર માનવામાં આવેલાં છે, તેમ શ્રીગોકુલેશ

પણ ભગવત્સાક્ષાત્કાર યુક્ત હોવાથી તેમની કહેલી આ વાણીરૂપી વાર્તાઓ પણ આપ્તવાકય અને અનુભવપ્રમાણરૂપ હોઈ સર્વત્ર પ્રમાણરૂપે ગણાય છે. તેથી તે વિશ્વસનીય સત્ય અને સ્વતઃ સિદ્ધરૂપ જ છે.

શ્રીગુસાંઈજીએ માર્ગનું રહસ્ય શ્રીગોકુલેશમાં સ્થાપ્યું હતું. એટલે શ્રીગોકુલેશે શ્રીઆચાર્યચરણના ભજન રૂપ આ રહસ્યને સારી રીતે સમજીને પોતે તેનો અનુભવ કર્યો. ત્યારપછી તે અનુભવ સ્વભક્તોમાં પ્રકટ કર્યો. એટલે શ્રીગોકુલેશે સર્વોત્તમ, અને વલ્લભાષ્ટક ઉપર સ્વતંત્ર ટીકા કરી અને તેમાં શ્રીઆચાર્યચરણનું સ્વરૂપ બહુજ સ્પષ્ટ રૂપે વર્ણવ્યું. તો પણ તે સંસ્કૃતમાં હોઈ સર્વોપયોગી ન થવાથી તેમજ સંક્ષિપ્ત લાગવાથી શ્રીગોકુલેશે તે શ્રીઆચાર્યચરણના સ્વરૂપને ભાષામાં ગદ્યરૂપે વિસ્તારપૂર્વક સ્પષ્ટ કર્યું. જેથી તે સર્વોપયોગી થયું.

આ કલીકાલમાં પ્રમેયાત્મક પુષ્ટિમાર્ગનો અનુભવ શ્રીઆચાર્યચરણની કૃપા વિના અશકય હોઈને જ શ્રીગુસાંઈજીએ, શ્રીગોકુલેશે તેમજ શ્રીહરિરાયજીએ શ્રીઆચાર્યચરણના સ્વરૂપને સ્પષ્ટ કરવાવાળા અનેક ગદ્યપદ્યાત્મક ભાષા અને સંસ્કૃત સર્વ પ્રકારના ગ્રન્થો કર્યા. અને શ્રીઆચાર્યચરણના સ્વરૂપને સારી રીતે સમજાવ્યું. અને આ ગ્રન્થોમાં વાર્તાને મુખ્ય સ્થાન મળ્યું. તેથી જ શ્રીગોકુલેશે વૈષ્ણવોની વાર્તાને ફલ રૂપે કહી છે.

આપ્તવાકયોના સમૂહરૂપ વાર્તાઓના આ (ઉપરોક્ત કથીત) ગૂઢ આશયને શ્રીહરિરાય મહાપ્રભુએ સારી રીતે જાણ્યો. તેથી વાર્તાના સ્વરૂપને સમજાવવાને માટે આપે સૂત્રાત્મકરૂપે અત્યંત ભગવદ્ભાવ પ્રચૂર એક લેખ લખ્યો (તે અમે વાર્તાની શરૂઆતમાં આપ્યો છે) તે ઉપરાંત વાર્તાના દરેક પ્રસંગો ઉપર સૂક્ષ્મ “ભાવપ્રકાશ” યોજ્યો. અને વાર્તાનો આશય બહૂજ સ્પષ્ટ કર્યો. આ રીતે શ્રીઆચાર્યચરણના જીવનચરિત્રરૂપ આ વાર્તાઓના મહત્ત્વમાં વિશેષ વધારો થયો.

શ્રીહરિરાયજીના મતે આ વાર્તાઓ શ્રીઆચાર્યજીનુંજ સ્વરૂપ છે. કારણ કે આ વાર્તાઓના એક એક અક્ષરમાં શ્રીઆચાર્યજી ઓતપ્રોત રૂપે બિરાજે છે. **આ વાર્તાઓ શ્રીઆચાર્યજીના ત્રિવિધ ઇતિહાસ**

રૂપ છે. ૧ ભૌતિક, ૨ આધ્યાત્મિક અને આધિદૈવિક. ૧ ભૌતિક= બાહ્ય ક્રિયાત્મક જીવનચરિત્રરૂપે, ૨ આધ્યાત્મિક=આંતરજીવનચરિત્ર રૂપ જ્ઞાનાત્મકપણે. ૩ આધિદૈવિક=ભાવાત્મક સ્વતંત્ર ભક્તિરૂપે. આ વાર્તાઓમાં શ્રીઆચાર્યચરણનાં રૂપ, ગુણ, વય, આકાર, જ્ઞાન સામર્થ્ય, ભક્તવત્સલતા આદિ ધર્મો, વાણીમાધુર્ય, નિત્યક્રમ, શાસ્ત્રાર્થશૈલી, સેવા અને કથાની પ્રણાલીકા, આનંદીતસ્વભાવ, રીતભાત, ચાલ, બિરાજવાની શૈલી, પાકક્રિયા, વિવેક, ધૈર્ય, આશ્રય, ઐશ્વર્યાદિ અનેક અલૌકીક ધર્મો, સત્ય, દયા, દીનતા, સેવા અને કથાની તત્પરતા, વિરહ આદિ અનેક નિગૂઢ ભાવો, તેમજ અનેક ચરિત્રોનો સમાવેશ થયેલો છે. એટલે આ વાર્તાઓ શ્રીઆચાર્યચરણના જીવનચરિત્ર રૂપ છે. સારાંશ કે શ્રીઆચાર્યજીનું સાંગોપાંગ આંતર બાહ્ય સ્વરૂપ અને તેના ધર્મો તથા અનેક તત્ત્વો અને ભાવનાઓ આ વાર્તામાં પ્રત્યક્ષરૂપે વિદ્યમાન છે. તે તેના અભ્યાસીને જણાયા વિના રહેતું નથી જ. અને તેથી પણ આ વાર્તાઓ શ્રીઆચાર્યજીનું જ સ્વરૂપ છે તે સ્વયં સિદ્ધ થાય છે. એવીજ રીતે ૨૫૨ ની વાર્તા શ્રીગુસાંઇજીના જીવનચરિત્રરૂપ છે. આ વાતને સમજાવવા જ શ્રીહરિરાયજીના સેવક મહાશય વિઠ્ઠલનાથ ભટ્ટ પણ શ્રીગોકુલનાથજી રચિત ગ્રન્થોનાં નામોનો ઉલ્લેખ કરતાં ૮૪–૨૫૨ વૈષ્ણવોની વાર્તા ન કહેતાં "वल्लभविठ्ठल वार्ता प्रकट कीन नृपमान।" એમ સૂક્ષ્મ પ્રકારથી ઉદેપુરના **રાજા માનસિંહને** વાર્તાઓનું સ્વરૂપ સમજાવતાં સં. ૧૭૨૯ માં કહેલું છે. આજ વાત સદ્ગત શ્રીયુત મૂલચંદ્ર તેલીવાળા "શ્રૃંગાર રસમંડન"ની પ્રસ્તાવનામાં આ પ્રમાણે લખે છે:—

"સાંપ્રદાયિક ગાથાઓનો વિચાર કરતાં શ્રીવિઠ્ઠલેશ્વરને લીલાના સાક્ષાત્ અનુભવમાં શ્રીમદ્ દામોદરદાસજી સહાય થાય તે અનુચિત નથી જ. × × × **આપશ્રીનું (શ્રીગુસાંઇજીનું) વિશેષ ચરિત્ર સાંપ્રદાયિક વાર્તાઓ વિગેરેમાં પ્રસિધ્ધ છે.**"

આ પ્રકારે આ વાર્તાઓ શ્રીઆચાર્યજી અને શ્રીગુસાંઇજીના જીવનચરિત્ર અને ઇતિહાસરૂપ હોઈ રક્ષણીય અને મનનીય છે. તેમજ તે સાંપ્રદાયિક સમગ્ર સાહિત્યમાં સર્વોત્કૃષ્ટ છે.

આ વાર્તાઓમાં ધાર્મિક તત્ત્વો અને રહસ્યોનો એટલો બધો સમાવેશ છે કે તેના શ્રદ્ધાપૂર્વકના શ્રવણ માત્રથીજ હૃદયનો નાસ્તિક અજ્ઞાનાંધકાર સહેજે નષ્ટ થઈ જાય છે અને હૃદય અત્યંત શુદ્ધ બની કમલની માફક ખીલી ઉઠે છે.

યદિ આ વાર્તાઓને શ્રીઆચાર્યજીના જીવનચરિત્ર અને ઇતિહાસમાંથી કાઢી લઈએ તો શ્રીઆચાર્યજીના જીવનચરિત્ર અને ઇતિહાસરૂપે શેષ કંઇ પણ રહેતુંજ નથી. માટે શ્રીઆચાર્યચરણના સ્વરૂપના જ્ઞાન અર્થે, સંપ્રદાયની સેવાપ્રણાલીના અને ધાર્મિક સિદ્ધાંત આદિના દૃષ્ટાંતરૂપે આ વાર્તાઓ પૂર્ણ ઉપયોગી છે.

આજસુધીમાં જેટલા મહાનુભાવોએ શ્રીઆચાર્યચરણનાં જીવનચરિત્રો લખ્યાં છે તેમને દરેકને વાર્તાઓમાંના વૈષ્ણવોના ભાવવાહી પ્રસંગોનો આશ્રય લેવો જ પડયો છે. જુઓ *વલ્લભાખ્યાન, પ્રદીપ, દિગ્વીજય, વલ્લભચરિત્ર આદિ ગ્રન્થો.

આ વાર્તાની રચના શ્રીગોકુલેશે વિ. સંવત ૧૬૪૨ પછી અને ૧૬૪૫ પહેલાં કરેલી છે. તે એથી સ્પષ્ટ થાય છે કે ૨૫૨ ની વાર્તામાં એક પણ પ્રસંગ સાતે બાલકો અલગ થયા પછીનો પ્રાપ્ત થતો નથી. કાન્હબાઈની વાર્તામાં શ્રીગોકુલનાથજીએ યજ્ઞ કરવાનો વિચાર કર્યો ત્યારે શ્રીગિરિધરજીની આજ્ઞા માંગી છે તે પ્રસંગ આવે છે એટલે તે વખતે સાતે બાલકો ભેગાજ બિરાજતા હતા તે સ્પષ્ટ જ છે. સં. ૧૬૪૫ પછી સાત બાળકો અલગ અલગ રહેવા લાગ્યા. બાકી બીજો એવો એક પણ પ્રસંગ શ્રીગુસાંઇજીની લીલા વિસ્તાર પછીનો પ્રાપ્ત થતો નથી. શ્રીગુસાંઇજીની લીલાવિસ્તારનો પ્રસંગ ચાચાજી અને છીતસ્વામીની વાર્તામાં આપેલો છે. અને શ્રીગુસાંઇજીએ સં. ૧૬૪૨ માં લીલા વિસ્તારી છે તે સ્પષ્ટજ છે.

વાર્તા રચના કાલ

---

*વલ્લભાખ્યાન અને પ્રદીપના સમયમાં વાર્તાનું સ્વરૂપ ગ્રન્થાકાર રૂપે ન હતું તો પણ વાર્તાના પ્રસંગોની વિખ્યાતી જગપ્રસિદ્ધ હતી તેથી અન્ય સંપ્રદાયના ભક્તમાલ આદિ ગ્રન્થોમાં પણ તેનું અસ્તિત્વ દેખાય છે.

આ વાર્તાની રચના પછી જ શ્રીગોકુલેશે નિજવાર્તા, ઘરૂવાર્તા, અને બેઠકચરિત્ર રચેલાં હોવાં જોઈએ કારણ કે વાર્તાના જ અમૂક પ્રસંગોનું વિશેષ સ્પષ્ટીકરણ ઉપરોક્ત ગ્રન્થોમાં પ્રાયઃ જોવામાં આવે છે. દામોદરદાસ હરસાનીનો પૂર્વપ્રસંગ પાછલથી પ્રાપ્ત થયેલો હોવાથી વાર્તામાં તે દેખાતો નથી પરંતુ નિજવાર્તામાં તે આપેલો છે. આથી પણ એક અનુમાન થઈ શકે છે કે ઉપરોક્ત ત્રણ ગ્રન્થોની રચના પછીથી થયેલી હોવી જોઈએ. અને ભાવસિંધુ તો લગભગ સં. ૧૬૮૦ પછીથી રચાયલો સ્પષ્ટ જ છે. કારણ કે તેમાં ચંદાબાઇ અને જહાંગીરનો પ્રસંગ છે.

આ રીતે વાર્તાનો રચનાકાલ સં. ૧૬૪૨ થી ૧૬૪૫ સુધીનો નિશ્ચિત થાય છે.

કેટલાક સુજ્ઞ ગણાતા પુરૂષો પણ ઘણીવાર એમ કહે છે કે વાર્તામાં લહીયાઓએ સ્વકલ્પિત રોચક પ્રસંગ લખીને વાર્તાને વધારી છે. મૂલ વાર્તા બે હજાર શ્લોકનીજ હતી અને પાછલથી તે દસ હજાર શ્લોક જેટલી થઈ. આ આક્ષેપ કેવલ અજ્ઞાનતાસૂચક અને અન્યાય પૂર્ણ છે તે કહ્યા વિના રહી શકાતું નથી.

લહીયાઓ ઉપરનો મિથ્યાદોષ.

કારણ કે મૂલ વાર્તા સંસ્કૃતમાં રચાયલીજ નથી કિન્તુ વ્રજભાષામાં જ રચાયલી છે. તે અનેક પ્રાચીન ગ્રન્થોની વિદ્યમાનતા અને મહાશય વિઠ્ઠલનાથની વાણીથી પણ સિદ્ધ થાય છે. તેમજ શ્રીગોકુલનાથજી રચિત સંસ્કૃત વાર્તા અદ્યાપિ કોઈને પ્રાપ્ત થઈ પણ નથી. જે સંસ્કૃત વાર્તા સંપ્રદાયમાં પ્રાપ્ત છે તે શ્રીનાથદેવ ભટ્ટેશના નામની છે અન્ય કોઈપણ પ્રાપ્ત નથી. એટલે મૂલવાર્તા સંસ્કૃત હતી તે આક્ષેપ મિથ્યા થાય છે.

બીજું તેના પ્રમાણ રૂપે શ્રીહરિરાયજી કૃત ભાવપ્રકાશ સબલ પુરાવો છે. કારણ કે શ્રીહરિરાયજીનું પ્રાકટ્ય વ્રજ સંવત ૧૬૪૭માં છે અને આપ શ્રીગોકુલેશજીના જ શિષ્ય છે તેમજ શ્રીગોકુલેશજીના ગ્રન્થોના પૂર્ણ અભ્યાસી છે. યદિ શ્રીગોકુલેશજીએ વાર્તા સંસ્કૃતમાં રચી હોત તો આપ પણ તેના ઉપરનો ભાવ પ્રકાશ સંસ્કૃતમાં જ

રચત, કિંતુ આપે ભાષામાં રચ્યો છે. અને સંસ્કૃત વાર્તા સંબંધી જરા જેટલોયે કોઈ પણ જગ્યાએ ઉલ્લેખ કર્યો નથી. શ્રીગોકુલેશ સં. ૧૬૯૮ સુધી ભૂતલ ઉપર બિરાજ્યા. એટલે શ્રીહરિરાયજીને શ્રીગોકુલેશનો સહવાસ અને સાંપ્રદાયિક જ્ઞાન પ્રાપ્ત કરવાનો સમય ખૂબજ મળેલો હોવો જોઈએ. તેથી આવી વાતો આપનાથી અજાણી રહેજ નહિ.*

વળી લહીયાઓ એ વાર્તામાં કલ્પિત પ્રસંગો વધારી તેને પેટના અર્થે રોચક બનાવી સંપ્રદાયના સિદ્ધાન્તથી વિરૂદ્ધ કરી છે તેવા પ્રકારનો આક્ષેપ પણ અનુચિત જ છે. અમારી દૃષ્ટિએ વાર્તામાં એક પણ પ્રસંગ વધારેલો અમને લાગતો નથી તેમ સંપ્રદાય વિરૂદ્ધ સિદ્ધાન્તવાળો પણ જણાતો નથી. જે જે વાર્તાઓ ઉપર આક્ષેપો થયા છે તેનો પરિહાર અમે પ્રમાણો દ્વારા કર્યો છે અને આગલ ઉપર કરીશું. આ ભાગમાં તુલસાં અને રજોની વાર્તા ઉપર થયેલા અનુચિત અજ્ઞાનજનક મૂર્ખતા પૂર્ણ આક્ષેપો નો પરિહાર અમે શાસ્ત્રીય પ્રમાણો દ્વારા કર્યો છે.†

શ્રીગોકુલેશના સમય સુધી તો એકજ લહીયો મુખ્યતા રૂપે પુસ્તક લખતો અને પોતાના આશ્રિત અન્ય મનુષ્યો પાસે તે પ્રતની અનેક નકલો કરવાવતો હતો. અને તે શ્રીગોકુલેશ તપાસતા હતા.

---

* વિશેષ શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજીનું જીવનચરિત્ર ભાગ ૨ માં આપવામાં આવશે.

† રજો એ આચાર્યચરણને અનસખડી અરોગાવી તેમાં વર્ણાશ્રમ વિરૂદ્ધ ભક્તિમાર્ગની દૃષ્ટિથી કંઇએ નથી. કારણ કે તે અનસખડી સ્વયં શ્રીબાલકૃષ્ણ પ્રભુ સાક્ષાત્ રૂપથી મુખમાં અંગીકાર કરતા એટલે તે મહાપ્રસાદના તરીકે હોવાથી ભક્તિમાર્ગમાં તેને બાધ આવતો નથીજ. તે સંબંધી શ્રીનાથ ભટ્ટે પણ भुक्तप्रभोः प्रसादात्तं पक्वान्नं એમ સ્પષ્ટીકરણ કર્યું છે. તેમજ શાસ્ત્રીજી વસંતરામે પણ તે સંબંધી તેજ જવાબ પહેલાં શુદ્ધાદ્વૈતમાં પ્રત્યક્ષ દૃષ્ટાંત (હાલ મોજુદી અવસ્થાનું) દ્વારા આપી ચુક્યા છે. એટલે તે બાબતમાં અમે વાર્તામાં કંઈ લખ્યું નથી. (વિશેષ અન્ય પ્રમાણો રજોની વાર્તામાં જુઓ.)

અને પછીજ તે ગ્રન્થોનો પ્રચાર થતો. એટલે જરાયે પોલ તે સમયમાં ચાલતી ન હતી. તે લહીયાનું નામ "બલીયા" હતું. એ વાત જગપ્રસિદ્ધ છે. એટલે પોતાની અજ્ઞાનતાથી કોઈ પ્રસંગ યા વાર્તા સમજમાં ન આવે તો તે કલ્પિત છે એમ કહેવું તે ખરેખર હાસ્યાસ્પદ છે અને પોતાના જ પાંડિત્યને બટ્ટો લગાડવા જેવું છે. પાંડિત્ય એનું જ નામ છે જે સર્વે ગ્રન્થોની અધિકાર ભેદ અને દૃષ્ટિભેદ આદિથી એકવાક્યતા કરી આપે.

હવે આપણને જે અનેક પ્રતીઓ હસ્તલિખીત વાર્તાની પ્રાપ્ત થાય છે તેમાં, કોઈ પ્રતી અપૂર્ણ છે તો કોઈ પ્રતીના કેટલાક પ્રસંગોમાં વિવિધતા અને વિશેષતા પણ પ્રાપ્ત થાય છે.

પ્રસંગોની અપૂર્ણતા અને વિવિધતા

આ વસ્તુ આક્ષેપકર્તાઓની ઢાલરૂપ હોઈ ભ્રમ ઉત્પન્ન કરવાવાળી વસ્તુ છે. પરંતુ જો પ્રાચીન સમય ને ધ્યાનમાં લઇએ તો સમજી શકાય છે કે તે ભ્રમ મિથ્યા છે. કારણકે પ્રાચીન કાલમાં નિશ્ચિત લિખીયાઓ પાસેથી પુસ્તક લખાવવામાં દ્રવ્યની વિશેષ આવશ્યકતા પડતી હતી. એટલે દ્રવ્યવાન સિવાય અન્ય તેનો લાભ લઈ શકતા ન હતા. તે સમયમાં વાર્તાનો પ્રચાર અત્યંત હતો તેમ તેના ઉપર જનસમૂહનો પ્રેમ પણ અઢળક જ હતો. તેથી સાધારણ સ્થિતિના લોકો કાં તો વાર્તા સ્વયં ઉતારી લેતા અથવા તો કંઠસ્થ પ્રસંગો ને શેષ રાખી અન્ય પ્રસંગો થોડાક દ્રવ્યમાં ઉતરાવી લેતા યા ઉતારી લેતા. આથી અનેક પ્રકારની પૂર્ણ અપૂર્ણ અને વિવિધતાવાળી પ્રતીઓ આજ આપણા જોવામાં આવે છે તેના પુરાવા રૂપ અમને એક જીર્ણપત્ર પ્રાપ્ત થયેલો તેની નકલ અમે કરી લીધી હતી તે અહીં આપીએ છીએઃ—

શ્રીહરિ શ્રી...જી આગલ સુધ કરશો શ્રીજમનાં પાન કરતાં યાદ કરશો.

સિદ્ધ શ્રીગોકુલમધ્યે શ્રીમહારાણીજીના પયપાનના અભિલાષી ભાઈ જીવનભાઈ જોગ લી. શ્રીવલ્લભદાસાનુદાસ મહાપામર અમૃતના દૈન્યતાપૂર્વક જયજયશ્રી..........

જત તમારો પત્ર મળ્યો મારે એક ૮૪ અને એક ૨૫૨ની વાર્તાનું પુસ્તક જોઈએ છીએ. કૃપા કરીને તમો લેતા આવજો. મારી પાસે દ્રવ્યની અનુકુલતા નથી તો જેમ બને તેમ ટુંકું ઉતરાવી સાર સાર લખાવી જરૂર લેતા આવજો. અમારા મોહનભાઈ લાવ્યા હતા તે કહેતા હતા કે રૂ. ૧૦૦) અંકે સો પુરા આપ્યા છે. પણ ભાઈ મારી પાસે તો રૂ. ૫૦) થી વધારે આપવાની શકતી નથી. માટે તમે ચતુર છો જેમ ઠીક સમજો તેમ લખાવી જરૂર લાવજો......

અહિં મહારાજ પધાર્યાં છે તમારી દંડવત કરી છે. હાલ એજ. કામકાજ લખજો. જોઈતું કરતું મંગાવજો. સંવત ૧૭૮૦ ના મિતિ શ્રાવણ વદ ૫ વાર સોમ.

આ પત્રથી આપ જાણી શકો છો કે ઉપરોક્ત અમારૂં કથન સત્ય છે કે નહિં ?

આપણી વાર્તાઓ પ્રાચીન ભારતીય ઐતિહાસિક શૈલીથી લખાયલી છે. એટલે તેમાં વિશેષ ભૌતિક કાલનું નિરૂપણ જોવામાં આવતું નથી. તો પણ આસપાસના પ્રસંગો અને ઇતિહાસ જોવાથી આપણે ભૌતિક કાલનો પ્રાયઃ નિશ્ચય કરી શકીએ છીએ.

વાર્તાની ઐતિહાસિકતા

આપણી ભારતીય પ્રાચીન ઐતિહાસિક લેખન શૈલી એવા પ્રકારની હતી કે જેના અવલોકન દ્વારા ધર્મ, અર્થ, કામ અને મોક્ષને મનુષ્ય સારી રીતે સાધી શકતો હતો. કારણ કે આપણે ત્યાંની ઈતિહાસની વ્યાખ્યાજ આ પ્રમાણે છે કે:—

इतिह पारम्पर्य्योपदेशः आस्तेऽस्मिन् । इतिह+आसघञ् । धर्मार्थकाम मोक्षाणामुपदेश समन्वितम् । पूर्ववृत्तकथायुक्तमितिहासं प्रचक्षते । इत्युक्त लक्षणे पुरावृत्तप्रकाशके भारतादिग्रन्थे । (शब्दस्तोम महानिधि)

આ વ્યાખ્યાથી એ સિદ્ધ થાય છે કે જેમાં પરમ્પરાગત–ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો ઉપદેશ હોય તેજ ભારતીય દૃષ્ટિથી ઇતિહાસ કહેવાય. આજ કાલના કહેવાતા ભારતના સંતાનો પરંતુ મન, વાણી અને

ક્રિયાથી પાશ્ચાત્ય જડવાદ નેજ અનુસરનારા ઉપરની ભારતીય ઇતિહાસની વ્યાખ્યાથી અજ્ઞાન હોઇ જેમાં સંવત આદિ કાલનિર્દેશ હોય તેનેજ ઇતિહાસ માને છે, પછી ભલે તે અન્યથા રૂપે હોય. આ અજ્ઞાનતા મનુષ્યને કેવા અંધકારમય માર્ગે લઈ જાય છે તે અત્યારે સર્વ કોઈ પ્રત્યક્ષપણે જોઈ શકે છે. જો ઉપરની વ્યાખ્યા પ્રમાણ રૂપ ન હોય તો ગીતા, ભાગવત, રામાયણ આદિ મહાન ઐતિહાસિક ગ્રંથો પણ કલ્પિત રૂપે થઈ જાય, તે સર્વથા અવાંચ્છનીયજ છે. અતએવ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો પરમ્પરાગત ઉપદેશ જેમ ગીતા આદિ ગ્રંથોમાં છે તેમ વાર્તાઓમાં પણ સ્પષ્ટ પણે રહેલો છે. તે આપણે સ્થલે સ્થલે અવલોકીશું. અતએવ વાર્તાઓમાં કલ્પિતતા કે અનૈતિહાસિકતાનો જરાય આરોપ આવી શકે તેમ નથીજ. ભારતીય પ્રણાલીથી વાર્તા વિશેષ કરીને ધાર્મિક ઇતિહાસ રૂપ છે જ.

વાર્તા અને ભાષાસાહિત્ય સંબંધી સાંપ્રદાયિક, અન્ય સાંપ્રદાયિક અને તટસ્થ વિદ્વાનોના અભિપ્રાયોઃ-

ભક્ત મહાનુભાવ **કવિ દયારામ** કહે છે કેઃ—

"સકલ તત્વનું તત્વ છે એ સાર માંહે સાર ॥
પાઠ કરતાં માત્રમાં વશ થાય શ્રીનંદકુમાર ॥
શ્રીવલ્લભ વિઠ્ઠલ પ્રભુને પ્રસન્ન કરવા ચ્હાય ॥
નથી અવર ઉપાય બીજો હરિ ભક્તના ગુણ ગાય ॥
શ્રીઆચાર્યજી મહાપ્રભુના અંતરંગ એ ભક્ત ॥
મુજ ઉપર કરૂણા કરી દ્યો શ્રીવલ્લભ પદ આસક્ત ॥
એ વૈષ્ણવ પદરજ રતીની છે ઘણી મુજને આશ ॥
ગાય ગુણ હરિદાસના દયારામ દાસનો દાસ ॥"

આ પુસ્તકમાં આપેલા ચોરાશી વૈષ્ણવોના શ્રીહરિરાયજી કૃત લીલાના સ્વરૂપોના નામ સંબંધી અને શ્રીહરિરાયજીએ રચેલા વાર્તા ઉપરના ભાવપ્રકાશ અને લેખ સંબંધી **શ્રીવલ્લભજી મહારાજ** પોતાના ધોળમાં આ પ્રમાણે કહે છેઃ-

" ચોરાશી ચિત લાવીને કરે પાઠ નિત્ય ધરી નેમ,
પુષ્ટિપંથ પ્રભુ પ્રસન્ન થાયે હ્રદે બાઢે પ્રેમ. ૧૨૨.
કૃપા શ્રીહરિરાયજી કરી દીન જાણી દાસ,
મૂલ ચોરાશી ભક્તનાં તે નામ કર્યાં પ્રકાશ. ૧૨૩
શ્રીઆચાર્યજી મહાપ્રભુનાં અંગ દ્વાદશ જેહ,
ધર્મ સાથે ધર્મી કહીએ સસ દ્વાદશ તેહ. ૧૨૪
ચોરાશી વ્રજ કોશ માટે ચોરાશી એ ભક્ત,*
પ્રેમલક્ષણા પૂરેપૂરી શ્રીવલ્લભપદ આસક્ત. ૧૨૫
એ વૈષ્ણવ પદ કમળ રજ રતિ તણી છે અતિઆશ,
ગાયે ગુણ હરિદાસના પદરજ **શ્રીવલ્લભ દાસ**"–(રસમય ધોળ સાગર).

ગોસ્વામિ બાલકોના અભિપ્રાયો:—

૧ "**૮૪ અને ૨૫૨ એ પુષ્ટિમાર્ગના કાયદાઓ છે.** જેના જાણવાથી પુષ્ટિપ્રભુની પ્રાપ્તિ રૂપી મુકદમામાં સહેજે ફલિભૂત થઈ શકાય છે." (**શ્રીતિલકાયત શ્રીગોવર્ધનલાલજી**)

૨ "વાર્તા અમારૂં ગૌરવ છે. તેમાં અમારા પૂર્વજો સાથે પરબ્રહ્મ શ્રીનાથજી એક સંબંધીની માફક બોલતા, ચાલતા, માગતા અને અરોગતા હતા. આથી અમારા કુલનું વિશેષ ગૌરવ બીજું કયું હોઈ શકે ?" (સુરતીસ્થ **ચિ. ગોવિંદલાલ બાવાસાહબ**ના સ્વતંત્ર ઉદ્દગાર)

૩ " સંપ્રદાયના સિદ્ધાંતમાં જો સમજ ન પડે તો વાર્તાઓ અહર્નીશ વાંચવી. માર્ગના તમામ સિદ્ધાંતોનું મૂલ વાર્તાઓ છે." **(શ્રીદ્વારકેશલાલજી)**

૪ સંપ્રદાયના સંસ્કૃત સાહિત્યના પ્રખર વિદ્વાન અને મર્મજ્ઞ તેમજ સેવારસિક મહાનુભાવ **શ્રીગોકુલદાસજી વિદ્યાસુધાકર મુખ્યાજી** (કોટા–બડે મથુરેશજીના) સમગ્ર સાંપ્રદાયક ભાષાસાહિત્યને માટે આ પ્રમાણે લખે છે:—

"हम लोग तो वार्ता भावना को मानवेवारे है क्योंकि वार्ता भावना ही

* શ્રીહરિરાયજીના લેખ અને ભાવપ્રકાશનું એક વિશેષ પ્રમાણ.

पुष्टिमार्ग को प्रचार करवेवारे है × × × प्राचीन वार्ता भावनान की पुस्तक में **जो विरोध मालुम पडे है वह अपनी अल्प बुद्धि को दोष है.** वार्ता भावना में उत्तम मध्यम ओर प्रथमाधिकारी के योग्यतानुसार कर्तव्याकर्तव्य को निरुपण है" × × × × ×

સંપ્રદાયના પ્રખર જ્ઞાતા શ્રીયુત **શાસ્ત્રીજી** કણ્ઠમણિજી વાર્તા કીર્તન આદિ ભાષાસાહિત્ય માટે આ પ્રમાણે કહે છેઃ—

" संप्रदायकी एक भाषानिधि ८४ वैष्णव वार्ता तथा २५२ वैष्णवकी वार्ता प्राचीन अष्टसखाओ के कीर्तन तथा चरित्र आदि हैं **जिनके लिये संप्रदायानुयायीओ के गर्व होना चाहिए. इसकी अनभिज्ञतासे मान-हानि करना हमारे लिये पाप है. हमे इनके अवलोकनसे वास्तविक तत्त्वकी प्राप्ति करनी चाहिये. इसका समुचित रूपेण रक्षण नितान्त आवश्यक है."** × × ×

(વિશેષ અભિપ્રાયો "ભાષાસાહિત્યનું ગાંભીર્ય"નામના પુસ્તકમાં જુઓ.)

બીજા પણ વાર્તા અને ભાષાસાહિત્યના ગૌરવને વધારનાર વિદ્વાનોના અન્ય અભિપ્રાયો ઘણા છે. **પરંતુ સ્થલ-સંકોચથી આટલા જ આપ્યા** છે. હવે અન્ય સંપ્રદાયી વિદ્વાન અને સાક્ષર પુરૂષો આપણા ભાષાસાહિત્યને માટે શું લખે છે? તેનું ટુંક વૃત્તાંત અહીં નોંધ્યું છેઃ—

શ્રીયુત **આચાર્ય શ્રીરસિક મોહનજી વિદ્યાભૂષણ** આપ્તવાક્યનું પ્રમાણ અને તેની ભગવત્સ્વરૂપથી અભિન્નતા આ પ્રમાણે કથે છેઃ—

"इन वक्तव्यों म पूर्ण विश्वास करना बडा कठिन है। सन्तो ओर ऋषियो द्वारा व्यक्त सत्य सर्वातिरिक्त है; **वह उन लोगोंकी विचार शक्तिसे परे है जिनको अपने हृदयमें भगवत्कृपा रुपी ज्वाला के स्फुलिंग प्राप्त नहिं हुये हैं।** हम साधारण मनुष्य इस सत्यकी आत्मामें कठिनता से ही प्रवेश कर सकते हैं। हमारी जानकारी में तो नाम कुछ अक्षरों से बना है, एसा नाम स्वयं ब्रह्म से अभिन्न केसे हो सकता है? हम इसके लिये कोई कारण नहिं बता सकते। वस्तुतः युक्तिवादी की सम्पूर्ण सांसारिक विधियाँ इस सत्य को प्रकट करने में

असमर्थ हैं। इस जगतमें बहुत सी ऐसी चीजें है बिशेषतः वे वस्तुयें जो सर्वातिरिक्त हैं जिनकी व्याख्या साधारण बुद्धि से नहीं की जा सकती। एसी ही बातों के लिये **सन्तों ओर ऋषियों के शब्द जिन्हें 'आप्तवाक्य' कहा जाता है, प्रमाण माने जाते हैं।"**

શ્રીયુત સુપ્રસિદ્ધ **સાહિત્ય સંશોધક મિશ્રબંધુઓ** વાર્તાઓ માટે આ પ્રમાણે લખે છેઃ—

"विट्ठलनाथजी के पुत्र गोकुलनाथजीने ८४ ओर २५२ वैष्णव की वार्ता नामक गद्य में जो दो बृहत् ग्रन्थ लिखे उनके देखनेसे विदित होता है कि **ये भक्तगण सदैव कृष्णानंद में ही निमग्न रहते थे। ८४ एवं २५२ वैष्णव की वार्ताओ में इसी संप्रदाय** (वल्लभीय) **के महात्माओंका वर्णन है."**

("વિનોદ" પ્રૌ. મા. પ્ર. ૧૧ અ.)

શ્રીયુત મિશ્રબંધુઓ વાર્તાને ઐતિહાસિક માને છે. તેઓ તેમના વિનોદમાં લખે છે કેઃ—"**इनसे** (वार्तासे) **तात्कालिक कई महात्माओंका समय स्थिर हो जाता है"** × × × ×

શ્રીયુત મિશ્રબંધુઓ, આપણા વાર્તા કિર્તન આદિ ભાષાસાહિત્ય માટે કેટલું માન રાખે છે તે જુઓ. તેઓ લખે છે કેઃ—

"कविता भंडार आपहीके (श्रीवल्लभाचार्यजीके) **शिष्यों की रचनासे परिपूर्ण हुआ है॥ व्रजभाषा का जो भाषा कविता पर साम्राज्य सा हो गया है इसका एक प्रधान कारण यह भी है कि आपके संप्रदायवालोंने अपनी पुरी रचना इसीमें की है। महात्मा सूरदास तथा अष्टछापके अन्य कविगणोंकी रचना व्रजभाषाकी भूषण स्वरुप है। यदि भाषा काव्यको आपके संप्रदाय द्वारा इतना सहारा न मिला होता तो आज शायद व्रजभाषाकी कविता इतनी परिपूर्ण न होती। यह सब आपहीका प्रताप है।"** (भा. १ आदि प्र. २२९ पान)

"इनके (श्रीविट्ठलनाथजी) ओर इनके पिता श्रीमहाप्रभुजी के कारग भाषासात्यिकी बहुत बडी उन्नति हुई॥" (२९१ पान)

" महाप्रभु वल्लभाचार्यजीके पुत्र गोस्वामी विट्ठलनाथजी के ये महाराज (श्रीगोकुलनाथजी) आत्मज थे। इनके दो ग्रन्थ चोरासी वैष्णवोंकी वार्ता ओर २५२ वैष्णवोंकी वार्ता प्रसिद्ध है। × × × × **इनकी लेख प्रणाली प्रसंशनीय है॥ "** × × × ×

આ ઉપરોક્ત પ્રમાણોથી સર્વ કોઈ જાણી શકે છે કે પુષ્ટિ-માર્ગનું ભાષાસાહિત્ય, અન્ય સાહિત્યરસિકોની દષ્ટિમાં પણ કેટલું ઉત્તમ નિષ્કલંક અને શ્રીઆચાર્યજીના પ્રતાપને પ્રકટ કરવાવાળું છે? આવા શુદ્ધ ભક્તોના ચરિત્રો અને તેમની અનુભવી વાણી ઉપર જેઓ આક્ષેપ કરે છે તેમને કયા શબ્દોથી સંબોધવા તે માટે ભાષામાં કોઈ શબ્દો જ મને તો મળતા નથી. વાર્તા ઐતિહાસિક, નિષ્કલંક અને શુદ્ધ છે. તે સર્વાનુમતે (વિચારકોમાં) નિર્વિવાદપણે સિદ્ધજ છે—

" हिन्दी साहित्य का संक्षिप्त इतिहास "ના લેખક કાશી, હિન્દી યુનિવર્સીટીના પ્રોફેસર શ્રીયુત્ રામચંદ્ર શુક્લ આ પ્રમાણે લખે છેઃ—

" गुरु नानकजीके जन्मके थोडे ही दिन बाद स्वामी वल्लभाचार्य का जन्म हुआ। यह तैलंग ब्राह्मण थे। जिनका जन्म १४७९ ई० में हुआ था। × × × इनकी अब तक पूजा होती है। × × × पद इन्होंने लिखें हों अथवा न लिखे हों किंतु हिन्दी विशेषतः **व्रजभाषा सदा इनकी कृतज्ञ रहेगी। क्योंकी इन्होंने उसे प्रोत्साहित किया और इनके शिष्योंने उसे गौरव के शिखर पर पहुँचा दिया. "** पा. ३९

" इस कालके वैष्णव संप्रदायने एक नए ढंग का सर्वोत्तम साहित्य निकाला। यह साहित्य मुख्यतः व्रजभाषा में है जिसकी मधुरता जगत प्रसिद्ध है ॥ " पा. ४२

" इस समय दो और भक्तोंका उल्लेख कर देना उचित ज्ञात होता है। एकका नाम विट्ठल विपुल था। × × × दूसरे स्वामी गोकुलनाथजी थे। ये गोस्वामी विट्ठलनाथ के पुत्र थे। इन्होंने व्रजभाषा में दो प्रसिद्ध गद्य ग्रंथ लिखे है एक चौरासी वैष्णवों की वार्ता और दूसरी दोसौ बावन वैष्णवोंकी वार्ता, जिन में वैष्णव मतके ८४ और २५२ भक्तोंका

वर्णन है। इन ग्रंथों से उस समय के गद्य लेखनका पता तो लगता ही है बहुत से भक्तों और भक्त कवियों का समय भी निश्चित होता है। इन पिता-पुत्र स्वामियोने हिन्दी गद्यका भी बडा उपकार किया किन्तु इनका गद्य व्रजभाषा में था।" पा. ६२

"कृष्ण भक्तों में रसखान का नाम विशेष रुपसे स्मरणीय है। जाति के यह मुसलमान दिल्ली के पठान थे किन्तु वास्तव में यह वैष्णव मतके भक्त और विट्ठलनाथजी के शिष्य थे। २५२ वैष्णवोंकी वार्ता में इनका भी चरित्र दिया हुआ है पहले इनका आचरण ठीक न था किन्तु वैष्णव हो जाने पर यह सुधर गये। इन्होंने शृंगाररस की बडी उत्तम कविता की है और प्रेम का बहुत ही उत्कृष्ट वर्णन प्रेमवाटिका नामक ग्रंथ में दिया है। इनका सुजान रसखान नामक ग्रथ बडा प्रसिद्ध है। यह श्रीकृष्ण के आनंदमें मग्न रहते थे। और उच्च कोटिके कवि थे।"

"वैष्णव संप्रदाय भी धन्य है जिसने एक मुसलमान को भी कृष्ण भक्ति का इतना उत्कृष्ट कवि बना दिया और उसको अपने में मिला लिया।"

યાદ રાખો કે જો વાર્તા-કીર્તન આદિ પ્રકટ ન હોતે તો આ અન્ય તટસ્થ પુરૂષો દ્વારા વૈષ્ણવ સંપ્રદાયનું ગૌરવ જાહેરમાં ન આવત.

"શોચ્યસ્થિતિ" નામની પુસ્તિકામાં વાર્તા વિરૂદ્ધ જે ગંદા અભિપ્રાયો જે જે વ્યક્તિઓએ આપ્યા છે તેઓ આ ઉપરોક્ત સાંપ્રદાયિક અને અન્યસાંપ્રદાયિક એવં તટસ્થ વિદ્વાનોના અભિપ્રાયો આગળ કેટલા ટકી શકે છે? તે વાંચકો જ નિર્ણય કરી લે. અસ્તુ.

હજુ ભાષા અને ભાષાસાહિત્ય માટે ઘણું લખવાનું રહી જાય છે પરંતુ હાલમાં સમય અને સ્થલ સંકોચથી તે અપૂર્ણજ રાખ્યું છે. અમે બહુજ જલ્દી વાર્તા ભાગ ૨ જો "શ્રીવિઠ્ઠલેશ્વર ચરિતામૃત અને અષ્ટછાપ" એ નામનો મોટો ગ્રન્થ બહાર પાડવાનો વિચાર રાખ્યો છે. તેમાં ઉપરોક્ત વિષયોનો સમાવેશ કરવામાં આવશે.

श्री द्वारकेशो जयति

" वार्ता-माहात्म्य "

(आध्यात्मिक दृष्टिथी)

हवे आध्यात्मिक दृष्टिथी जोईए तो पण आ वार्तानुं महत्त्व अत्यंत छे. जरा पण अतिशयोक्ति विना अमे एम कही शकीए छीए के वार्ता विना संप्रदायना सिद्धांतोनी पूर्णता थती नथी ज. कारण ए छे के कोई पण वस्तु अथवा प्रतिज्ञारूप सिद्धांतने सिद्ध करवाने हेतु अने दृष्टांत ए बेनी आवश्यकता रहेली छे. ते बे विना प्रतिज्ञानी पूर्ति थती नथी ज. जेमके वेदमां श्रुति कहे छे के "सर्वं खल्विदं ब्रह्म" आ तो वेदे प्रतिज्ञा अथवा सिद्धांत रूपे कह्युं के आखुं जगत ब्रह्मरूप छे. ए प्रतिज्ञाना हेतुमां वेद कहे छे के " तज्जलानिति " एटले दरेक वस्तुनी उत्पत्ति अने लय ब्रह्ममांज थाय छे माटे ते जगत बधुं ब्रह्मरूप छे. अहिं सुधी तो परोक्षवाद थयो परंतु आ प्रतिज्ञानुं प्रत्यक्ष दृष्टांत वेदमां नथी किंतु श्रीभागवतमां छे. (श्रीकृष्णे मृतिका-भक्षण समये पोतामां सर्व ब्रह्मांडने देखाड्युं छे ते.) एटले श्री भागवत, वेद प्रतिपाद्य सिद्धान्तना प्रत्यक्ष दृष्टांतरूप छे माटे वेदरूप वृक्षना फलरूपे तेने गणवामां आव्युं छे. प्रत्यक्ष दृष्टांत विना सिद्धान्तनी पूर्ति थती ज नथी. एटले प्रत्यक्ष दृष्टांत विना ए सिद्धान्त जल्दी दरेक मनुष्यना गळे उतरे नहिज. माटे दृष्टांतनी खास जरूरत छे. वेदमां दृष्टांत नथी माटे ए परोक्षवादी छे. वेदनी प्रतिज्ञाओना दृष्टांतोरूपे श्रीमद्भागवत छे. माटेज श्रीआचार्य-चरणे श्रीमद्भागवत शास्त्रने प्रस्थान चतुष्टयमां गण्युं छे अने तेनुं महत्त्व वेद करतां पण वधु राख्युं छे. कारण के ते (श्रीभागवत) दृष्टांतरूप होई प्रत्यक्षवादी छे. जेथी ते विशेष प्रमाणरूप छे. आ कारणने लइनेज श्रीआचार्यचरणे वेद उपर भाष्य नहिं करतां श्रीमद्-भागवत उपर टीका करी, तेने (श्रीभागवतने) संसारभरमां उंचुं पद आप्युं. अने प्रत्यक्ष दृष्टांतरूप होई तेने पुरुषोत्तमरूप गण्युं.

તેજ પ્રકારે આપણી આ વાર્તાઓ પુષ્ટિસિદ્ધાન્તની પૂર્તિમાં પ્રત્યક્ષ દૃષ્ટાંતરૂપે રહેલી હોઇ સર્વ સિદ્ધાન્તાત્મક ગ્રંથોમાં તેની સર્વોત્કૃષ્ટતા સહજ સિદ્ધ થાય છે.

યદિ વાર્તાઓ સંપ્રદાયમાં ન હોત તો પુષ્ટિસંપ્રદાયના સિદ્ધાન્તોની પુષ્ટિમાં ઉણપજ રહેત. તે ઉપરોક્ત કથનથી સર્વ કોઈ જાણી શકે છે. વાર્તાઓ પ્રત્યક્ષવાદી હોવાથી તે સિદ્ધાન્તોના તાદૃશ ફલરૂપ છે.

આ વાર્તાઓ આપ્તવાક્ય રૂપ છે તે વાત પહેલાં સિદ્ધ થઈ ચુકી છે. એટલે તે શબ્દાત્મક પ્રમાણથી પણ ઉંચું પદ પ્રાપ્ત કરે છે.

પ્રમાણમૂર્દ્ધન્ય આપ્તવાક્ય રૂપ વાર્તાઓ

ન્યાય દર્શનમાં કહેલાં અનુમાનાદિ અન્ય પ્રમાણો અંતમાં શબ્દ પ્રમાણમાંજ વિલીન થતાં હોવાથી અહીં અન્ય પ્રમાણોના કથનની આવશ્યકતા રહેતીજ નથી. અને શબ્દપ્રમાણ કરતાં આપ્તપ્રમાણ દ્વિગુણીત બલ યુક્ત છે તે આગલ કહી ગયા છીએ. એટલે આ આપ્તવાક્યના સમૂહરૂપ વાર્તાઓ પ્રમાણમૂર્દ્ધન્ય હોઈ સિદ્ધાન્ત સમજાવવામાં સર્વોત્કૃષ્ટ પદને પ્રાપ્ત કરે છે તે નિર્વિવાદ છે.

આ વાર્તાઓમાં જે આધ્યાત્મિક અદ્વિતીય તત્ત્વજ્ઞાન રહેલું છે તે હરેક જ્ઞાનવાન પુરૂષ વાંચીને સહજ સમજી શકે તેમ છે. એટલે હાલ સ્થલ સંકોચથી અહીં વિશેષ લખતા નથી. વાર્તા ભાગ ૨ જા માં તેનો પૂર્ણપણે ઉલ્લેખ કરવામાં આવશે.

નિર્ગુણ–સગુણ (ભક્તોનો) ભેદ

સર્વાત્મભાવવાળા આત્મારામ ભકતો તે નિર્ગુણભકતો અને ક્રિયા-પ્રાધાન્ય કામભાવવાળા (દ્વૈતભાવવાળા) ભક્તો તે સગુણભક્તો જાણવા. આ વસ્તુ સમજવા માટે શ્રીહરિ૦કૃત "सर्वात्मभाव निरूपणम्" ગ્રન્થ જુઓ. નિર્ગુણ ભકતો, અન્ય ભક્ત નિરપેક્ષ હોવાથી સ્વતંત્ર કહેવાય છે અને તેઓ કેવલ ભાવમાં જ વિલસે છે. જ્યારે

સગુણ ભકતો, અન્ય ભક્ત સાપેક્ષ હોઈ દ્વૈતભાવનાવાળા હોય છે. એટલે તેઓ બાહ્યક્રિયાપ્રાધાન્ય લીલામાં વિલસે છે. હાલતો આટલું જ જાણવું બસ છે. આ સંબંધી વિશેષ વાર્તા ભાગ ૨માં આપવામાં આવશે.

આ વાર્તામાં આવેલાં ઐતિહાસિક સ્વરૂપોની યાદી

વાર્તા સં.	સ્વરૂપોનાં નામ.	કોનાં સેવ્ય.	હાલ ક્યાં બિરાજે છે.
૩	શ્રી દ્વારકાનાથજી	શ્રી મહાપ્રભુજી	કાંકરોલી
૪	શ્રી મથુરાનાથજી	,,	કોટા
૫	છોટા મથુરેશજી	,,	,,
૮	શ્રી બાલકૃષ્ણજી	,,	મુંબઈ

॥ श्रीद्वारकेशो जयति ॥

" वार्ता—रहस्य "

वार्ताना स्वरूपनी परंपरा अने तेनी सर्वोत्कृष्टता:-
(આધિદૈવિક દૃષ્ટિથી)

नमो भगवते तस्मै कृष्णायाद्भुतकर्मणे ।
रूपनामविभेदेन जगत् क्रीडति यो यतः ॥ (निबंध)

રૂપ અને નામ એમ બે પ્રકારે ક્રીડાકર્તા પુરુષોત્તમનું સૂક્ષ્મ બીજ રૂપનામાત્મક સ્વરૂપ તે ગાયત્રી. વૃક્ષરૂપ નામાત્મક સ્વરૂપ તે વેદ, અને ફલરૂપ રસરૂપ નામાત્મક સ્વરૂપ તે શ્રીમદ્ભાગવત. આસ્વાદ્યતાના પ્રતાપે કરીને બીજથી અને વૃક્ષથી પણ રસાત્મક ફલનો સમુત્કર્ષ સર્વાનુભવ-ગોચર છે. તેથી એક રીતે બીજાત્મક ગાયત્રીથી અને કલ્પદ્રુમાત્મક વેદથી પણ નિર્ગલિત તત્ફલ રસાત્મક શ્રીમદ્ભાગવતનો સમુત્કર્ષ સહજ સિદ્ધ થઈ રહે છે.

શ્રીમદ્ભાગવતના સ્વરૂપની પરંપરા

કાવ્યમાં લોકોને સમજાવવા માટે રૂપક બતાવાય છે તેમ અહિં કલ્પદ્રુમ આદિ શબ્દો અલંકારરૂપે કહેવામાં આવ્યા નથી. કારણ કે શ્રીમદ્ભાગવત તો સર્વ વેદોના સારરૂપ હોવાથી સર્વોદ્ધારક છે, તેથી તેમાં આવા અલંકારોની કલ્પના કરવી ઠીક નથી. પણ સાક્ષાત્ વ્યાસજી ભગ-વાનના જ્ઞાનના અવતારરૂપ હોવાથી તેમના જ્ઞાનમાં એ સત્ય વસ્તુ કલ્પવૃક્ષરૂપે સ્ફુરી, તે પ્રમાણથી જ તેના શબ્દો અન્યથા અનુપપન્ન થાય તો પ્રમાણ ન ગણાય, તેથી (વ્યાપી) વૈકુણ્ઠમાં વેદરૂપ વૃક્ષ છે,

શ્રીમદ્ભાગવતનું અલૌ-કિકત્વ અને નિત્યત્વ

તેના ફલરૂપ શ્રીમદ્ભાગવત પણ ત્યાં નિત્ય છે, જેને વ્યાસરૂપે ભગવાન કરુણા કરી સર્વોદ્ધારાર્થે પધાર્યા ત્યારે સાથે લાવ્યા છે. રસરૂપ હોવાથી તેમના અંતઃકરણમાં સ્થિત હતું, તે સ્વપુત્ર શુકના અંતઃકરણમાં સ્વાન્તઃકરણદ્વારા આપ્યું. અને તે શુકદેવજીદ્વારા પૃથ્વી પર આવ્યું. અતઃ આ શ્રીમદ્ભાગવત અલૌકિક નિત્ય અને અનાદિ છે.

દ્વાદશસ્કંધાત્મક શ્રીભાગવતમાં દશવિધા સર્ગાદિ આશ્રયાન્તા લીલાનું સુનિપુણ પ્રતિપાદન છે. આ દશવિધા લીલાએ કરીને પણ

શ્રીમદ્ભાગવતનું આધિદૈવિક સ્વરૂપ અને તેની લીલા

વિશિષ્ટ શુદ્ધ પુરુષોત્તમનું હૃદય તો નિરોધલીલા જ છે. તેથી નિરોધલીલા પ્રતિપાદક દશમસ્કન્ધ હૃદયવત્ પરમ નિગૂઢ છે. ૮૭ અધ્યાયના આ હૃદયાત્મક પરમ નિગૂઢ નિરોધસ્કન્ધમાં જન્માદિ પાંચ પ્રકરણ છે.

તે પાંચ પ્રકરણ મધ્યે દ્વિતીય પારિભાષિક તામસ પરંતુ વસ્તુતઃ નિર્ગુણ પ્રકરણમાં નિરોધદાનમાં મુખ્ય અધિકારી શ્રીવ્રજજનોનો જ પ્રસંગ પ્રશંસાયો. વસ્તુતઃ તો પુષ્ટિમાર્ગીય પ્રભુનો પ્રાદુર્ભાવ જ સાધનનિષ્ઠને અર્થે નથી, પરન્તુ કેવલ નિઃસાધનને જ અર્થે છે, તેથી કેવલ નિઃસાધન સ્વરૂપાકાંક્ષી શ્રીવ્રજજનનાં પ્રમાણ પ્રમેય સાધન અને ફલ પણ સર્વેશ્વર સર્વાત્મા પ્રાદુર્ભૂત પ્રભુસ્વરૂપ સ્વતઃજ થઈ જાય છે. એ સિદ્ધાન્ત સ્પષ્ટ કરવાને આ તામસ પ્રકરણના પ્રમાણ પ્રમેય સાધન અને ફલ એમ ચાર અવાન્તર વિભાગ છે.

નિજ સ્વરૂપપ્રાકટ્યથી અનન્તર પ્રમાણાત્મક બાલલીલાનો સ્વીકાર કરીને શ્રીવ્રજજનને પ્રેમનું દાન કરે છે, પ્રમેયાત્મક ગોચારણાદિ લીલાનો અંગીકાર કરીને શ્રીવ્રજજનને આસક્તિનું દાન કરે છે, અને સાધનાત્મક શ્રીગોવર્ધનોદ્ધારણાદિ લીલાનો અંગીકાર કરીને શ્રીવ્રજજનને વ્યસનનું દાન કરે છે. આ પ્રકારે નિઃસાધન

શ્રીવ્રજજનને પ્રમાણરૂપ પ્રેમ, પ્રમેયરૂપા આસક્તિ અને સાધન-રૂપ વ્યસનનું-સર્વાત્મભાવનું-પણ સ્વરૂપતઃ દાન કરીને બ્રહ્માનંદથી પણ અધિક પરમ વિમલ ભજનાનન્દાત્મક પુષ્ટિમહારસરૂપ શ્રી રાસોત્સવાદિ અવિચલ નિત્યલીલામાં મધ્યપાતી પ્રવેશરૂપ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ફલનું સહજ દાન કરે છે.

નિરોધના આ પ્રકારના દ્વિતીય તામસપ્રકરણના મધ્યમાં મધ્ય-મણિવદ્ દ્વિતીય અવાન્તર પ્રમેયપ્રકરણના અન્તમાં સર્વાન્તર મધ્ય-નાયક અસ્મત્સર્વસ્વ શ્રીવેણુ-નિનાદનો સર્વોપકારક પ્રાદુર્ભાવ થાય છે. જે સ્વરૂપાત્મક સુધા શ્રીઆચાર્યચરણના અવલંબન વિના પુષ્ટિમાર્ગીય પ્રભુના પણ રસાત્મક સ્વરૂપમાં આધિદૈવિકતા ન સમર્પાતાં અગ્રિમા સર્વ લીલાનો આવિર્ભાવ સુદુર્ઘટ થઈ જાય.

સુધાનું મધ્યત્વ અને આધિપત્ય

આ પ્રકારે સુધાએ કરીને જ રસાત્મક ફલસ્વરૂપ શ્રીભાગ-વતનો ઉપર્યુક્ત કથિત બીજરૂપ ગાયત્રી અને કલ્પવૃક્ષ રૂપ વેદથી પણ સમુત્કર્ષ સિદ્ધ થાય છે. તે સુધાનું સ્વરૂપ તે શ્રીસુબોધિનીજી અને તેનો મનથી અનુભવાતો નિર્ગુણ ભાવાત્મક વિલાસ તેજ આ વાર્તાઓ. જેવા પ્રકારે શ્રી ભાગવત વૈકુણ્ઠમાં નિત્ય ફલરૂપે બિરાજે છે અને તે શ્રીશુકદ્વારા ભૂતલમાં પણ સર્વોદ્ધારાર્થ પ્રકટયું, તેવા જ પ્રકારે આ મૂર્તિમંત સુધા અને તેનો ભાવાત્મક નિર્ગુણ વિલાસ નિત્યલીલામાં પરમ રસ રૂપે-ભાવરૂપે-સ્થિત છે. અને તે શ્રીગોકુલેશદ્વારા ભૂતલમાં દૈવ-જનોદ્ધારાર્થ પ્રકટ્યો છે. શ્રીશુક અક્ષરબ્રહ્માત્મક છે ત્યારે શ્રી ગોકુલેશ સાક્ષાત્ શ્રીગોકુલેશસ્વરૂપ છે. અતઃ શ્રીશુકદ્વારા પ્રકટિત ફલમાં સુધા અવ્યક્ત રૂપે છે. જ્યારે અહીં વ્યક્ત અને નિરાવરણ ક્રીડારૂપ છે.

વાર્તાનું અલૌકિક સ્વરૂપ અને તેની પરંપરા

આથી જ વાર્તાઓ રૂપી શ્રીમદાચાર્યચરણનો આધિદૈવિક નિર્ગુણ ભાવાત્મક વિલાસ, એ ફલનું યે ફલ, રસનો યે રસ, ગાયત્રીની યે ગાયત્રી, દર્શનનું પણ દર્શન અને તત્ત્વનું પણ તત્ત્વ છે. જેથી શ્રીગોકુલેશે વાર્તાને શ્રીસુબોધિનીજીની કથાના પણ ફલ રૂપે વર્ણવી છે.

વાર્તાની સર્વોત્કૃષ્ટતા

શ્રીભાગવત રસાત્મક ફલ છે અને તે ફલના રસના આસ્વાદ–સુધા–ના પરમ ભાવરૂપ આ વાર્તાઓ છે. જેમ શ્રીભાગવત સારસ્વતકલ્પીય અવતારલીલાના પ્રતિપાદનરૂપ છે, તેમ આ વાર્તાઓ પણ નિત્યલીલાસ્થિત ભાવાત્મક સ્વરૂપની ભાવમયી લીલાના પ્રતિપાદન રૂપ છે. જેમ શ્રીભાગવતના શ્રવણમાત્રથી સમગ્ર લીલાસહિત શ્રીકૃષ્ણ હૃદયમાં પધારે છે, તેમ આ વાર્તાઓના શ્રવણમાત્રથી જ શ્રીકૃષ્ણની લીલાના અનુભવમાં મુખ્ય એવા પરમફલરૂપ ભાવનું દાન થાય છે. અર્થાત્ શ્રીવલ્લભાધીશનું ભાવાત્મક સ્વરૂપ હૃદય-સ્થિત થાય છે.

આ પ્રકારે વાર્તાના સ્વરૂપની પરંપરા કહીને હવે તેમાં રહેલા મૂર્તિમંત સુધાસ્વરૂપ શ્રીઆચાર્યજીના આધિદૈવિક સ્વરૂપનો સૂક્ષ્મ ઉલ્લેખ કરીએ છીએ.

શ્રીઆચાર્યજીનું આધિ-દૈવિક સ્વરૂપ.

"પૂર્ણ બ્રહ્મ શ્રીલક્ષ્મણસુત" અતએવ આપ પૂર્ણ બ્રહ્મ **शृंगाररसरसो हरिः रसो वै सः** રૂપસુધાનું સ્વરૂપ છે. તે મુખ્ય સુધા પુરુષાકાર છે. "**बर्हापीडं नटवरवपुः**" આ શ્લોકપ્રતિપાદિત સ્વરૂપ છે, દેહભાવરહિત રસસ્વરૂપ છે. જેમ દેહમાં વીર્ય મુખ્ય તેમ ભગવત્સ્વ-રૂપમાં સુધા. જેમ દેહમાં વીર્યસાર મસ્તકમાં રહે તેમ અહીં સુધા, "આનંદમાત્રકરપાદમુખોદરાદિ" સ્વરૂપના સારભૂત હોઈ અધરમાં સ્થિત છે.

આ પ્રકારે શ્રીઆચાર્યજીનું સુધાસ્વરૂપ કેવલ ભક્તમાત્રૈક-અનુભવગમ્ય છે. તેમાં અત્યંતાંતરંગ કોટિમાં વિરલ પદ્મનાભદાસાદિનો અનુભવ પ્રમાણસ્વરૂપ છે—

આ સુધાસ્વરૂપ શ્રીઆચાર્યજી વિના પુષ્ટિપ્રભુની સર્વ રસમયી લીલાનો પ્રાદુર્ભાવ જ સુદુર્ઘટ છે. તે-સુધા-વિપ્રયોગાત્મક અને સદાનંદરૂપ હોવાથી કૃષ્ણસ્વરૂપ છે. અતઃ શ્રીગુસાંઈજી વલ્લભાષ્ટકમાં "**वस्तुतः कृष्ण एव**" એમ આજ્ઞા કરે છે.

શ્રીઆચાર્યજીના સ્વરૂપની મુખ્યતા.

આ સુધા મુખ્ય સાત સ્વરૂપે વિલસે છે, તેનો વિલાસ સ્વતંત્ર નિરપેક્ષ અને સ્વચ્છન્દ છે. તેનાં સાત સ્વરૂપ આ પ્રમાણે છે.

શ્રીઆચાર્યજીનાં મુખ્ય સાત સ્વરૂપ અને તેમની સ્થિતિ.

૧ મુખ્ય પુરુષાકારસુધા. ૨ આનંદસ્વરૂપ-ભગવદ્‌ભાવરૂપ કૃષ્ણસ્વરૂપ—૩ પરમાનંદસ્વરૂપ—ગૂઢસ્ત્રીભાવરૂપ સ્વામિનીસ્વરૂપ—૪ કૃષ્ણાસ્યસ્વરૂપ—ધર્મી વિપ્રયોગાત્મક સ્વરૂપ—૫ વૈશ્વાનરસ્વરૂપ—તાપાત્મક—૬ વલ્લભસ્વરૂપ—લીલામધ્યપાતી દાસ્યરૂપ—અને ૭ આચાર્યસ્વરૂપ-સન્મનુષ્યાકૃતિ, ભક્તિમાર્ગાબ્જમાર્તંડ અને વાક્‌પતિસ્વરૂપ.

આ સાતે સ્વરૂપથી શ્રીઆચાર્યજીનો ભિન્ન ભિન્ન પ્રકરણનો સ્વતન્ત્ર વિહાર સાંપ્રદાયિક સમગ્ર ગદ્યપદ્યાત્મક ભાષાસાહિત્યમાં વિશેષતઃ વાર્તા—કીર્તનમાં બિરાજે છે. અતઃ વાર્તા શ્રીઆચાર્યજીનુંજ સ્વરૂપ છે.

જે પ્રકારે દ્વાદશસ્કન્ધાત્મક શ્રીભાગવત "**द्वादशो वै पुरुषः**" શ્રુત્યનુસાર દ્વાદશ અંગરૂપ શ્રીહરિનું સ્વરૂપ છે, તે પ્રકારે આ વાર્તાઓ પણ દ્વાદશ અંગ અને તેના ૭ ધર્મ અને એક ધર્મી મળી ૮૪ લીલાત્મક રૂપ શ્રીઆચાર્યજીનુંજ સ્વરૂપ છે.

આ પ્રકારે વાર્તાની સમુત્કર્ષતા (ઉત્તમતા) સહજ સિદ્ધ છે.

શ્રીઆચાર્યજીના દ્વાદશ અંગ અને તેની ભાવાત્મક લીલાનું કોષ્ટક:—

શ્રીઆચાર્યજીનાં અંગ.	લીલા	વૈષ્ણવોનાં નામ.
હૃદય (મધ્ય)	નિરોધ લીલા	શ્રીદામોદરદાસ હરસાનીજી.
શિર	(પુષ્ટિ) મુક્તિ	શેઠ પુરુષોત્તમદાસ.
૨ હસ્ત	ઊતિ (પુષ્ટિ)આશ્રય	પદ્મનાભદાસ–ગદાધરદાસ
૨ સ્તન	મન્વંતર(પુષ્ટિ)ઈશાનુકથા	નારાયણદાસ–ગર્જનધાવન
૨ સાથલ	સ્થાન (પુષ્ટિ) પોષણ	પૂરણમલ્લ–કન્હૈયાશાલ
૨ કર	સર્ગ (પુષ્ટિ) વિસર્ગ	માધવભટ્ટ–યાદવેંદ્રદાસ
૨ પાદ	અધિકાર(પુષ્ટિ) સાધન	પ્રભુદાસજલોટા–દિનકરશેઠ

ઉપર્યુક્ત પ્રત્યેક અંગસ્વરૂપ વૈષ્ણવોના સાત ભેદ છે. તેમાં ૧ ધર્મી અને ૬ ધર્મો. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય છે. તે તે ધર્મ અને ધર્મીવાળા વૈષ્ણવોની વાર્તાઓમાં સમજાવવામાં આવ્યું છે.

આ પ્રકારે સમગ્ર વાર્તારૂપ શ્રીઆચાર્યજીની ભાવાત્મક લીલાને જે ધીર પુરુષ શ્રદ્ધાપૂર્વક હૃદયમાં ધારણ કરે છે; તેના ઉપર શ્રી આચાર્યજી પ્રસન્ન થાય છે અને તે ભક્તના હૃદયમાં સ્થિત થઈ પોતાના પરમ નિગૂઢ સ્વરૂપનો અનુભવ કરાવે છે.

તેવા ભક્તોનો મહિમા કોણ કહી શકવાને સામર્થ્યયુક્ત છે?

શ્રીભાગવતમાં લૌકિકી, પરમત અને સમાધિભાષા રહેલી છે. તેજ ત્રણ ભાષાઓ વાર્તાઓમાં ભૌતિક ઇતિહાસ–લૌકિકી–શાસ્ત્રાર્થ–પરમત અને રહસ્ય–સમાધિ–રૂપે રહેલી છે. વાર્તાઓમાં પહેલી બે ભાષાઓ સૂક્ષ્મ રૂપે છે. જ્યારે ત્રીજી સમાધિરૂપ રહસ્યભાષા પૂર્ણપણે છે. શ્રીગોકુલનાથજીએ વાર્તાઓની

વાર્તાની ત્રણ ભાષા.

ત્રણે ભાષાના ત્રણ ઐતિહાસિક ગ્રંથો કરેલા છે અને તે *નિજવાર્તા, ઘરૂવાર્તા, અને બેઠકચરિત્ર એ નામથી પ્રસિદ્ધ છે. જેથી આ ત્રણે ગ્રન્થ વાર્તાની ટીકારૂપ છે.

શ્રીઆચાર્યજીનું સ્વરૂપ ભાવાત્મક છે. અને તે ભાવનું સ્વરૂપ આ પ્રમાણે છે :—

ભાવનું સ્વરૂપ અને તેનું સર્વોત્કૃષ્ટ ફળ

ભાવ એટલે કેવલ (ધર્મી) વિપ્રયોગાત્મક સ્વરૂપ અને તેજ—પુષ્ટિમાર્ગમાં—કૃષ્ણાસ્ય (શ્રીઆચાર્યચરણ) કહેવાય છે. અને તેજ પુષ્ટિભક્તિ અથવા સ્વતન્ત્ર ભક્તિ તરીકે પ્રસિદ્ધ છે. આ ભાવનું રમણ પણ ભાવાત્મકજ છે. જેથી તે ક્રિયાપ્રાધાન્ય અને ઇન્દ્રિયપ્રાધાન્ય એવા કામભાવવાળી સંયોગાત્મક લીલાથી પર છે. આ ભાવ ભાવનાથી જ સિદ્ધ થાય છે. અન્ય ભક્તસાપેક્ષ નિત્યલીલા એજ આ સંયોગાત્મક લીલા જાણવી. તેના રસનો અનુભવ અલૌકિક ઇંદ્રિય અને ક્રિયાદ્વારા અનુભવાય છે. જ્યારે સર્વાત્મભાવવાળી અન્યભક્તનિરપેક્ષ નિત્ય લીલા—ભાવાત્મકલીલા—ના રસનો અનુભવ કેવલ ભાવનાદ્વારા જ પ્રભુ કરાવે છે. આ ભાવપ્રાપ્તિમાં કેવલ વિરહની ભાવના જ એક માત્ર સાધનરૂપ છે. આમાં લીલાની ભાવના, સ્વરૂપની ભાવના સાધનરૂપ મટી જઈ ફલરૂપ થાય છે. આમાં જ્ઞાન ગુણગાન આદિ બાધક છે. અને આ કેવલ—ધર્મી વિપ્રયોગાત્મક--ભાવનો અનુભવ એજ પરમ ફલ જાણવું.

આ ભાવ પ્રથમ તાપરૂપ થઈ ભક્તના લૌકિક દેહને સ્વ તાપદ્વારા શુદ્ધ કરી અલૌકિક કરે છે. આજ દેહમાં નવો દેહ કરે છે. અગ્નિ જેમ સ્વપ્રવેશથી કાષ્ઠને તેજોમય બનાવી દે છે, તેમ આ તાપ

* નિજવાર્તા=ઇતિહાસરૂપ, ઘરૂવાર્તા=રહસ્યભાષા. બેઠકચરિત્ર=(વિશેષત:) પરમતરૂપ.

પણ ભક્તના દેહને યથાસ્થિત રાખી અલૌકિક તેજોમય–આધારભૂત–બનાવે છે. વિપ્રયોગાગ્નિસ્વરૂપાત્મક હોવાથી દેહનો નાશ થતો નથી. જ્યારે દેહ તેજોમય થઈ આધારભૂત બને છે ત્યારે તે ભાવાત્મક વિપ્રયોગાગ્નિ ભક્તના સમગ્ર આકારમાં સર્વલીલાવિશિષ્ટ સ્વરૂપે પ્રવેશ કરે છે. દૃષ્ટાંત રૂપેઃ—ભક્તના હસ્તમાં હસ્ત રૂપે, પાદમાં પાદ રૂપે એમ સર્વ અંગોમાં જાણવું. ત્યારે તે ભક્ત અલૌકિક તદ્રૂપતાને પામે છે. આ પ્રવિષ્ટ વિરહાત્મા પ્રભુ મહાદુઃખે અનુભવાય છે. આ ભાવ સ્થિર થયા પછી તેમાં વિચિત્રતા પ્રાપ્ત થાય છે અને તે બે પ્રકારની છે. વિકલતા અને અસ્વાસ્થ્ય.

જેમ મહાસમુદ્રમાં ડુબેલાને સમુદ્રની લ્હેરોમાં મજ્જન ઉન્મજ્જન થાય છે, તેમ વિરહભાવરૂપી રસસિન્ધુમાં ડુબેલા આ રસિક ભક્તને વિકલતા અને અસ્વાસ્થ્ય સહજ સિદ્ધ થઈ જાય છે. આ ભક્તને પ્રભુ વિના જરાયે ચેન પડતું નથી. તે વિકલ થઈ તદ્રૂપ બની જાય છે. અતઃ તે ભક્ત તે વિપ્રયોગાગ્નિમાં પ્રવેશ કરે છે. આનું નામજ ભાવાત્મક રમણ કહેવાય છે. ત્યારે ભક્ત અસ્વાસ્થ્યે કરીને સ્વયં કૃષ્ણ–સદાનંદ–રૂપનો અનુભવ કરે છે. *

આ ભાવ તેજ સર્વાત્મભાવ કહેવાય છે. જેમાં દેહાદિકની સ્ફુરણા નથી થતી એટલે પ્રભુમાં અનન્ય ભાવ થાય એનેજ સર્વાત્મભાવ કહેવામાં આવે છે. આ અનન્ય ભાવમાં હું સમગ્ર પ્રભુનો છું એવી શુદ્ધ અદ્વૈતની ભાવના રહેલી છે. આમાં ઇંદ્રિયોના વિષયોનો સારી રીતે ત્યાગ છે. આમાં દેહ ઇંદ્રિય આદિના પૃથક્ત્વનું ભાનજ રહેતું નથી.

સર્વાત્મભાવનું સ્વરૂપ

આ સર્વાત્મભાવ, સ્વરૂપાનંદ અને ભાવાનંદથી પણ ઓળખાય

---

* श्याम रटत श्यामा श्याम भईरी । इत कृष्ण उत कृष्ण जित देखो तित कृष्ण मयीरी ।

છે. આના રમણમાં જેટલી ક્રિયા આદિ છે તે કેવલ ભાવમાત્રજ જાણવી. અને આ આનંદ આત્માદ્વારાજ અનુભવાય છે. આ ભાવ આનંદરૂપ હોઈ રસરૂપતાને પામેલો છે અને તે રસસ્વરૂપાત્મક છે. અને તે રસ–શૃંગારરસાત્મા હરિરૂપ છે. આ સ્વરૂપના પ્રત્યેક અવયવ મુખ–ચરણ આદિ સર્વ આનંદરૂપ છે. તેના ઐશ્વર્યાદિ બધા ધર્મો પણ આનંદાત્મકજ છે. આ પ્રભુના ધર્મો અને શક્તિઓ પણ પ્રભુરૂપ છે. સર્વ સ્વરૂપાત્મક આનંદ છે. આ શૃંગારરસના દ્વિવિધ ભેદ છે. સંયોગ અને વિપ્રયોગ. ઉભય રસ શૃંગારરસરૂપજ છે. સંયોગ રસ ધર્મસહિત હોવાથી ક્રિયાત્મક છે અને તે લોકવેદમાં પ્રસિદ્ધ છે. જ્યારે વિપ્રયોગરસ ધર્મીરૂપ, ભાવાત્મક અને કેવલ છે તેથી તે અનુભવથીજ જાણી શકાય છે.

આ ભાવાત્મક રસરૂપ પ્રભુના વ્રજમાં રહેલા ભાવાત્મક સર્વ પદાર્થો હમેશાં એક ભાવથી યુક્ત છે. અને તે સર્વે ભગવદ્રૂપ છે. તેની સર્વ સામગ્રી ભાવરૂપજ છે.

ગંગાજીની માફક ભાવનાં ત્રિવિધ સ્વરૂપ છે. આધિદૈવિક, આધ્યાત્મક અને આધિભૌતિક.

ભાવનું વ્યાપકત્વ, વર્ચસ્વ અને સર્વોત્કૃષ્ટત્વ

આધિદૈવિક:–સ્વયં ભક્તિ (ભાવ) રૂપ છે. અને ભક્તિ એજ પુષ્ટિ છે. આધ્યાત્મિક:–ભાવનારૂપ છે. અને તે માહાત્મ્યજ્ઞાનરૂપ છે. આધિભૌતિક:–ક્રિયારૂપ છે અને તે કર્મસ્વરૂપ છે, જેમ ગંગાજીના આધિભૌતિક સ્વરૂપમાં આધ્યાત્મિક અને આધિદૈવિકની સ્થિતિ છે, તેમ ક્રિયામાં (કર્મરૂપમાં) ભાવના–માહાત્મ્યજ્ઞાન–અને ભાવની–ભક્તિની–સિદ્ધિ રહેલી છે. આ ક્રિયા તે કર્મરૂપ હોઈ સદાચારથી યુક્ત શ્રીકૃષ્ણની સેવા તેજ છે. એટલે ભૌતિક તનુજાવિત્તજારૂપ ક્રિયાત્મક સેવામાં સ્વરૂપના

માહાત્મ્યજ્ઞાનરૂપ આધ્યાત્મિક ભાવનાના સંબંધે કરીને, તે ભૌતિક-સેવામાં આધિદૈવિકી ભાવાત્મક–માનસી–સેવાની સિદ્ધિ રહેલી છે. તનુજાવિત્તજા વિના માનસી અપ્રાપ્ય છે.

આ પ્રકારે અંતરંગલીલાસંબંધી ભાવનાં ત્રણ સ્વરૂપ કહ્યાં. હવે બહિરંગલીલાસંબંધી ભાવનાં ત્રણ સ્વરૂપ આ પ્રકારે છેઃ—

આધિભૌતિકમાં કલ્પનારૂપે ભાવની સ્થિતિ છે.

આધ્યાત્મિકમાં વાસનારૂપે ભાવની સ્થિતિ છે.

આધિદૈવિકમાં સત્યરૂપે ભાવની સ્થિતિ છે.

ભૌતિક સ્થૂલદેહાદિકલ્પનાદ્વારાજ સર્વત્ર કાર્યની સિદ્ધિ કરી શકે છે, અતઃ તે કલ્પના તે એક સત્તારૂપ છે. કલ્પનારૂપી સત્તાત્મક ભાવ વિના કોઈ પણ કાર્યની ઉત્પત્તિ કે સિદ્ધિ નથીજ. આધ્યાત્મિક સૂક્ષ્મદેહાદિ (પરલોકમાં પાપપુણ્યનો ભોગકર્તા)માં વાસનાનીજ ચૈતન્યાત્મક રૂપ સ્થિતિ છે. એટલે સૂક્ષ્મદેહ વાસનારૂપેજ અંતઃ સ્થિત છે. અને તે તત્ત્વરૂપ વાસના પોતાના બલથી કલ્પનાને ઉત્પન્ન કરી સર્વ કાર્ય કરાવે છે. આ રીતે તેનું પ્રધાનપણું અને ચૈતન્યાત્મક રૂપ કહ્યું. આધિદૈવિક તે સત્ય આત્મારૂપ છે. આત્મા એ આનંદરૂપ છે અને તેની સત્તા સર્વત્ર છે. જગત તો તેની એક માત્ર કણિકાથી ચાલી રહ્યું છે. આ રીતે તે ભાવ સત્ચિદાનંદ કૃષ્ણરૂપ છે. અને તેના આનંદના સારભૂત કૃષ્ણાસ્ય–શ્રીવલ્લભાચાર્ય છે. અતઃ કૃષ્ણાસ્યજ અંતરંગ બહિરંગલીલામાં મધ્યપાતિ છે. તેમના વિના કોઇપણ લીલા સંભવતીજ નથી. અતઃ બાહ્યાભ્યંતર જગત બ્રહ્મરૂપ હોઈ કૃષ્ણાસ્યના આધારથીજ સ્થિત છે.

આ રીતે ભાવસ્વરૂપ–કૃષ્ણાસ્યરૂપ–શ્રીવલ્લભનું વ્યાપકત્વ, વર્ચસ્વ, અને સર્વોત્કૃષ્ટત્વ કહ્યું.

॥ श्रीद्वारकेशो जयति ॥

मंगलाचरणम्

श्रीकृष्णाय नमः ॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

ये नित्यं परिभावयन्ति चरणौ श्रीवल्लभस्वामिनो
ये वा तद्गुणगानसेवनपरा ये सन्निधिस्थायिनः ।
ये वा तद्गतभावभावितमनोमोदान्विताः सन्ततं
तेषामेव सदास्तु दास्यमपरं किं वा फलं जन्मनः ॥१॥

અર્થ:—જેઓ શ્રીવલ્લભાધીશનાં ચરણોનું ધ્યાન કરે છે, જેઓ તેના ગુણગાનમાં અને સેવનમાં તત્પર છે, જેઓ તેના સાન્નિધ્યમાં રહેનારા છે. વળી જેઓ તે શ્રીમહાપ્રભુજીમાં રહેલ ભાવથી ભાવનાવાળા મનના આનન્દથી હમેશાં યુક્ત છે, **તે ભગવદીયોનું દાસ્ય મને સદા થાઓ. જન્મનું બીજું શું ફળ છે?**

ये कृष्णास्यकृपायुताः प्रतिदिनं तन्मार्गचिन्तापराः
ये वा लौकिकवैदिकादि सकलं तत्कर्तृकं मन्वते ।
येषामन्यदुपास्यमेव न परं चित्ते समारोहति
स्वीयत्वेन वृतास्त **एव सततं मद्रक्षका भूतले ॥२॥**

અર્થ:—જેઓ શ્રીકૃષ્ણ પ્રભુના મુખારવિન્દાવતાર શ્રીમહાપ્રભુજીની કૃપાથી યુક્ત છે. પ્રતિદિન તે મહાપ્રભુજીના માર્ગનો વિચાર કરવામાં તત્પર છે, અને જેઓ લૌકિક વૈદિક સઘળું તેમણે કરેલું જ માની રહ્યા છે, અને જેઓના ચિત્તમાં બીજું ઉપાસ્ય ચઢતું જ નથી. જેઓનું પ્રભુએ સ્વકીયપણાથી વરણ કરેલ છે. **તે ભગવદીયોજ ભૂતલમાં મારા રક્ષક થાવ** ॥ ૨ ॥

ये तद्वाक्यविचारमात्रचतुरा गूढार्थबोधे रताः
ये विश्वासयुताः कृतौ च कथिते श्रीवल्लभस्वामिनः।
ये तद्वक्त्रदिदृक्षया हृदि सदा तप्ता विरक्ताः सुखे
तद्दास्यं प्रतिजन्म मे फलतु, किं सिद्धैः फलैरन्यतः ॥३॥

અર્થ:—જેઓ શ્રીવલ્લભાધીશની કૃતિમાં તથા કથનમાં વિશ્વાસવાળા છે, જેઓ તેના મુખારવિન્દનાં દર્શનની ઈચ્છાથી સદા હૃદયમાં તપ્યા કરે છે, અને સંસારના સુખમાં વિરક્ત છે, તેવા ભગવદીયોનું દાસ્ય પ્રતિજન્મ મને ફલીભૂત થાઓ, **બીજાં સિદ્ધ થતાં ફલોથી શું?** ॥ ૩ ॥

ये श्रीवल्लभपादसेवनकृते दीनाः स्वदेहादिको—
पेक्षास्तत्परचेतनास्तदुदितं सर्वं स्वतः कुर्वते ।
येषां बुद्धिरहर्निशं समधिका तत्तोषणे सादरा—
स्तेषामेव सतां सदा चरणयोः पातः परं मे फलम् ॥४॥

અર્થ:—જેઓ શ્રીવલ્લભાધીશનાં ચરણકમલના સેવન માટે દીનતાવાળા છે, પોતાના દેહાદિકની ઉપેક્ષા કરનારા છે, તે શ્રીમહાજીમાં પરાયણ બુદ્ધિવાળા, તેઓશ્રીએ આજ્ઞા કરેલું બધું પોતે જાતે કરે છે; અને જેઓની બુદ્ધિ તે મહાપ્રભુને પ્રસન્ન કરવામાં અધિક આદરવાળી છે, તે **સત્પુરુષોના ચરણમાં પડવું તેજ મારે પરમ ફળ છે.**

ये वा तत्प्रियनन्दसूनुचरणासक्ताः पुनः स्वामिनो
दास्यं शुद्धतया तदीयहृदयाभिप्रायमातन्वते ।
ये जीवत्फलमेतदेव निखिलं बुद्ध्या सदा मन्वते
तेषामेव पदाम्बुजे मम रतिः सेवाफलं जायताम् ॥५॥

અર્થ:—જેઓ તે શ્રીમહાપ્રભુજીના પ્રિય નન્દનન્દનના ચરણોમાં આસક્ત છે. ફરી શ્રીઠાકુરજીનું દાસ્ય તેમના હૃદયના અભિપ્રાયને જાણીને શુદ્ધપણાથી કરે છે. અને જેઓ જીવવાનું બધું ફળ આજ છે એમ બુદ્ધિપૂર્વક માને છે, **તે ભગવદીયોનાં ચરણકમલમાં સેવાના ફલરૂપ રતિ (પ્રેમ) મને થાઓ** ॥ ૫ ॥

ये तद्बोधनचातुरीकलनतः सन्तुष्टचित्ताः सदा
ये वा मानससेवनां तदुदितां मुख्यां परां जानते ।
ये 'दोषः सकलो निवृत्त' इति तद्विश्वासतो मन्वते
तेषामेव ममास्तु पादकमलद्वन्द्वे परा रेणुता ॥६॥

અર્થ:—જેઓ તે શ્રીમહાપ્રભુજીની સમજાવવાની ચાતુરીના વિચારથી સદા સન્તુષ્ટ ચિત્તવાળા છે અને જેઓ તે શ્રીમહાપ્રભુજીએ કરેલ માનસી સેવાને કેવલ મુખ્ય માને છે, જેઓ "મારો બધો દોષ નિવૃત્ત થયો છે" એમ તેઓશ્રી ઉપરના વિશ્વાસથી માને છે. **તે ભગવદીયોનાં બન્ને ચરણકમલમાં મને રજપણું થાઓ.**

ये गोपीपतिपादरेणुभजने श्रीवल्लभैकाश्रिता
ये वा दास्यपरम्परामुपगताः प्राप्ताः परां दीनताम् ।
ये "स्वीयं सकलं तदीय"मिति हृत्पङ्केरुहे मानयन्त्ये-
तेषामहमस्मि दासपदवीं प्राप्तः सदा जन्मनि ॥७॥

અર્થ:—જેઓ ગોપીપતિ શ્રીકૃષ્ણના ભજનમાં શ્રીવલ્લભાધીશના આશ્રયવાળા છે. જે દાસ્યની પરમ્પરાને પામ્યા છે, શ્રેષ્ઠ દીનતાને પ્રાપ્ત થયા છે. જેઓ હૃદયમાં બધું તે પ્રભુનું છે એમ માની રહ્યા છે. **સદાય જન્મમાં** (જન્મોજન્મે) **એવાઓની દાસપદવીને હું પ્રાપ્ત થયો છું.**

ये तद्रूपमहर्निशं स्वहृदये तापात्मकं सुन्दरं
साकारं सरसं रसात्मकतया ख्यातं हि जातं भुवि ।
नित्यं तत्परिचिन्तयन्ति सततं सङ्कीर्त्तयन्त्यादरात्
तेषां दैन्यभरेण मे प्रतिभवं दास्यं हि भूयात्फलम् ॥८॥

અર્થ:—જેઓ તાપાત્મક સુન્દર સાકાર સરસ રસાત્મકપણાથી પૃથ્વીમાં પ્રકટેલા અને પ્રસિદ્ધ, તે મહાપ્રભુજીના સ્વરૂપનું રાત્રિદિવસ ચિન્તન કરે છે અને આદરથી હમેશાં ગાય છે. **દીનતાના ભારથી પ્રતિભવ** (પ્રતિજન્મ) **તે ભગવદીયોનું દાસ્યજ મને થાઓ.** ૮

॥ इति श्रीहरिदासोक्तं दास्याष्टकं सम्पूर्णम् ॥

॥ श्रीहरिः ॥

॥ श्रीकृष्णाय नमः श्रीगोपीजनवल्लभाय नमः ॥

अथ चोरासी वैष्णवकी वार्ता श्रीगोकुलनाथजी कीए ताको भाव श्रीहरिरायजी कहत हे सो लिख्यते ॥

समग्र वार्ता के उपर श्रीहरिरायजीकृत भावात्मक लेखः-

चोरासी वैष्णव को कारण यह हे जो दैवी जीव चोरासी लक्ष योनि में परे हें ॥ तिनमें ते निकासिवे के अर्थ चोरासी वैष्णव कीए ॥ सो जीव चोरासी प्रकारके हें ॥ राजसी तामसी सात्विकी निर्गुण ए चारि प्रकार के गिरे ॥ तामें ते गुणमय राजसी तामसी सात्विकी रहन दीए ॥ सो श्रीगुसांईजी उद्धार करेंगे ॥ श्रीआचार्यजी विना श्री गोवर्द्धनधर रह न सके तो अपने अंतरंगो निर्गुण पक्षवारे चोरासी वैष्णव (प्रकट) कीए ॥ सो एक एक लक्ष योनिमें तें एक एक वैष्णव निर्गुण वारे के उद्धार वैष्णवद्वारा कीए ॥ ओर रसशास्त्रमें रसादिक विहारके आसन चोरासि वैष्णव कीए हे सो वर्णन कीये हें ॥ न्यारे न्यारे अंग के भाव-रूप ॥ चोरासि वैष्णव रसलीला संबंधी निर्गुण हे श्री ठाकुरजी के अंगरूपं ॥ तातें शास्त्र रीतिसों आसन चोरासी या भावसों अलौकिक हें ॥ ओर श्री आचार्यजी के अंग द्वादश हें सो स्वरूपात्मक हें । एक

---

१ राजसी तामसी चैव सात्त्विकी निर्गुणा तथा । एवं चतुर्विधा गोप्यः...फल० प्र अ० ३ को० ३

२ व्रज वृंदावन गिरि नदी पशु पंछी सब संग ।
इनसों कहा दूरावनो यह सब मेरो अंग ॥
(श्रीहरि०) याकी एकवाक्यता.

एक अंग में सात सात धर्म हें ॥ ऐश्वर्य वीर्य यश श्री ज्ञान वैराग्य ए छह धर्म, एक धर्मी ॥ ए सातमें या प्रकार बारह सते चोरासि वैष्णव श्री आचार्यजी के अंग रूप अलौकिक सर्व सामर्थ्यरूप हें ॥ ओर साक्षात् पूर्ण पुरुषोत्तम की लीला चोरासि कोस व्रजमें हें ॥ सो एक एक जीवकों अंगीकारि करि ॥ दैवि जीव जो चोरासि लक्ष योनिमें गिरे हें तिनको उद्धार करि चोरासि कोस व्रजमें जो जीव (जा) लीला संबंधी हें ॥ तिनकों तहां प्राप्त करन के अर्थ चोरासि वैष्णव अलौकिक प्रगट कीए ॥ यहभाव तें चोरासि वैष्णव श्रीआचार्यजी के हे सो एक दिन श्रीगोकुलनाथजी चोरासि वैष्णव की वार्त्ता करत कल्याण भट्ट आदि वैष्णव के संग रसमग्न होइ गए सो श्रीसुबोधिनीजी की कथा कहन की सुधि नांही ॥ सो अर्द्ध रात्रि होई गई ॥ तब एक वैष्णवने श्रीगोकुलनाथजी सों बिनती करि ॥ जो महाराजाधिराज आज कथा कब कहोगे ॥ अर्द्धरात्रि गई ॥ तब श्रीमुखतें श्रीगोकुलनाथजीनें कही ॥ आज कथाको फल कहत हें ॥ वैष्णव की वार्तामें सगरो फल जानीयो ॥ वैष्णव उपरांत और कछु पदारथ नाहि हें ॥ यह पुष्टि भक्तिमारग हें सो वैष्णवद्वारा फलित होयगो ॥ श्रीआचार्यजी हू यही कहते दमला तेरे-लिए मारग प्रगट कीयो हें ॥ तातें वैष्णव की वार्त्ता हे सो सर्वोपरि जानियों ॥ या प्रकार चोरासि वैष्णव श्रीआचार्यजी के निर्गुण पक्ष के मुखिया जानने ॥

अब रई राजसी तामसी सात्त्विकी गुणमय* तिनके उद्धारार्थ श्रीगुसांईजी नें चोरासि वैष्णव राजसि कीए ॥ चोरासि वैष्णव तामसि

---

* देखो निर्गुण सगुण भेद " वार्तामाहात्म्य "

कीए ॥ चोरासि वैष्णव सात्विकी कीए ॥ ये तिनों जूथ मिलिके दोयसे बावन भए ॥२५२॥ श्रीगुसांईजीके अंगसंबंधी हैं ॥ या प्रकार श्री आचार्यजी श्रीगुसांईजी के सेवक को भाव कहें ॥

॥ श्रीद्वारकेशो जयति ॥

શ્રીહરિરાયજીકૃત સમગ્ર વાર્તાઓ ઉપરના ભાવાત્મક લેખનું ટિપ્પણ

શ્રીહરિરાય મહાપ્રભુ ભગવલ્લીલાનું અસ્તિત્વ બતાવતાં, ચાર પ્રકારના જીવોનું આ લેખમાં નિરૂપણ કરે છે. ૪ પ્રકારો–૧ નિર્ગુણ, ૨ રાજસ, ૩ તામસ, ૪ સાત્વિક. નિર્ગુણ ભક્તોનો શ્રીઆચાર્યચરણદ્વારા ઉદ્ધાર નિરૂપેલો છે. જ્યારે શેષ ત્રણ ગુણમય ભક્તોનો ઉદ્ધાર શ્રીગુસાંઇજીદ્વારા કહેલો છે,

જ્યારે શ્રીગોવર્દ્ધનધરે શ્રીઆચાર્યજીને દૈવી જીવોના ઉદ્ધારાર્થ ભૂતલમાં પ્રકટ થવાની આજ્ઞા આપી ત્યારે શ્રીઆચાર્યજી વિના શ્રીગોવર્ધનધર લીલામાં રહી ન શક્યા.* તે વખતે નિજ અંતરંગ–આધિદૈવિક ભાવરૂપ નિર્ગુણ ચોર્યાશી વૈષ્ણવોને પણ શ્રીઆચાર્ય-ચરણમાં જ અંગરૂપે સ્થાપી (પ્રકટ કરી) પૃથ્વી ઉપર તે તે ભાવરૂપ આધિદૈવિક વૈષ્ણવોના ભૌતિક સ્વરૂપના ઉદ્ધારાર્થ પ્રાકટ્ય કર્યું.

અતઃ તે અંતરંગી ચોર્યાશી વૈષ્ણવો શ્રીઆચાર્યજીના દ્વાદશ અંગ અને તેના સાત–૬ ધર્મ, ૧ ધર્મી–ભેદથી ભૂતલ વિષે શ્રીઆચાર્યચરણમાં જ ભાવરૂપે પ્રકટ થયા.

આ પ્રકારે ચોરાશી વૈષ્ણવોના ભૌતિક–લક્ષ ચોર્યાશી યોનિ સ્થિત–અને આધિદૈવિક–અંગરૂપ–એમ બે સ્વરૂપ અહીં નિરૂપ્યાં છે.

---

* પ્રત્યક્ષવિરહ (નંદદાસકૃત વિરહમંજરી)

રસશાસ્ત્રમાં નિરૂપેલાં રસાદિક વિહારનાં–તે શ્રીઠાકુરજીના સંબંધથી અલૌકિકતાને પ્રાપ્ત થયેલાં–ચોર્યાશી આસનોનાં સ્વરૂપ શ્રીઠાકુજીના અંગરૂપ એવા ઉપર વર્ણવેલા આધિદૈવિક ચોર્યાશી વૈષ્ણવોનાં છે.

અતએવ આ રસમય લીલા ચોર્યાશી કોસ વ્રજમાં સ્થિત છે. તે લીલાના સંબંધી ભૌતિક ચોર્યાશી સાધનરૂપ ભક્તોના તેમના જ આધિદૈવિક સ્વરૂપ દ્વારા, ઉદ્ધાર કરી તે તે લીલામાં પ્રાપ્તિ કરાવવી એ શ્રીઆચાર્યચરણના પ્રાકટ્યનું મુખ્ય કારણ છે અને તે પ્રાપ્તિના ફલાત્મક સાધનનું નિરૂપણ કરવું તે આ વાર્તા પ્રકટ કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. આ માર્ગમાં સાધન અને ફલનું અભેદપણું કહેલું હોવાથી આ વાર્તાઓ પરમ ફલરૂપ છે. આજ પ્રકારે શ્રીગુસાંઈજીના અંગસંબંધી ૨૫૨ સગુણ ભક્તોનું ભૌતિક અને આધિદૈવિક સ્વરૂપ નિરૂપેલું છે.

શ્રીહરિરાયજી કૃત ભાવાત્મક લેખનું સ્વારસ્ય:–

જેવા પ્રકારથી શ્રીઆચાર્યજીએ શ્રીમદ્ભાગવતના ચાર અર્થરૂપ આનંદમય શ્રીહરિ અને તેની લીલાનાં દર્શન નિબંધમાં કરાવ્યાં છે તેવા જ પ્રકારે શ્રીહરિરાયજીએ આ વાર્તાઓના ચાર અર્થરૂપ પરમાનંદસ્વરૂપ શ્રીઆચાર્યજી અને તેમની ભાવાત્મક લીલાનાં દર્શન આ લેખમાં કરાવ્યાં છે. શ્રીભાગવતના શેષ ત્રણ અર્થરૂપ શ્રીહરિનાં સ્વરૂપ શ્રીઆચાર્યજીએ શ્રીસુબોધિનીમાં સ્થાપ્યાં છે, તેમ શ્રીહરિરાયજીએ વાર્તાના અર્થરૂપ શેષ ત્રણ સ્વરૂપ "ભાવપ્રકાશ" માં સ્થાપ્યાં છે.

આ લેખમાં દર્શાવેલાં શ્રીઆચાર્યજીનાં ચાર સ્વરૂપો આ પ્રમાણે છે:—

१ " तातें अपने अंतरंगी निर्गुण पक्षवारे चोरासि वैष्णव (प्रकट) कीए "

અંતરંગી=આધિદૈવિક, નિર્ગુણ પક્ષવારે વૈષ્ણવ=દેહભાવરહિત

પુરુષાકાર સુધા—**बर्हापीडं नटवरवपुः**—સ્વરૂપ સાથે ભાવાત્મકરીતે વિલસનારા ભક્તોને પ્રકટ કર્યા.

જ્યાં જે પ્રકારના ભાવના ભક્તોનું પ્રાકટ્ય હોય, ત્યાં તે પ્રકારના ભાવાત્મક પ્રભુનું પ્રાકટ્ય અવશ્ય રહેલું જ છે. તેથી અહીં સુધાસ્વરૂપનું પ્રાકટ્ય કહેલું છે.

२ " ओर रसशास्त्रमें रसादिक बिहार के आसन (रूप) चोरासी वैष्णव कीए हे । न्यारे न्यारे अंग के भावरूप । चोरासि रसलीला संबंधी निर्गुण हे । "

અહીં આસનશબ્દથી પાત્રરૂપતા કહેલી છે. રસની સ્થિતિ સ્ત્રીઓમાં જ છે જેથી તે રસના પાત્રરૂપ છે. અને લીલાશબ્દથી સંયોગત્વ પણ સિદ્ધ જ છે. આ લીલાની સ્થિતિ સ્વામિનીભાવ વિના નથી. અતઃ અહીં **"स्वामिनीभावसंयुक्त"** ઇત્યાદ્યુક્ત શ્રીઆચાર્યજીનું પરમાનંદરૂપ ગૂઢસ્ત્રીભાવ સ્વામિનીસ્વરૂપનું પ્રાકટ્ય કહેલું છે.

३ " ओर श्रीआचार्यजी के अंग द्वादश हे सो स्वरूपात्मक हे ।

અહિં દ્વાદશ અંગ શબ્દથી સાકાર પુરુષોત્તમનું પ્રતિપાદન છેઃ કારણ કે " **द्वादशो वै पुरुषः** " પુરુષ નિશ્ચયે દ્વાદશાંગ છે એમ શ્રુતિ કહે છે. અને તે પુરુષોત્તમ આનંદરૂપ છે. તેથી શ્રીઆચાર્યજીનું નામ પણ " **आनंद** " એમ છે. અને તે ભગવદ્ભાવરૂપ છે. જેથી શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે " **भगवद्भावभावितः** " ।

४ " चोरासि कोस व्रजमें जो जीव जा लीला को संबंधी हे तिनकों तहां प्राप्त करन के अर्थ चोरासि वैष्णव अलौकिक प्रगट कीए ॥"

અહિં કેવલ વિપ્રયોગાત્મક કૃષ્ણાસ્યસ્વરૂપ કહેલું છે. વિપ્રયોગ વિના કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ નથી જ. અતઃ આપે વિપ્રયોગાત્મક સ્વરૂપે ભૂતલ ઉપર પધારીને, દૈવી જીવોને સ્વતાપાત્મક સ્વરૂપનું દાન કરી શુદ્ધ કર્યા અને ભગવદ્લીલાના સંબંધને પ્રાપ્ત કરાવ્યા.

આ પ્રકારે આ લેખમાં શ્રીઆચાર્યજીનાં ચાર સ્વરૂપો કહ્યાં છે.×

॥ श्रीद्वारिकेशो जयति ॥

કુંજ પ્રકરણ —: समस्त लीला प्रकरणः—

ચોર્યાશી કોસ વ્રજમાં ચોરાસી કુંજ મુખ્ય છે.

રસિક પુરુષો અને મહાત્માઓના નિકુંજાદિવર્ણનમાં અનેક મત છે. તેને પરસ્પર વિરુદ્ધ જોઇને શંકા કરવી નહિ. કારણ કે આ નિકુંજલીલા ભાવસિદ્ધ છે.જેનો જેવા ભાવનો અધિકાર હોય તેને તેવા પ્રકારના ભાવાત્મક સ્વરૂપનાં દર્શન થાય છે. રહસ્યપુરાણમાં ૯૩ કોટિ રાસલીલાનું વર્ણન છે. અને ૯૩ કોટિ કુંજો પણ છે. વૃંદાવન બે છે. એક પૃથ્વી ઉપરનું અને બીજું ગોલોકનું નિત્યવૃંદાવન– આ નિત્ય વૃંદાવનનો જ આવિર્ભાવ ભૌતિક વૃંદાવનમાં ભગવત્ક્રીડાર્થે થયેલો છે. એટલે આ ભૌતિક વૃંદાવન પણ તદ્રૂપ જ છે. એવા જ પ્રકારે શ્રીગોકુલ ગોવર્ધન આદિ છે. જેથી વારાહપુરાણમાં તીર્થરાજ પ્રયાગના સમક્ષ પ્રભુએ વ્રજને પોતાનું ઘર કહેલું છે.

આ નિત્યલીલાના શ્રીમદ્ગોકુલ આદિ સ્થલોના ભૌતિક ગોકુલ આદિ ધામોમાં આવિર્ભાવનો પ્રકાર શ્રીગુસાંઇજીએ વિદ્વન્મંડનમાં નેત્રના દૃષ્ટાંતથી સમજાવ્યો છે.

જેમ અસલ નેત્રેન્દ્રિય આ દેખાતા પ્રાકૃત ચક્ષુની અંદર રહેલી છે, (આ વાત આજના ડૉકટરી વિજ્ઞાનથી સિદ્ધ થાય છે.) અને તેથી જ આ નેત્રમાં તેની તદ્રૂપતા હોઈને આ ભૌતિક નેત્રદ્વારાજ સર્વ વસ્તુ પ્રત્યક્ષ થઈ શકે છે. તેવા જ પ્રકારે આ દેખાતા ભૌતિક

× આ, શ્રીહરિરાયજીના ભાવરૂપ લેખનું મૂલ સાધનપ્રકરણ છે. તેમાં વ્રતચર્યાપ્રસંગના " वयस्यैरागतस्तत्र " આદિ શ્લોકોનાં શ્રીસુબોધિનીજીમાં આધિદૈવિક ભાવરૂપ અંતરંગ ભક્તોની અંગરૂપે સ્થિતિ આદિનો પ્રકાર શ્રીઆચાર્યચરણે સમજાવ્યો છે. જીજ્ઞાસુઓએ ત્યાં જોવું. સ્થલસંકોચથી અહિં તે ન લખતાં ખાલી સૂચના માત્ર કરી છે.

શ્રીમદ્ગોકુલ આદિના સેવનથી જ સર્વ લીલાનો સાક્ષાત્કાર થઈ શકે છે. કારણ કે તે નિત્યલીલાના શ્રીમદ્ગોકુલ આદિ નિત્ય ધામોથી તદ્રૂપતાને પ્રાપ્ત થયેલાં છે.

આવા જ પ્રકારે શ્રીહરિરાયજીના સમગ્ર વાર્તા ઉપરના લેખમાં રહેલાં વૈષ્ણવોનાં બે સ્વરૂપો જાણવાં. ભૌતિક અને આધિદૈવિક સ્વરૂપોની ભાવ અને અંગરૂપે સ્થિતિ હોવાથી તેમના સન્મુખ થતાં માત્રથી જ ભૌતિક સ્વરૂપમાં શ્રીઆચાર્યજી દૃષ્ટિદ્વારા તેમના આધિદૈવિક મૂલ સ્વરૂપોનો પ્રવેશ કરાવે છે. તેથી વૈષ્ણવો અલૌકિકતાને પ્રાપ્ત થાય છે–

આ ભાવાત્મક સ્વરૂપોના સ્થાપનનો પ્રકાર વ્રતચર્યાપ્રસંગનાં શ્રીસુબોધિનીજીમાં શ્રીઆચાર્યચરણે સારી રીતે સમજાવ્યો છે. પૂતના દ્વારા શોષેલાં કુમારિકાઓના પુંભાવરૂપ સ્વરૂપોને શ્રીઠાકોરજીએ દૃષ્ટિદ્વારા કુમારિકાઓમાં સ્થાપી રસયોગ્ય કર્યાં છે. અસ્તુ.

૯૩ કોટિ કુંજોમાં ચોર્યાશી કુંજ મુખ્ય છે. માટે તે તે કુંજના અધિકારી નિર્ગુણ ચોરાશી સેવકો શ્રીઆચાર્યચરણે અંગીકાર કર્યા.

હવે ચોર્યાશી કુંજોનાં નામ લખીએ છીએ :—

૧ પ્રીતિકુંજ, ૨ પ્રેમકુંજ, ૩ કંદર્પકુંજ, ૪ લીલાકુંજ, ૫ મજ્જનકુંજ, ૬ વિહારકુંજ; ૭ ઉત્કણ્ઠ કુંજ, ૮ મોહન કુંજ, ૯ યુગલ કુંજ, ૧૦ હાવકુંજ, ૧૧ ભાવકુંજ, ૧૨ કટાક્ષકુંજ, ૧૩ અલક કુંજ, ૧૪ મુક્તાકુંજ, ૧૫ ભ્રૂકુંજ, ૧૬ વેણીકુંજ, ૧૭ રોમરાજિકુંજ ૧૮ નીવીકુંજ, ૧૯ કટિક્ષીણકુંજ, ૨૦ માનકુંજ, ૨૧ ભ્રમનકુંજ, ૨૨ તિષ્ઠનકુંજ, ૨૩ સંગીતકુંજ, ૨૪ આલસ્યકુંજ, ૨૫ કલકૂજિત કુંજ, ૨૬ વિવિધાકાર કુંજ, ૨૭ દુકુલકુંજ, ૨૮ નેત્રકુંજ, ૨૯ કુંડલકુંજ, ૩૦ હારકુંજ, ૩૧ તામ્બૂલકુંજ, ૩૨ આડકુંજ, ૩૩ લાવણ્યકુંજ, ૩૪ હાસ્યકુંજ, ૩૫ ઉત્સાહકુંજ, ૩૬ ઉગ્રતાકુંજ, ૩૭ કોકિલાલાપકુંજ, ૩૮ ગ્રીવકુંજ, ૩૯ આલિંગનકુંજ, ૪૦ ચુમ્બનકુંજ, ૪૧ અધરપાન

કુંજ, ૪૨ દર્શનકુંજ, ૪૩ દર્પનકુંજ, ૪૪ પ્રલાપકુંજ, ૪૫ ઉન્માદકુંજ ૪૬ દર્પકુંજ, ૪૭ ઉત્સાદનકુંજ, ૪૮ ઉત્કર્ષકુંજ, ૪૯ દીનકુંજ, ૫૦ અધીનકુંજ, ૫૧ સુરતકુંજ, ૫૨ આકર્ષણકુંજ, ૫૩ ઉચ્ચાટનકુંજ, ૫૪ મૂર્છાકુંજ, ૫૫ વશીકરણકુંજ, ૫૬ સ્તમ્ભનકુંજ, ૫૭ પ્રિયાસ્કન્ધારોહણકુંજ, ૫૮ આવેશકુંજ, ૫૯ વાર્તાલાપકુંજ ૬૦ પર્યંકકુંજ, ૬૧ પ્રિયાચરણતાડકાનકુંજ, ૬૨ નખક્ષતકુંજ, ૬૩ દન્તક્ષતકુંજ ૬૪ ક્ષપિતરંગકુંજ, ૬૫ વિગતાભરણકુંજ, ૬૬ ભૂષણકુંજ, ૬૭ કંપકુંજ, ૬૮ રતિપ્રલાપકુંજ, ૬૯ તુત્તલગિરકુંજ, ૭૦ પ્રિયાવાસભવનકુંજ, ૭૧ મદનગુહ્યકુંજ, ૭૨ આસક્તપુંજકુંજ, ૭૩ પરમરસકુંજ, ૭૪ પીડાવાદાકુંજ, ૭૫ સુરતશ્રમનિષેધકુંજ, ૭૬ કુતુકકુંજ, ૭૭ વાગ્વિભ્રમ કુંજ, ૭૮ વ્યવસ્તભાવકુંજ, ૭૯ કામટંકકુંજ, ૮૦ કિંકિનીરવકુંજ, ૮૧ વીરવિપરીતકુંજ—સુરતાન્તકુંજ, ૮૨ કલિકાકૌતુકકુંજ, ૮૩ સુરતકુંજ, ૮૪ સહજપ્રેમકુંજ.

આ પ્રકારે ભાવાત્મક ચોર્યાશી કુંજો કહી. આ કુંજોમાં એક એક કુંજમાં બધી કુંજો અન્તરભાવથી રહે છે. અને કોઈ કોઈ જગાએ પ્રકાશિત થઈને રહે છે.

હવે બીજું કેટલુંક મુખ્ય લીલાનું રહસ્ય વર્ણન કરીએ છીએ. પ્રથમ શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીના સ્વરૂપને જાણવાને અર્થે તેમનાં રહસ્યરૂપ સ્વરૂપોનું વર્ણન કરીએ છીએ :—

વ્રજમાં સમાવરણસ્વરૂપ શ્રીઠાકોરજીનાં બિરાજે છે તે આ પ્રકારે:— વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, કાલાત્મા, સંયોગરસાત્મક, અને વિપ્રયોગરસાત્મક, જ્યારે પૂર્ણ પ્રભુનું પ્રાકટ્ય થાય (સારસ્વતકલ્પમાં) ત્યારે છ સ્વરૂપ શ્રીમથુરાજીમાં પ્રકટ થાય છે અને વિપ્રયોગરસાત્મક સ્વરૂપ વ્રજમાં પ્રકટે છે. તે સાતે સ્વરૂપની સ્થિતિ આ પ્રકારે જાણવી :—

પૂતનાવધમાં સંકર્ષણ. ધર્મપાલનમાં અનિરુદ્ધ—લઘુરાસસમયે પ્રથમ ધર્મનો ઉપદેશ કર્યો ત્યારે અને દ્વારકામાં.

કામચાર પ્રદ્યુમ્ન–કુબ્જાને ત્યાં પધાર્યા ત્યારે.

રાજલીલામાં વાસુદેવ–મુચુકુંદપર કૃપા કરી ત્યાં.

મહાભારતમાં કાલાત્મા–(કાલાત્મા=**काल के काल ईश ईशान के**)

'कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो लोकान्समाहर्तुमिह प्रवृत्तः।'

ગીતા ૧૧–૩૧

नंदस्त्वात्मज उत्पन्ने સંયોગાત્મક સ્વરૂપ–તેજ વસુદેવજીને ત્યાં પ્રાકૃત શિશુ થયા '**बभूव प्राकृतः शिशुः**'

વિપ્રયોગાત્મસ્વરૂપ વ્રજમાં સ્થિત છે. મથુરા પધારતી સમયે શ્રીસ્વામિનીજીના હૃદયઅંતર્ગત વિપ્રયોગાત્મક સ્વરૂપ પ્રવેશ્યું–આ સ્વરૂપ મથુરા નથી પધાર્યું. સદા તે તો વ્રજમાં જ બિરાજે છે.

અન્ય કલ્પોમાં આ સાતમાંથી એક અથવા બે એમ પ્રાકટ્ય થાય છે માટે તે અંશાત્મક રૂપે પ્રકટે છે, પૂર્ણ રૂપે નહિ. શ્રીભાગવતમાં સારસ્વતકલ્પની લીલા છે. માટે "**कृष्णस्तु भगवान् स्वयं**" એમ કહેલું છે.

આવીજ રીતે શ્રીસ્વામિનીજીનાં સાત સ્વરૂપ છે :—

૧ શ્રીશક્તિ, ૨ ભૂશક્તિ, ૩ લીલાશક્તિ, ૪ મનોરથાત્મક, ૫ સ્વામિન્યાત્મક, ૬ સંયોગાત્મક, ૭ વિયોગાત્મક.

સારસ્વત કલ્પમાં સાતે રૂપથી પ્રકટે છે. અન્ય કલ્પમાં એક બે રૂપે પ્રકટે છે—

પ્રથમના પાંચ સ્વરૂપનું કીર્તિજીને ત્યાં પ્રાકટ્ય છે શ્રીઠાકુરજીના પ્રાકટ્યના પછી પંદર દિવસે અને જ્યારે શ્રીઠાકોરજીનું પ્રાકટય થયું ત્યારે તેની સાથે માયાવૃત સંયોગરસાત્મક સ્વરૂપ પ્રકટયું (નંદાલયમાં) અને વિયોગરસાત્મક સ્વરૂપ બે વર્ષ પહેલાં સેવાકુંજમાં પ્રકટયું છે.

જ્યારે કીર્તિજી પોતાને ત્યાંથી શ્રીસ્વામિનીજીને નંદાલયમાં

પધરાવી લાવ્યાં ત્યારે શ્રીઠાકોરજી માતાની ગોદમાં હસ્યા. તે સમયે પાછળનાં બન્ને રસાત્મક સ્વરૂપો પહેલાના કીર્તિજીની પાસેનાં આધારભૂત પંચવર્ણાત્મક સ્વરૂપમાં સ્થાપન (શ્રીઠાકોરજીએ) કર્યાં. આ પ્રકારે બન્નેનાં વિપ્રયોગરસાત્મક સ્વરૂપ પરસ્પર હૃદયમાં વિદ્યમાન છે. [**सौंदर्यपद्य**નું ચિંતન અહીં કરવું] જ્યારે શ્રીઠાકોરજી મથુરાજી પધાર્યાં ત્યારે તે વિપ્રયોગરસાત્મક સ્વરૂપ શ્રીસ્વામિનીજીના હૃદયમાં પૂર્ણરૂપે સ્થાપ્યું. મથુરામાં આ સ્વરૂપનું ગમન નથી.

શ્રીસ્વામિનીજીનું મનોરથાત્મક જે સ્વરૂપ છે તેમાં અન્ય (સ્વામિની)ના પ્રભુથી રમણ કરવાના મનોરથ તથા વરદાન આદિથી જે સ્વામિની પ્રકટે છે તે મળી રહે છે. અને સ્વામિન્યાત્મક સ્વરૂપમાં પ્રતિકુંજ પ્રતિમંડલ પ્રતિયૂથમાં જે સ્વામિનીજીના અંશ સ્વરૂપ હોય છે તેમની એકતા છે.

પુષ્ટિ સંપ્રદાયના મતે અષ્ટ સખીનાં નામ આ પ્રકારે છે;— શ્રીચન્દ્રાવલીજી, શ્રીલલિતાજી, શ્રીવિશાખાજી, શ્રીચમ્પકલતાજી, શ્રીચન્દ્રભાગાજી, શ્રીરાધાસહચરી, શ્રીશ્યામાજી અને શ્રીભામાજી આ આઠમાં શ્રીચન્દ્રાવલીજીને સ્વામિનીત્વ છે અન્ય સાતને સખીત્વ છે. તેથી પંચાધ્યાયીમાં અન્તર્ધાન અને આવિર્ભાવ અને મહારાસમાં **काचित् काचित्** કરીને સાત જ ગણાવ્યાં છે. *

(શ્રીચંદ્રાવલીજીના પ્રાકટ્ય આદિનો સર્વ પ્રકાર ભગવદિચ્છા હશે તો હવે પછી ગ્રન્થ પ્રકટ થશે તેમાં આપીશું. મુદ્રણખર્ચની પૂર્તિ થઈ નથી એટલે વાંચકોએ આટલાથી સંતોષ માનવો.)

રસિક ભક્તો માટે ધ્યાનાર્થ લલિતાજીનાં સ્વરૂપ, સેવા આદિનું કોષ્ઠક આપ્યું છે.

---

* આ સમસ્ત પ્રકરણ યુગલસર્વસ્વ અને અન્ય પ્રાચીન પુસ્તકોમાંથી ઉદ્ધૃત કર્યું છે.

નામ	લીલાનું સ્વરૂપ.	રંગ		
દામોદરદાસ હરસાની	લલિતાજીનું સ્વરૂપ	ગોરોચનપ્રભા ઉજ્વલલાલાશયુક્ત		
વસ્ત્રનો રંગ.	મુખ્ય સેવા	ચાતુર્ય	ભાવ	વાદ્ય
મયૂર પિચ્છ	પાનની બીડી	મધ્યામુખ્ય સ્નેહવર્દ્ધન	સખ્ય	બીન

श्रीद्वारकेशो जयति ॥

દામોદરદાસ હરસાનીજીની વાર્તાનું સ્વરૂપ અને તેનું રહસ્ય.

આ સમગ્ર વાર્તા શ્રીભાગવતના દશમસ્કંધનિરોધરૂપ અને તેના પરમ ફલ–ભાવ–રૂપ છે. આમાં પરમં નિર્દુષ્ટ શબ્દાત્મક આંતર રમણનું વર્ણન છે, જેથી તે તામસ ફલપ્રકરણના પણ ફલ–ભાવ–રૂપ છે. આ વાર્તાનું મૂલ યુગલગીતમાં છે. આ પરમ ફલરૂપ શબ્દાત્મક લીલા શ્રીઆચાર્યજીના હૃદયમાં સ્થિત છે. અતઃ આ વાર્તા શ્રીઆચાર્યજીના પરમ નિગૂઢ હૃદયરૂપ છે, અને તેમાં ધર્મી વિપ્રયોગાત્મક નિરોધનું સ્વરૂપ રહેલું છે.

एवमेव स्थितिर्ज्ञेया स्वामिनीहृदयेषु हि ।

सैवास्मदाचार्यवर्यैर्'नमामी'त्यत्र रूपिता ॥ (स्व. मा. से. फ. नि.)

શ્રીભાગવતના દશમસ્કંધના પારિભાષિક તામસ, પરંતુ વસ્તુતઃ નિર્ગુણ પ્રકરણમાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલનું નિરૂપણ છે. તેમ અહિં પણ તે ચારેનું નિરૂપણ છેઃ—

પ્રસંગ ૧માં બ્રહ્મસંબંધની આજ્ઞા સમયેઃ—

"**साक्षाद्भगवता प्रोक्तं**" ત્યાં ભગવદાજ્ઞા, એ આ પુષ્ટિમાર્ગમાં પ્રમાણરૂપે સ્વીકારાઈ છે.

"प्रमाणं भगद्वाक्यमाविर्भूयोदितं हि यत् । (स्व. मा. म. नि.)

તે આજ્ઞાસમયે સાક્ષાત્ પ્રભુનું પ્રાકટ્ય તેજ આ પુષ્ટિમાર્ગમાં પ્રમેયરૂપ કહેવાય છે. "**प्रमेयो हरिरेवात्र**"

તે સમયે પુષ્ટિમાર્ગનો પ્રાદુર્ભાવ–ગદ્યમંત્રરૂપે "**भगवन्नामोपदेशकः**" (સં. વા.) – તેજ સાધનરૂપ કહેલ છે. "**साधनं भगवन्मार्गः**", અને તેજ ફલરૂપે છે. કારણ કે આ માર્ગમાં ફલ અને સાધન એક જ છે. "**फलं साधनमेव हि**"

બીજા પ્રકારે ભગવત્પ્રાકટ્ય એજ ભક્તિમાર્ગમાં ફલ કહેવાય છે. **भक्तिमार्गे भगवतः प्राकट्यं फलमुच्यते**" આથી અહીં ભગવાનનું સાક્ષાત પ્રાકટ્ય એ ફલ જાણવું.

આ પ્રકારે બ્રહ્મસંબંધના પ્રસંગમાં ચારે વસ્તુનું નિરૂપણ કર્યું છે.

આ નિરોધ તેજ ફલરૂપ આધિદૈવિક માનસી છે. **चेतस्तत्प्रवणं सेवा मानसी फलरूपिणी। प्रोक्ता निरोधरूपा ॥२॥ (स्व. मो. से. फ. नि.)** અને તેનું દાન શ્રીઆચાર્યચરણે દામોદરદાસજીને કર્યું છે. "**रसभावभृतां नित्यं**" **(सं. वा.)**જેથી દામોદરદાસ શ્રીઆચાર્યજીના હૃદયનું સ્વરૂપ છે, અને તેમની વાર્તા તે પરમ ફલરૂપ નિરોધલીલાનું સ્વરૂપ છે.

આ નિરોધાત્મક પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય કેવલ દામોદરદાસજીના અર્થેજ છે. આ માર્ગના અધિકારી સર્વ દૈવી જનોના મૂલ આધિદૈવિક રૂપ દામોદરદાસજી.જ છે. માટે શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે કે "**दमला, यह मार्ग तेरे लिए प्रकट कीयो है**" "**पुष्टिपथस्तव हितार्थं वै प्रकटितः**" **(સં. વા. શ્લો. ૨૫)**

જેઓમાં આવા પ્રકારની (ભાવાત્મક નિરોધરૂપ) પ્રભુની સ્થિતિ હોય તે સ્વતંત્ર–નિર્ગુણ–ભક્તો કહેવાય. અને આજ પ્રકારે તે પુષ્ટિભક્તિ–આધિદૈવિક નિરોધરૂપા માનસી–પણ સ્વતન્ત્ર કહી કહી શકાય. "**स्वतंत्रभक्तास्ते**" **(स्व० मा० से० फ० नि०)**

આવા સ્વતન્ત્ર ભક્તિવાળા ભક્તોમાં મૂર્તિની માફક પ્રભુનો આવેશ થાય છે, અને તે ભક્તો નિત્ય અને મૂર્તિની માફક સેવનીય

હોય છે. દામોદરદાસજીનું આવા પ્રકારનું સ્વરૂપ છે. માટે જ શ્રી ગુસાંઈજી આજ્ઞા કરે છે કે:–" **वार्तास्प्रायस्तवास्यतः** " (सं. वार्ता)

પ્રશ્ન:—જ્યારે તમો દામોદરદાસજીની વાર્તાને નિરોધલીલા કહો છો, તો શ્રીમદ્‌ભાગવતમાં દશમસ્કંધ સમગ્ર નિરોધરૂપ હોઈ તેમાં જન્મપ્રકરણ–રાજસ પ્રકરણ સાત્ત્વિક પ્રકરણ ગુણ પ્રકરણ આદિ છે, તે આ વાર્તામાં કયાં છે?

ઉત્તર:—તમારો પ્રશ્ન યથાર્થ છે. પરંતુ પ્રશ્નનો જવાબ શ્રીહરિરાયજીકૃત ભાવરૂપ લેખમાં આવી ગયેલો છે. તેમાં લખ્યું છે કે ૮૪ વૈષ્ણવો નિર્ગુણ છે, અને શ્રીઆચાર્યજીના અંગના ભાવરૂપ છે. તેથી તેમની વાર્તાઓ પણ તે તે અંગની લીલાના ભાવરૂપ છે. એટલે નિર્દુષ્ટ શબ્દાત્મક રમણરૂપ છે. એમાં ગુણમય ક્રિયાપ્રાધાન્ય સંયોગાત્મક લીલાની સંભાવના હોય જ નહિ. આ વાર્તાઓમાં કેવલ ભાવાત્મક પ્રભુની જ સ્થિતિ છે. જેથી આ નિરોધલીલારૂપ દામોદરદાસજીની વાર્તા ભાવાત્મક હોઈ પરમ ફલરૂપે કહી છે.

પધાર્યા. નહિ તો આપ સર્વજ્ઞ હતા. આ સમયે પધારી શ્રીમહાપ્રભુજીને શ્રમ શું કરવા દે ? કારણ કે બન્ને સ્વરૂપ પરસ્પર અત્યંત ગાઢ સ્નેહી છે. શ્રીનાથજી તો શ્રીઆચાર્યચરણની પાછલ પાછલ ફરે છે. (જુઓ વિદ્યાનગરનો પ્રસંગ) તે બન્ને સ્વરૂપ એક બીજાના શ્રમને સહન કરી શકતાંજ નથી. છતાં પધાર્યા તેનું કારણ એજ કે દામોદરદાસની ઉત્કર્ષતા સિદ્ધ કરવી છે. દામોદરદાસજી તો શ્રીઆચાર્યજીનું હૃદય છે. એટલે શ્રીઆચાર્યજીના હૃદયની ક્ષણક્ષણની બધી લીલાનો તેમને અનુભવ છે. આ વખતે શ્રીઆચાર્યચરણ ધર્મી વિપ્રયોગાત્મક રસનો અનુભવ કરે છે. તે જાણીનેજ દામોદરદાસે શ્રીજીને રોકયા. કારણકે–આપના પધારવાથી શ્રીઆચાર્યચરણ જે અત્યારે પરમ આંતરરમણરૂપ સુખનો અનુભવ કરે છે તેમાં વિક્ષેપ પડે તેથી દૂરથીજ રોક્યા.

આ પરમ સુખરૂપ સર્વાત્મભાવવાળા આંતરરમણમાં કામભાવવાળું બાહ્ય રમણ અન્યસંબંધના ગંધરૂપ હોઈ બાધક છે કારણ કે બાહ્ય સંયોગમાં એકલીલાનોજ એક કાલમાં અનુભવ છે. જ્યારે આંતર સંયોગાત્મક રમણમાં એકકાલાવચ્છિન્ન અનેક લીલાના પરમ સ્વાદનો અનુભવ ભક્ત કરે છે. માટે આ આંતરરમણ આગળ કામાત્મક બાહ્ય રમણ અન્યસંબંધરૂપ હોવાથી ત્યાજ્ય છે. ભક્તની સાધનદશામાં જેમ અન્યાશ્રય બાધકરૂપ છે. તેમ અહીં અન્યસંબંધનો ગંધ પણ બાધકરૂપ છે. આ આંતરરમણમાં બાહ્ય સ્વરૂપની અપેક્ષા નથી. જો બાહ્ય સ્વરૂપ પ્રગટ થાય તો રસાભાસ થઈ જાય. તેથી દામોદરદાસજીએ શ્રીજીને રોકયા. અહિં દામોદરદાસજીએ શ્રીઆચાર્યજીનું પરમ અલૌકિક સુખ વિચારી પોતાનો દાસ્ય ધર્મ પ્રકટ કરેલો હોવાથી જ્યારે શ્રીઆચાર્યજી ખીજ્યા ત્યારે શ્રીજીએ પક્ષ કર્યો. અન્યથા સંપ્રદાયના સિદ્ધાંતમાં હાનિ આવે.

શ્રીજી તે વખતે ત્યાં વૃક્ષ નીચે ઉભા કેમ રહ્યા ? પાછા મંદિરમાં કેમ ન પધાર્યા ? તેમાં પણ એ રહસ્ય છે કેઃ—શ્રીનાથજીનું

વૃક્ષની ઓટમાં ઉભા રહેવાનું પ્રયોજન એ હતું કે "वैष्णवा वै वनस्पतयः" એવી શ્રુતિ છે. એટલે વૃક્ષ વૈષ્ણવ છે. તેથી વૈષ્ણવની ઓટ (હૃદય)માં આપ સ્થાયીભાવ રતિરૂપે દામોદરદાસની ઇચ્છાથી સ્થિત રહ્યા. કારણકે શ્રીઆચાર્યચરણના સેવકોની કા'ન શ્રીજી અને શ્રીગુસાંઇજી બન્ને રાખતા. તેમનો કદિ અપરાધ પણ બને તો કંઈ કહેતા નથી. મોટાના સેવકો પણ મોટાજ હોય.

શ્રીઆચાર્યચરણના હૃદયમાં સ્થાયીભાવ રતિરૂપે આપની સ્થિતિ હોવાથી, તરતજ આ (બાહ્ય) સ્થાયીભાવ રતિના સ્વરૂપને આપે જાણ્યું. જેથી આપનું ચિત્ત આંતરરમણમાંથી બ્હાર આવ્યું. અને જ્યારે દૃષ્ટિ ખોલીને જોયું તે સમયે શ્રીનાથજીને જોયા. પછી શ્રીઆચાર્યજીએ પૂછ્યું ત્યારે બધો પ્રકાર શ્રીજીએ કહ્યો. તેથી શ્રીઆચાર્યજી આપ દામોદરદાસ ઉપર ખીજ્યા. ત્યારે શ્રીજીએ પક્ષ કર્યો. આ પ્રકારે દામોદરદાસનો ઉત્કર્ષ સહજ સિદ્ધ થયો.

આ પ્રકારે દામોદરદાસ હરસાની અને તેમની વાર્તાનો ભાવ કહ્યો.

વૈષ્ણવ ૧ વાર્તા ૧ સમાપ્ત

॥ श्रीद्वारकेशो जयति ॥

કૃષ્ણદાસ મેઘનની વાર્તાનું સ્વરૂપ અને તેનું રહસ્યઃ–

આ સમગ્ર વાર્તા શ્રીઆચાર્યજીના હૃદયની નિરોધલીલાના ધર્મી સ્વરૂપ છે, એટલે હૃદયવત્ છે. શ્રીઆચાર્યજીએ કૃષ્ણદાસમાં સમગ્ર ઐશ્વર્ય (षडैश्वर्य) સ્થાપ્યું હતું. માટે શ્રીહરિરાયજી કૃષ્ણદાસના આધિદૈવિક સ્વરૂપનું વર્ણન કરતાં આ પ્રકારે શબ્દો યોજે છેઃ–"कृष्णदासमें ऐश्वर्य को आवेश बहोत हैं।" તે છ પ્રકારના ઐશ્વર્યનું શ્રીગોકુલેશે વાર્તામાં વર્ણન કર્યું છે. તે આ પ્રમાણે જાણવુંઃ—

પ્રસંગ ૧ઃ—प्रथम परिक्रमा में बद्रीनारायन के परली ओर किरणी नाम पर्वत है ॥ तहांते एक बडी शिला गिरी॥ सो कृष्णदास मेघन ने हाथ सों थांभि ॥

અહિં અલૌકિક સામર્થ્યરૂપ વીર્યનું પ્રતિપાદન છે.

પ્રસંગ ૨ઃ—ता पाछें वेदव्यासजी सों बिदा होय के श्रीआचार्यजी तिसरे दिन पधारे ॥ तब कृष्णदास कों ठाडो देखि प्रसन्न भए ॥

અહીં શ્રીઆચાર્યજીની આજ્ઞામાં પરમ વિશ્વાસરૂપ શ્રીધર્મનું નિરૂપણ છે.

"श्रियो हि परमा काष्ठा सेवकास्तादृशा यदि।" इति वाक्यात् ।

પ્રસંગ ૩ઃ—ताकी अटकर तें पेरि के गंगाजी के पार गए।

અહીં દેહનો પૂર્ણ વૈરાગ્ય ધર્મ કહ્યો. ભગવદર્થે જરાપણ શરીરનો વિચાર કર્યા વિના, ભયંકર ગંગાસાગરમાં ઝંપલાવવું એનાથી શ્રેષ્ઠ વૈરાગ્ય ધર્મ બીજો કયો હોઈ શકે?

तहांते खेत में ते गीलो धान कटवायो। टका की जगे द्वे टका देके मुरमुरा सिद्ध करवाए।

રાત્રિના સમયે ખેડુતો ધાન નીંદતા ન હોવા છતાં કૃષ્ણદાસે પોતાના પ્રભાવથી તે ખેડુત (એક મૂઢ વ્યક્તિ કે જે પોતાની પકડેલી

વાતને છોડે નહિ તે)ના નિશ્ચયને ફેરવી રાત્રિના ધાન નીંદાવ્યું અને ભાડભૂજા (મૂઢ વ્યક્તિ) પાસે સિદ્ધ કરાવ્યું (જુઓ ભાવસિન્ધુ) અહીં કૃષ્ણદાસનું ઐશ્વર્ય કહ્યું. "ईश्वरः पूज्यते मूढे" इति वाक्यात् ।

સજ્ઞાન પુરુષ તો આકર્ષાય, પરંતુ મૂઢ પુરુષો પણ ઐશ્વર્યના પ્રભાવે આજ્ઞાધીન થાય તે ઐશ્વર્ય.

તેમજ વાસુદેવદાસ છકડા, વિષ્ણુદાસ છિપા, નારાયણદાસ આદિને કૃષ્ણદાસેજ ભગવત્પ્રાપ્તિ કરાવી. ત્યાં પણ કૃષ્ણદાસના ઐશ્વર્યનું નિરૂપણ છે. તે પ્રસંગો તે તે વાર્તામાં છે. "सर्वेषामितरसाधनासाध्य-भगवत्प्राप्तिसंपादन"માં ઐશ્વર્ય. (नामरत्नाख्यटीका)

પ્રસંગ ૩ (ख):—जो श्रीआचार्यजी पूर्ण पुरुषोत्तम होइ तो मेरे हाथ मति जरियो ॥

અહીં જ્ઞાનનું નિરૂપણ છે.

જ્ઞાનનું ફલ તે પુરુષોત્તમના સ્વરૂપનો અનુભવ, જેમ નદીમાં જ્ઞાન છે 'मग्नगतयः सरितो वै' તેમ કૃષ્ણદાસને પણ પુરુષોત્તમના સ્વરૂપનો બોધ થઈ ગયો છે. તે હાથમાં અગ્નિ લઇ સિદ્ધ કર્યું.

પ્રસંગ ૪:—बहुरी मार्ग हृदयारूढ भए पाछे कदाचित् गोप्य वार्ता होई सो सबन के आगे कहे ॥

અહીં યશ ધર્મનું નિરૂપણ છે.

'स्वयशोगानसंहृष्ट' એવા પ્રભુનો સ્વાનુભવાર્થે સર્વત્ર યશોગાન કરતા. આ છએ ધર્મ જેમાં સિદ્ધ છે એવા વિપ્રયોગનું દાન પણ કૃષ્ણદાસને હતું. માટે શ્રીઆચાર્યચરણે વ્યામોહ કર્યો ત્યારે વિરહાનલથી આ દેહને બાળી નાખી ભૂતલનો ત્યાગ કર્યો. (જુઓ પ્ર૦ ૮)

માટે કૃષ્ણદાસને ધર્મી રૂપ કહ્યા.

———×———

॥ श्रीद्वारकेशो जयति ॥

अब श्रीआचार्यजी महाप्रभुनके सेवक कृष्णदास मेघन क्षत्री सोरोंमें रहते तिनकी वार्ता ॥

सो कृष्णदास दस वर्षके घर छोडि के आये हते ॥ हृदयमें वैराग्य हतो ॥ सो प्रथम सोरमजी गंगा न्हायवेकुं आये ॥ सो वहां एक बडो योगी महात्मा रहतो ॥ सो चेला करतो ॥ उनके चेला भये ॥ सो वा महात्माकुं योग सिद्ध हतो ॥ दोय वरस पाछें ये सं. १५३५ की सालमें वैशाख कृष्ण ११ के ब्रह्ममुहूर्त समय योगाभ्यास साधत हतो ॥ वा समय कृष्णदास पास बेठे हते ॥ सो वाहि समय योगके प्रभावसूं गुरुने जानी ओर कही जो या समय भूतल विषे भगवदवतार भयो हे ॥ तब कृष्णदासके मनमें दर्शनकी परम उत्कंठा भई ॥ वह संवत मिती मास सब याद करि लियो। पाछें गुरुसों बदरिकाश्रम जायवेकी आज्ञा माँगी ॥ सो गुरुने नाहि करी ॥ ओर कही ॥ जो अभी तु बालक हे ॥ सो कहां जायगो ? फेर कृष्णदास दस वर्ष ओर गुरुके यहां रहे ॥ फेर गुरुकी आज्ञा ले बदरिकाश्रम के मिष पृथ्वीपर्यटनको चले ॥

शरण आये पहेले को प्रकार* (जन्म १)

सो प्रयाग आये ॥ (यहां दामोदरदास संभरवारे को मिलाप भयो) (देखो दा. सं. की वार्ता) तब उनने सुनी जो **श्रीवल्लभाचार्यजी**

---

*एक प्राचीन प्रतमेंसूं।

प्रकट भए हें ।। सो दक्षिणमें पधारे हें ।। कृष्णदेव राजाकी समीप मायावाद खंडन कीए हें ।। यह सुनत ही कृष्णदास दक्षिण देश गये ।। तब राजाके यहां खबरि पाए ।। जो पांच दिन ।। यहां ते पधारे हे ।। सो कृष्णदास रात्रि दिन चले ।। सो तीन दिन में दक्षिण के झारखंड में श्रीआचार्यजी को दर्शन पूर्ण पुरुषोत्तम (रूपसों) पाए ।। तब श्रीआचार्यजीने कही कृष्णदास आयो ।। तब कृष्णदास (ने) दंडोत करि के (कह्यो) महाराज में आयो ।। अब मो पर कृपा करि के सरन लेऊ।। बहोत संसारमें भटक्यो ॥ अब में आपकी सरन में आयो हों ॥ तब श्रीआचार्यजीनें कृष्णदास सों कहि ।। (जो) तेरे तो गुरु हे ॥ अब क्यों तू शरन आवत हें? ।। तब कृष्णदास ने कहि महाराज आप साक्षात् पुरुषोत्तम हो ।। में तिहारो हों ॥ तुम अब मोकों मति छोडो ॥ में संसारसमुद्र में डूबत हों ।। या प्रकार बहोत दैन्य करी ।। तब श्रीआचार्यजी कृष्णदास कों नाम सुनाये ।। सरनि ले पृथ्वीपरिक्रमा को पधारे ।। +

+ ષષ્ઠપુત્ર શ્રીયદુનાથજી રચિત "દિગ્વિજય"માં પણ કૃષ્ણદાસ ઝારખંડમાં જ અને આજ સમયે શરણે આવ્યાનો ઉલ્લેખ છે જુઓઃ—

तत्सविधे सूकरक्षेत्रान्मेघनकृष्णदासक्षत्रियः प्रयागं समेत्य, दामोदर हस्ते ताम्रपात्रं निरीक्ष्य, विद्यापुरजयं श्रुत्वा, भगवदवतारो जात इत्यनुमाय, द्रुतमाचार्यानुपेत्य, पादयोर्निपतितः । तत आचार्यैः समुत्थाय कुशलं पृष्ट्वा तस्मै निजमन्त्रमाले दत्ते ।

अथ पम्पायां समागताः ।

(प्रथम दक्षिण यात्रा)

॥ श्रीद्वारकेशो जयति ॥

કૃષ્ણદાસ મેઘનનો શેષ ભૌતિક ઇતિહાસઃ—

કૃષ્ણદાસ મેઘન ઘણું કરીને પૂર્વના હતા. તેમના પિતા શ્રી રામચંદ્રજીના ઉપાસક હતા. જેથી કૃષ્ણદાસ પણ નાનપણથી જ રામભક્ત હતા. તેમનો જન્મ સં. ૧૫૨૩માં થયો હતો. તેઓ ક્ષત્રિય હતા, અને તેમની અટક મેઘનની હતી. સંવત ૧૫૩૩માં તેઓને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તેઓ સોરમજીમાં ગંગા–સ્નાનાર્થે આવ્યા. ત્યાં કેશવાનંદ નામના એક પ્રસિદ્ધ મહાત્માના ચેલા થયા.

જ્યારે તેમણે સંવત ૧૫૩૫ ના વૈશાખ કૃષ્ણ ૧૧ ના રોજ પોતાના ગુરુના મુખથી ભગવદવતાર થયાનું સાંભળ્યું, ત્યારથી તેમને ભગવદ્દર્શનની તીવ્ર ઉત્કણ્ઠા થઈ. પરંતુ તે વખતે તેમની ઉમર ફક્ત બાર વર્ષનીજ હોવાથી ગુરુએ કોઈ પણ જગ્યાએ જવાની ના પાડી. ×સંવત ૧૫૪૫માં જ્યારે તેઓ ૨૨ વર્ષના થયા ત્યારે ગુરુની આજ્ઞા લઇ બદરીકાશ્રમના મિષે પૃથ્વી પર્યટન કરવા નિકળ્યા.

કૃષ્ણદાસ અનેક ગામો અને તીર્થોમાં ફર્યા. દરેક સ્થલે સં. ૧૫૩૫ ના વૈશાખ કૃષ્ણ ૧૧ ના રોજ પ્રગટેલા બાલકની ઘરઘરમાં તપાસ કરી પરંતુ સફલ ન થયા. તોપણ તેઓ નિરાશ ન થયા. સંવત ૧૫૪૭માં મકરસ્નાનાર્થે અનેક સાધુસંતોનો મોટો મેળો પ્રયાગમાં થયેલો. ત્યાં કૃષ્ણદાસ પણ આવ્યા. તે સમયે તપાસ કરતાં કૃષ્ણદાસે સાંભળ્યું કે દક્ષિણમાં શ્રીવલ્લભાચાર્યજીએ કૃષ્ણદેવ રાજાની સભામાં દિગ્વિજય કરી, વૈષ્ણવ મતનું સ્થાપન કર્યું છે. તેઓ ઘણા તેજસ્વી છે અને સાક્ષાત્ ભગવાનનોજ અવતાર છે. નાની વયમાં તેઓએ પ્રખર પંડિતોને જીત્યા છે. સ્માર્ત્ત અને વૈષ્ણવ સંપ્રદાયના સમસ્ત આચાર્યોએ આપને વિજયતિલક કરી આચાર્યપદવી આપી છે.

આ શ્રવણ કરતાંજ કૃષ્ણદાસ દક્ષિણ તરફ ચાલી નિકળ્યા.

× અહિં જ્યાં જ્યાં સંવત, માસ આદિનો ઉલ્લેખ છે ત્યાં ત્યાં ચૈત્રાદિ સંવત્ (વ્રજનો) અને માસ આદિ સમજી લેવા.

લગભગ બે અઢી મહીનામાં સંવત ૧૫૪૮ ના વૈશાખ વદી ૮ ની સાંજે વિદ્યાનગર આવ્યા.

ત્યાં તપાસ કરતાં સમાચાર મળ્યા કે અહિંથી શ્રીવલ્લભાચાર્યજી વૈશાખ વદ ૨ ઉપરાંત ૩ ના[1] રોજ પૃથ્વીપરિક્રમા કરવા પધાર્યા છે. આપશ્રીને વિદ્યાનગરથી પધારે ફક્ત પાંચ દિવસજ થયા છે.

આ સાંભળીને કૃષ્ણદાસ શીઘ્ર ગતિએ ત્યાંથી ચાલી નિકળ્યા. રાત્રિ દિવસ ચાલતા ત્રીજા દિવસે વૈશાખ કૃષ્ણ ૧૧ ના રોજ (શ્રી આચાર્યજીના પ્રાકટ્યોત્સવના દિવસેજ) દક્ષિણમાં આવેલા ઝારખંડમાં તેઓ શ્રીઆચાર્યજીને આવી મળ્યા. ત્યાં તેઓ શ્રીઆચાર્યજીને શરણે આવ્યા.[2]

॥ श्रीद्वारकेशो जयति ॥

—:સમસ્ત લીલા પ્રકરણ:—

શ્રીવિશાખાજીનું ધ્યાન કરવા માટે કોષ્ઠક આ પ્રમાણે:-

પિતાનું નામ	માતાનું નામ	વર્ણ (રંગ)	ચાલ વસ્ત્ર	ગુણ	વય	બાજા	રાગ
ગુણભાનુ	ગુણકલા	ગુલાબી શ્વેત	રંગશહાના	વિદ્યા	૧૫	મૃદંગ	સારંગ

આ પ્રકારે વિશાખાજીનું ધ્યાન કરવું. તે મુખ્ય અષ્ટ સખીમાં છે. એમને ત્યાં ૨૧૦૦૦૦૦ એકવીસ લાખ ગાયો છે. અને બીલછુ કુંડ ઉપર વિશાખાજીની નિકુંજ છે. એ સકલ વિદ્યામાં નિપુણ છે. શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજીની લીલામાં લલિતાજીની માફક સહાયક છે.

કૃષ્ણદાસ મેઘન વિશાખાજીનું સ્વરૂપ છે.

---

૧ જુઓ વલ્લભીયસર્વસ્વ, અને સંપ્રદાયકલ્પદ્રુમ.

૨ સંપ્રદાયકલ્પદ્રુમમાં શ્રીઆચાર્યજીની સાત વર્ષની વય હતી, ત્યારે કાશીમાં જનોઇના સમયે શરણે કૃષ્ણદાસ આવ્યા, તેમ ઉલ્લેખ છે. પરંતુ દિગ્વિજય આદિ અન્ય સમગ્ર પ્રાચીન પુસ્તકોમાં વિદ્યાનગરની સભા જીત્યા બાદ શરણ આવેલા તેવા ઉલ્લેખો છે, અને તેજ ઉચિત પણ લાગે છે, ઐતિહાસિક તત્ત્વોની શોધમાં ઉત્તરોત્તર પ્રાચીન પુસ્તકોના લેખોજ વધુ પ્રમાણરૂપે ગણાય છે. જેથી સર્વ પ્રાચીન પુસ્તકોમાં આજ સમયનો ઉલ્લેખ છે, તેથી તે સબળ પ્રમાણ રૂપ ગણાય.

सो कृष्णदास विसाखा सखी तें प्रगटे हें ॥ विसाखाजी श्रीस्वामिनीजी की छायारूप हें ॥ जेसें छाया सरीरके संग लागी डोले तेसें विसाखाजी श्रीस्वामिनीजी के संग रहत हें ॥ ताही प्रकारसों कृष्णदास हू श्रीआचार्यजीके संग रहत हें ॥ कृष्णदासमें ऐश्वर्यको आवेश बहोत हें[१] ॥ सो आगे (वार्तामें) वरनन करत हें ॥

आधिदैविक स्वरूपको वर्णन.
(जन्म ३)
श्रीहरिरायजी कृत

श्रीआचार्यजी महाप्रभुनें पृथ्वी परिक्रमा करी ॥ तीनों बेर कृष्णदास संग रहे ॥ प्रथम परिक्रमामें बद्रीनारायनके परली ओर किरणी नाम पर्वत हे तहांते एक बडी सिला गिरी ॥ सो कृष्णदास मेघनने हाथसों थांभी × ॥ तब श्रीआचार्यजीमहाप्रभु आप बहुत प्रसन्न भए ॥ सो अलौकिक फल देते ॥ परंतु परीक्षा देखन अर्थ कहे ॥ कृष्णदाससों कह्यो जो तु मागि कहा मागत हे ? तब कृष्णदास तीन वस्तु मांगे ॥ १ मारगको सिद्धांत हृदयारूढ होइ ॥ २ मुखरता दोष जाइ ॥ ३ मेरे गुरुके घर पधारो ओर उनको अंगीकार करो ॥ तामें दोइ वस्तु दीनी ॥ गुरुके घर पधारिवेकी नांहि कीनी ॥

वार्ताप्रसंग १
(जन्म २)
आध्यात्मिक स्वरूप

× કૃષ્ણદાસમાં ષડૈશ્વર્યની સ્થિતિ છે. તેથી તેઓ ધર્મીરૂપ છે. વિશેષ જુઓ "કૃષ્ણદાસની વાર્તાનું સ્વરૂપ અને તેનું રહસ્ય"

[१] અહિં વીર્યનું નિરૂપણ છે, જુઓ કૃ. વાર્તાનું સ્વ. અને રહસ્ય.

यह पहलेको गुरुभाव हृदयमें हतो सो बाहिर प्रगटचो ॥ तातें अलौकिक दान श्रीआचार्यजीने छिपाय लीयो ॥ दो वस्तु दीए ॥ गुरुकी नांहि कीए ॥ सो दैत्री न हतो ॥ दैत्री बिना एतन्मारगमें अंगीकार नांहि ॥ या प्रकार दो वस्तु दीए ॥ परंतु ओर को गुरुभाव रहे ॥ तातें मारगको अनुभव हू न भयो ॥ मुखरताको दोष हू न गयो ॥ प्रथम सामर्थ्य तें कछुक सामर्थ्य हू घटी ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश.

इति प्र. १ समाप्त.

પ્રસંગ ૧ ના પરિશિષ્ટ ઐતિહાસિક ભાગઃ—

આ પ્રસંગ અધુરો છે તે "યદુનાથ દિગ્વિજયમાંથી પૂર્ણ કરી અહીં આપ્યો છેઃ—

बदरिकाश्रमान्तं गत्वा तन्नाथं नत्वा व्यासाश्रमं गताः । तत्र शिला पतिता सा कृष्णदासेन गृहीता । तत्राऽऽचार्यैरस्मै वरद्वयं दातुं प्रतिज्ञातम् । ततोऽन्तः प्रविश्य व्यासं श्रीबिल्वमङ्गलाऽज्ञया प्रमाणचतुष्टये संशयान–पृच्छन् । स तान्निरूप्याह । भक्तिः प्रवर्त्तनीया, सिद्धान्तग्रन्था विधेयाः, प्रतिपक्षा निवार्याः, गार्हस्थ्यं विधेयमित्यादि । तथेत्युक्त्वा प्रणेमुः । ततः प्रचलिता हरिद्वारोपमार्गेण सूकरक्षेत्रं समागताः ॥

સારાંશઃ—કૃષ્ણદાસને બે વરદાન આપવાની પ્રતિજ્ઞા કરી પછી આપ ભીતર પધાર્યા. બિલ્વમંગળની આજ્ઞાથી શ્રીવ્યાસજી પાસે પ્રમાણચતુષ્ટયમાં જે સંદેહ હતા. તે પૃછ્યા. વ્યાસજીએ તે વર્ણન કર્યા, અને એમ કહ્યું કે "આપ ભક્તિનો પ્રચાર કરો; સિદ્ધાન્ત ગ્રન્થોનું

નિર્માણ કરો, પ્રતિપક્ષોનું નિવારણ કરો, અને ગાર્હસ્થ્ય ધારણ કરો. આચાર્યચરણે તે આજ્ઞા સ્વીકારી અને તેમને પ્રણામ કરી હરિદ્વારના ઉપમાર્ગથી સૂકર ક્ષેત્ર (સોરોં) પધાર્યા.

નોંધઃ—"દિગ્વિજય"માં આ પ્રસંગ બીજી પરિક્રમા વખતે વર્ણવ્યો છે. અને અહીં પણ બીજી પરિક્રમા વખતે પ્રથમ (પહેલ-વહેલા) બદરીકાશ્રમ પધાર્યા, એમ ઉલ્લેખ છે. કારણ કે લગ્નની પહેલી આજ્ઞા બીજી પરિક્રમા વખતે પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીએ કરી. તે આજ્ઞાને ફરી વ્યાસજીદ્વારા શ્રીબદરીનાથજીએ પ્રમાણ કરાવી. આ પરિક્રમાનો સમય લગભગ સં. ૧૫૬૦નો આવે છે. પહેલી પરિક્રમા શ્રીઆચાર્યજીએ ૧૫૪૯–૫૦ થી સંવત ૧૫૫૮–૫૯ સુધીમાં નવ વર્ષમાં પૂર્ણ કરી છે. (જુઓ "યદુનાથદિગ્વિજય") બીજી પાંચ વર્ષમાં એટલે ૧૫૬૩–૬૪ સુધીમાં અને ત્રીજીવાર ચાર વર્ષમાં એટલે સં. ૧૫૬૭–૬૮ સુધીમાં આપે ત્રણે પરિક્રમા પૂર્ણ કરી. ત્યારપછી પણ આપનું પૃથ્વીપર્યટન સ્થલે સ્થલે ચાલુજ હતું. જ્યાં જ્યાં શાસ્ત્રાર્થ થતો અથવા તીર્થસ્નાનાદિ પ્રસંગ હોય ત્યાં આપ પૃથ્વીપર્યટનના મિષથી પધારતા હતા (જુઓ હરદ્વારની બેઠક ચરિત્ર) પહેલી પરિક્રમા પુર્ણ કરી બદ્રીકાશ્રમ પધાર્યા. બીજી પરિક્રમા ત્યાંથી શરૂ કરી છે.

वार्ताप्रसंग २

बहुरि श्रीआचार्यजी श्रीबदरिकाश्रमतें आगे व्यासजीकी गुफामें पधारे ॥ सो (कृष्णदासकों संग नांहि ले गये)॥ तहां जीव की गम्य नांहि ॥ तातें कृष्णदास सों श्रीआचार्यजीने कह्यो जो तू ठाडो रहियो ॥ जब श्रीआचार्य-जी आगे कों पधारे ॥ तब वेदव्यासजी सामें ही आए ॥ सो

श्रीआचार्यजी को पधराइ के अपने धाम ले गए ॥ पाछे वेद-व्यासजीने श्रीआचार्यजीसों कह्यो ॥ जो तुमने श्रीभागवतकी टीका करी हे सो मोकों सुनावो ॥ तब श्रीआचार्यजी जुगल गीतके अध्याय को एक श्लोक कहे ॥ सो श्लोक ॥ "वाम-बाहुकृतवामकपोलो वल्गितभ्रुरधरार्पितवेणुम् ॥ कोमलांगुलि-भिराश्रितमार्गं गोप्य ईरयति यत्र मुकुन्दः" ॥१॥ या श्लोक को व्याख्यान कियो सो तीन दिवस में संपूर्ण भयो ॥ तब वेदव्यासजीने कह्यो जो में यह व्याख्यान की अवधारना नाहीं करि सकत, तातें अब क्षमा करो ॥ पाछें श्रीआचार्यजी कह्यो जो तुम वेदांत के एसे सूत्र कहा कीए जो माया-वाद पर अर्थ लग्यो ॥ तब व्यासजी ने कह्यो जो में कहा करूं? मोकूं आज्ञा ही एसी हती ॥ जो एसे करियो ॥ जामें दोइ अर्थ प्राप्त होइ ॥ तब श्रीआचार्यजीने कह्यो ॥ जो हमने तो ब्रह्मवाद पर अर्थ कीयो हे ॥ सो सुनायो ॥ सो सुनके वेदव्यासजी बहोत प्रसन्न भए ॥ तापाछें वेदव्या-सजी सों विदा होइ के श्रीआचार्यजी तीसरे दिन पधारे ॥ तब कृष्णदास कों ठाडो देखि प्रसन्न भए * ॥ कहे तू ठाडो हे ॥ तू गयो नांहि ॥ सो काहेते ? ॥ तब कृष्णदासने कह्यो जो महाराज हों कहां जाऊं ॥ मोकों तुमारे चरणारविंद बिना कछु ओर आश्रय नांहि हे ॥ तब यह सुनिके श्रीआचार्यजी-महाप्रभू आप बहुत प्रसन्न भए ॥ ओर कह्यो जो मागि ॥

---

* અહિં શ્રીધર્મનું નિરૂપણ છે (જુઓ કૃ૦ની વાર્તાનું રહસ્ય)

तब फेरि वेई तीनि वस्तू मांगि ॥ तामें दोइ तो दीनी ॥ गुरु के घर की नांहि कीनी ॥

ओर को गुरुभाव हतो ॥ तातें प्रथम तें कछुक सामर्थ्य हू घटी ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश

सो व्यासजी की गुफामें श्रीआचार्यजी कृष्णदासको संग नहि ले गये ॥ सो यातें जुगलगीतको प्रसंग कहनो हे ॥ ताकी धारना अब ही कृष्णदास सों होइगी नांहि ॥ व्यासजी सों हू धारना ना भई ॥ सो यातें व्यासजी कलाअवतार हैं ॥ पुरुषोत्तम की बानी भावरूप की धारना केसें होइ ॥ यह श्रीभागवत व्यासजीमें श्रीपुरुषोत्तम आप बिराज कें कहि गए ॥ व्यासजी द्वारा मात्र हैं ॥ श्रीभागवतके रसको अनुभव नांहि हे ॥ सो रहस्य हरजी-बनदासनें या पदमें कह्यो हे ॥

॥ राग केदारो ॥

जोलौं हरि आपुनपों न जनावें ॥
*तोलों वेद पुरान स्मृति सब पढे सुनें नहि आवें ॥१॥
सुनि बिरंचि नारायन मुख सों नारदसों कहि दिनो ॥
नारद कहि वेदव्याससों आप सोध नहि कीनो ॥२॥
वेदव्यास ओषध की नांई पढि तन ताप नसायो ॥
तिननें सुनि शुकदेव परीक्षित राजाको जु सुनायो ॥३॥
जदपि नृपति सुनि व्रजकी लीला दसम कही शुकदेवा ॥
तोऊ **सर्वात्मभाव न उपज्यो** तातें करि न सेवा ॥४॥

---

*तोलों सकल सिद्धांत मारगको पढे सुनें नहिं आवे ॥ एसो हू पाठ हे ॥

श्रीभागवत अमृत दधि मथिके श्रीवल्लभ सर्वोत्तम ॥
करि आवरन दूरि निजजनके हाथ दिये पुरुषोत्तम ॥५॥
सेवा अरु शृंगार विविध रस श्रीवल्लभ प्रगटायो ॥
करि कृपा निज जीवन उपर हरजीवन स्वाद चखायो ॥६॥

या प्रकार श्रीआचार्यजी की कृपातें रसकी प्राप्ति हे ॥

इति प्र. २ समाप्त.

શ્રી આચાર્યચરણ સંવત ૧૫૬૮ (વ્રજ) ના જ્યેષ્ઠ માસમાં બદરીકાશ્રમ પધાર્યા તે વખતનો આ પ્રસંગ છે. (શ્રીસુબોધિનીજીની શરૂઆત બીજી પરિક્રમામાં માધવ ભટ્ટ શરણે આવ્યા ત્યારે કરી દીધી હતી. તે સ્પષ્ટ છે.) આ પ્રસંગના પ્રમાણમાં શ્રીબદ્રીનાથજીના પુરોહિત વાસુદેવને શ્રીઆચાર્યચરણે લખી આપેલા વૃત્તિપત્રનો નવમો શ્લોક છે. જુઓ;—

विद्वद्भिः किल कृष्णदासकमुखैः शिष्यैरनेकैर्वृतः
सोहं श्रीबदरीवनान्तमगमं शुक्रे शकाब्दे तथा ।
देवाम्भःपतिभूमिते सह नरं नारायणं वीक्षितुं
तत्र ‘ व्यासमुनीश ’ सङ्गतिरभूदाकस्मिकी मे शुभा ॥९॥

નોંધઃ—

શ્રીઆચાર્યચરણ બદરીકાશ્રમ ત્રણ વખત પધારેલા છે. તેમ યદુનાથદિગ્વિજયથી સ્પષ્ટ થાય છે. અને તેની પુષ્ટિ આ વાર્તાથી થાય છે.

યદ્યપિ આ વાર્તામાં (પ્રાચીન હસ્તલિખિત પ્રતોમાં) બદરીકાશ્રમ પધારવાનું એજ વારનું વર્ણન સાધારણ દૃષ્ટિથી જોવામાં આવે છે, તો પણ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં ત્રણવાર પધારવાનું સ્પષ્ટ માલુમ પડે છે.

અત્રે આપેલા પ્રસંગ (૧) અને પ્રસંગ (૨) નું સર્વ પુસ્તકોમાં (હસ્તલિખિત) એકજ પ્રસંગ તરીકે વર્ણન જોવામાં આવે છે. છતાં અત્રે આપેલા પ્રસંગની શરૂઆતમાં बहुरि શબ્દ દરેક ગ્રન્થમાં જોવામાં આવે છે. અને તેથી તે પ્રસંગ અલગ પડી જાય છે. જેમ શ્રીભાગવતના અધ્યાય ૧૯ માં વ્રતચર્યાના પ્રસંગ પછી ૨૯ મા શ્લોકમાં "अथ गोपैः परिवृतो" ત્યાં अथ શબ્દથી અલગ પ્રકરણ ચાલુ થાય છે તેમ અહિં बहुरि શબ્દથી બીજીવારનું સ્પષ્ટ નિરૂપણ છે. એથીજ અમે તેનો પ્રસંગ ૨ તરીકે ઉલ્લેખ કર્યો છે.

એટલે વૃત્તિપત્ર ત્રીજી પરિક્રમામાં બીજી વખતે બદ્રીકાશ્રમ પધાર્યા ત્યારે લખી આપ્યું છે. અને વામન દ્વાદશીનો પ્રસંગ ત્રણ પરિક્રમા પૂર્ણ કર્યા પછી કેટલાક વર્ષ બાદ સં. ૧૫૭૬માં-કુંભ ન્હાવા-હરિદ્વાર પધાર્યા છે. ત્યાં કેટલાક મહિના બિરાજી પછી બદરીકાશ્રમ પધાર્યા તે સમયનો છે. (જુઓ બેઠક ચરિત્ર) અને પહેલો પ્રસંગ બીજી પરિક્રમા વખતનો છે. એમ ત્રણે પ્રસંગ અલગ થઇ જાય છે.

(क) बहुरि एक समय श्रीआचार्यजी गंगासागर पधारे ॥
तहां श्रीआचार्यजी आप पोढे हते ॥

वार्ता प्रसंग ३

ओर कृष्णदास पांव दाबत हते ॥
तब श्रीआचार्यजी आप मनमें बिचारे ॥
जो धानके मुरमुरा होइ तो आरोगें ॥ तब यह बात श्रीआचार्यजीके मनकी कृष्णदास मेघनने जानी ॥ सो इतनेमें श्री आचार्यजीकों निद्रा आई ॥ तब कृष्णदास उठिके गंगासागर उपर आये ॥ तब देखे तो पार एक दीवा बरत हे ॥ ताकी

अटकूर तें पेरि कें गंगाजी के पार गए[1] ॥ तहां एक गांव हतो ॥ तहांते खेतमें ते गीलो धान कटवायो ॥ टका की जगे द्वै टका दे के मुरमुरा सिद्धि करवाए ॥ पाछें कृष्णदास श्रीगंगाजी में पेरिके श्रीआचार्यजी के पास आये ॥ तब श्री आचार्यजी के चरणारविंद दाबि के जगाए ॥ मुरमुरा आगे राखे[2] ॥ कह्यो जो महाराज आरोगो ॥ तब श्रीआचार्यजी-महाप्रभूनने पूछी जो तू कहां ते लायो ॥ तब कृष्णदासने सब वृत्तांत कह्यो ॥ तब श्रीआचार्यजी प्रसन्न होइ कहें जो कछु मागि ॥ तब वेई तीन वस्तू मागी ॥ तब श्रीआचार्यजीने कह्यो जो जीव कहा मागि जाने ॥ या समें जो मागतो सोई देतो ॥ जो कहेतो तो श्रीठाकुरजी को स्वरूप दिखावतो ॥

(ख) पाछे श्रीआचार्यजी आप सोरों पधारे ॥ तब कृष्ण-दासने बिनती करिके कह्यो जो मेरे गुरु को ले आउं ॥ तब श्रीआचार्यजीने कह्यो जो तू खेद पावेगो ॥ पाछे कृष्णदास ईकेलेई गुरु के इहां गये ॥ सो जब गुरुने कृष्णदास को देख्यो ॥ तब कह्यो ॥ जो तेनें ओर गुरु कीये ॥ तब कृष्ण-दासनें कह्यो ॥ जो मेंने तो ओर गुरु नांहि किये ॥ मेरे गुरु तो आप ही हो ॥ परि तुमारे प्रतापतें मेनें पूर्ण पुरुषोत्तम पाये हें ॥ तब वाने कह्यो ॥ जो पूर्ण पुरुषोत्तम कैसें जानीए ? तब गुरुके आगे अग्नि की अंगीठी धकधकात हती ॥ तामें ते

१ અહિં વૈરાગ્ય ધર્મ. ૨ અહિં ઐશ્વર્ય ધર્મ (જુઓ કૃ૦ની વાર્તાનું રહસ્ય)

कृष्णदासनें दो हाथकी अंजुली भरि के अंगार हाथमें लीये ओर कहें जो श्रीआचार्यजी महाप्रभू आप पूर्ण पुरुषोत्तम होइ तो मेरे हाथ मति जरियो ॥ ओर जो अन्यथा होई तो मेरे हाथ जरि बरि भस्म होइ जैयो ॥ सो एक मुहूर्त्त लों अग्नि हाथमें राखी ॥ तब उन गुरुने भय खाई ॥ तब कह्यो के डारी दे ॥ पाछें उन गुरुने कृष्णदास के हाथ पकरी के अपने हाथ सों अग्नि डारि दीनी ॥ तब कृष्णदास तहांते खेद पाइ के उठि आए ॥

(यह प्रसंग सब वल्लभाष्टक की टीकामें श्रीगोकुलनाथजी ने विस्तारपूर्वक कह्यो हे ॥)

(क) सो गंगासागर के तीर पधारे ॥ सो रात्रिकों पोढे हते ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश

अर्धरात्रिको मुरमुराकी मनमें आई जो भोग धरिये ॥ सो कृष्णदास पर कृपा करन के लिये ॥ काहेतें पुरुषोत्तमको कछू वस्तु की अपेक्षा होइ नांहि ॥ कदाचित होई तो काहूके उपर कृपा करन के अर्थ ॥ सो कृष्णदास कों जनाई ॥ तब कृष्णदास तरिके पार जाय ले आए ॥ यह ईश्वरकार्य हें ॥ जीवसों न होइ ॥ तब कृष्णदास चरण दाबि के जनाए (जगाए) तब श्रीआ-चार्यजी आप अरोगि के बहोत प्रसन्न भए ॥

तब कहे मांगि । पाछे वही तीन वस्तू मांगे ॥

तब श्रीआचार्यजी कहे जीव कहा मांगे ? जीवको मागनो हि बाधक हे ॥ तातें परमानंददासने गायो हे "मागे सर्वस्व जात हे परमानंद भाखे" ॥

(ख) ओर गुरु को भाव चित्त में हतो ॥ ता करि महाप्रभू के वचन को विश्वास न भयो ॥ जो एकवार दिए सो दृढ हैं ॥ फेरि कहा मांगनो ? ओर मारग की दुर्लभता दिखाए ॥ श्रीमहाप्रभूजी के मनकी बात मुरसुराकी जाने ॥ परंतु मारग हृदयारूढ कृपाही ते होइ ॥ दोष को स्वरूप हे जो मुखरता दोष, जीवको स्वभाव हू जीन के हाथ नाहीं ॥ जब श्रीआचार्यजी छोडावें तब ही छूटे ॥ तातें श्रीआचार्यजी बिना ओर में इश्वरबुद्धि तथा गुरुबुद्धि करे[1] ताको एतन् मारगको फल कबहू सिद्ध न होइ ॥ यह भाव जताए ॥ पाछें कृष्णदास गुरु के यहां सूं दुःख पाय, अन्याश्रय छोडि, महाप्रभूके पास आए ॥ तब मारग को सिद्धांत हृदयारूढ भयो ओर मुखरता दोष हू गयो ॥ तातें फेरि श्रीआचार्यजी सो नाहिं माग्यो ॥ अन्याश्रय एसो बाधक हे ॥ *

इति प्र. २ समाप्त.

---

१. સરખાવો શ્રી હરિરાયજીની વાણીઃ—
निजाचार्येषु सततं मनस्तत्प्रियसूनुषु ।
स्थापनीयं न चान्येषु सममत्या कदाचन । (चतुःश्लोकी)

* ગંગાસાગરનો સમય. ૧૫૬૦–૬૧ લગભગનો અનુમાન થાય છે. અહીં શ્રીઆચાર્યજીને દેહત્યાગની આજ્ઞા થઇ. "गंगासागर संगमे" (જુઓ અંતઃકરણ પ્રબોધ) તે આજ્ઞા સ્વીકારી નહિં કારણ કે આપનો દેહ અલૌકિક છે. તેમજ લીલામાં થયેલી પ્રથમ આજ્ઞાનું પાલન પૂર્ણ રૂપથી થયું નથી. આ આજ્ઞા અંતઃકરણમાં થઇ છે. અને તેજ વખતે આપે મુરમુરા ભોગ ધરવાની ઇચ્છા કરી. અને શીઘ્ર કૃષ્ણદાસે તે ઇચ્છા જાણી કાર્ય સિદ્ધ કર્યું. અહીં કૃષ્ણદાસે દાસધર્મ દેખાડયો. સ્વામીની ઇચ્છા (વિના આજ્ઞા કરે) જાણીને કાર્ય કરવું તે દાસધર્મ. તેથી આપ પ્રસન્ન થયા.

बहुरि मार्ग हृदयारूढ भये पाछे कदाचित् गोप्य वार्ता होइ सो सबन के आगे कहें ॥ तब

वार्ता प्रसंग ४

काहू वैष्णवने श्रीआचार्यजी सों कही जो महाराज कृष्णदास गोप्य वार्त्ता सबन के आगे कहत हे ॥ तब श्रीआचार्यजीने कृष्णदास सों पूछी, जो तू गोप्य वार्ता सबन के आगे क्यों कहत हे ? तब कृष्णदासने कह्यो जो महाराज, आप उनही सों पूछिये ॥ जो मेंने कहा कह्यो हे ? तब उन वैष्णव सों श्रीआचार्यजीने पूछी जो तुमसों इन कृष्णदासनें कहा वार्ता कही ? तब उन वैष्णवनें कह्यो ॥ जो महाराज हमको तो कछू सुधि रही नांहीं ॥ तब श्रीआचार्यजी मुसिकाईके चुप करि रहें ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश

मारग हृदयारूढ भयो ॥ सो रसके भरते रह्यो न जाइ ॥ सो रहस्यवार्ता वैष्णवसों करे ॥ तामें यह जताए ॥ कृष्णदास अपुने अनुभव करन अर्थ कहते ॥ परंतु पात्र बिना रस ठेरे नाहि ॥ (तातें वैष्णवने कही, कछु सुधि रही नाहिं)

और कृष्णदासकी कछू दामोदरदास तें उतरती दशा ॥ जो कहे बिना रह्यो न जातो ॥ यह दोऊ भाव जताए ॥

इति प्र. ४. समाप्त.

(क) ओर एक समें श्रीआचार्यजी सों कृष्णदासनें प्रश्न पूछ्यो जो महाराज श्रीठाकुरजी को

वार्ता प्रसंग ५

प्रिय वस्तू कहा हे ॥ ताको प्रतिउत्तर श्रीआचार्यजी कहत हें ॥ जो श्रीठाकुरजी उत्तम तें उत्तम वस्तु के भोक्ता हें ॥ परंतु गोरस अति प्रिय हे ॥ गोरस शब्देन वाणी कहियति हे ॥ ताको भाव अनिर्वचनीय हे ॥ ओर सबन ते भक्तको स्नेहमय प्रभाव अतिप्रिय हें ॥ जातें भक्तवत्सल कहवावत हे ॥

तब कृष्णदासने फेर पूछी जो श्रीठाकुरजी कों अप्रिय बस्तु कहा हे ? तब श्रीआचार्यजीनें कह्यो ॥ जो श्रीठाकुरजी कों धुंआ समान अप्रिय ओर नाही हे ॥ ताहूतें अप्रिय श्री ठाकुरजी कों भक्तको द्वेषी हे ॥

गोरस सो वैष्णव को स्नेह परस्पर ओर वैष्णव को कलेश सो

श्रीहरिरायजी कृत भावप्रकाश

धुंवा ॥ जहां स्नेह तहां श्रीठाकुरजी पधारे जानिए ॥ जहां क्लेश तहां ते श्रीठाकुरजी दूरि जानिए ॥

(ख) फेरि कृष्णदासने प्रश्न पूछ्यो ॥ जो महाराज श्रीरघुनाथजी संपूर्ण सृष्टि को लेके स्वधाम पधारे ॥ ओर राजा दशरथ को स्वर्ग दीयो ॥ सो काहेते ? ताको प्रति उत्तर श्रीआचार्यजी कहे जो श्रीरघुनाथजी तो परमदयाल हें ॥ तातें स्वर्ग दीनो ॥ नातर स्वर्ग की योग्यता राजा दशरथ को न हती ॥ काहेते जो अपनो वचन सत्य करिवे को श्रीरामचंद्रजी को वनवास पठाए ॥ एसो कर्म कीया ॥

यह प्रश्न हीनाधिकारी को हे काहें ते साक्षात पुरुषोत्तमकी लीला

श्रीहरिरायजी कृत भावप्रकाश

तें मन बहार करी यह प्रश्न कहा ? यामें यह जताए ॥ (कृष्णदासकों) अबहो " मानसी सा परा मता " यह फल नांहि भयो ॥ तब कृष्णदास के समाधान के अर्थ आप कहे जो रामचंद्रजी दयाल हें....(देखो बार्ता)

यह कहि अपने मारग को सिद्धांत जताए ॥ जो अपने हठधर्म करि धर्मी जो श्रीठाकुरजी तिनको श्रम करावे तो हीन फल धर्मको स्वर्ग ही मिलें ॥ श्रीठाकुरजीको फल न मिले ॥

इति प्र. ५ समाप्त.

वार्ता प्रसंग ६

ओर एक समें श्रीआचार्यजी सें कृष्णदासनें फेरि प्रश्न पूछयो जो भक्त होइ के श्रीठाकुरजी की लीला को भेद नांहि जानत सो काहेतें ? तब श्रीआचार्यजीने कह्यो जो ये विधिपूर्वक समर्पन ज्यों कह्यो हे त्यों नांहि करत ॥

*** विधि सो समर्पन पदारथ को ज्ञान नांहि ॥ अहंता ममता अपनी सत्ता अहंकार को समर्पन ॥ जो अब दास भयो ॥ प्रभु आधीन हों ॥ प्रभु करे सो सर्वोपर सिद्धांत हे ॥ यह भेद अपने में नांहि ॥ ओर अपनि योग्यता मानि भगवदीय को संग नांहि करत हे ॥ तातें योग्यता मानें**

---

*અહીંથી આ +ચિન્હ સુધીના શબ્દો શ્રીહરિરાયજીના છે.

तब प्रभु अप्रसन्न होई जात हें ॥ यह मारग दैन्य को हे ॥ सो दैन्य नांहि हे ॥ इत्यादिक अंतरायतें अपनो स्वरूप ओर भगवदीय को स्वरूप श्रीठाकुरजी को स्वरूप नांहि जानत हें॥ ओर भगवद्भक्त को संग करे तो श्रीठाकुरजी की लीला को भेद जाने॥ सो तो योग्यता समज नांहि करत हे॥ ओर जो कछू करत हे सो अंतःकरण पूर्वक नांहि करत हे॥ ता तें श्री ठाकुरजी को स्वरूप ओर लीला को भेद नांहि जानत हे॥+

उत्तम भक्त को संग करे॥ श्रीभागवत श्रीसुबोधिनीजी आदि ग्रन्थ को अहर्निश अवगाहन करे॥ तब भगवद्भाव उत्पन्न होइ॥ श्रीठाकुरजी ब्रजभक्तन विषे सदैव रहत हें॥ तहां सेवा करि के बंधे हें॥ तहां एतन्मार्गीय वैष्णव ताके हृदय में श्रीठाकुरजी बिराजत हें॥ ताको संग करनो॥ तहां गजनधावन आदि वैष्णव को दृष्टांत दीनो॥ जिन जिन ने भावपूर्वक सेवा करी तिन तिन के सकल मनोरथ सिद्ध भये॥ जातें लीलास्थ व्रजभक्तन के भाव को विचार करनो॥

जो वैष्णव श्रीठाकुरजी को स्वरूप जानत हे॥ तिनको स्वरूप अलौकिक दृष्टि सें जान्यो जाय॥ जो आज्ञा होइ सो जाने॥ जो वैष्णव श्रीठाकुरजी को जानत हें सो जो कछू काज करत हे सो श्रीठाकुरजी के अर्थ करत हें ओर श्रीठाकुरजी विषें विरह ताप भाव करत हें॥ अपुने स्वदोष

को विचार करत हें ॥ (एसे जीव) अपुने स्वरूप विचारे जो हों कोन हों ? पहले कहा हतो ? भगवद् संबंध कीये तें हों कोन हो गयो ? अब मोकों कहा–कर्तव्य ? रात्रदिवस एसे विचार करत रहें ॥ तब अपनो स्वरूप जाने ॥ ये प्राकटय श्रीव्रजभक्तन के अर्थ हे । तातें उत्तम संग होइ तो एतन्मार्गीय ठाकुर को जाने ॥ ओर शास्त्र पुरान अनेक इतिहास हें ॥ तातें व्रजराज के घर प्रगटे सो स्वरूप जान्यो न जाय ॥ ये ठाकुर तो तबही जाने जब भगवद्भक्त को संग करे ॥ सेवा को प्रकार एतन्मार्गीय वैष्णव जानत हें ॥ तिनसों मिली भाव पूछि के सेवा करनी ॥ तब भगवद्भाव उत्पन्न होइ ॥ श्रीठाकुरजीकी लीला को सब भेद् जाने ॥

इति वार्ता प्र. ६ समाप्त ॥

---

१ ओर श्रीआचार्यजी श्रीबद्रीनाथजी के मंदिर पाउ धारे ॥ तब वेद्व्यासजी साथ हे ॥

वार्ता प्रसंग ७ तब श्रीआचार्यजी वेद्व्यासजी सों पूछी जो भ्रमर गीत के अध्याय में

उद्धव कों व्रजभक्त पास पठाए ॥ ता प्रसंग में आधो श्लोक घटत हे ॥ तब वेद्व्यासजीने अर्द्धश्लोक कह्यो सो श्लोक ॥ “ आत्मत्वाद्भक्तवश्यत्वात्सत्यवाक्त्वात्स्वभावतः” सो याकी

टीका श्रीआचार्यजीनें पहले ही कीनी हे* ॥ सो सुनि के वेद व्यासजी कहे जो तुम धन्य हो ॥ ता पाछें श्रीआचार्यजी महा प्रभु श्रीबद्रीनाथजी के मंदिर में पधारे ॥ ता दिन वामनद्वादशी हती ॥ ता दिन श्रीआचार्यजी व्रत करते ॥ सो फलाहार श्रीव्यासजी हूं ढूंढे ॥ आर कृष्णदास हूं ढूंढे ॥ परंतु मिल्यो नांहि ॥ तब श्रीबद्रीनाथजीने श्रीआचार्यजी सों कह्यो ॥ जो मेनें फलाहार को सर्वत्र खोज कीयो ॥ परि पावत नाहिं ॥ तातें तुम रसोई करि के श्रीठाकुरजी को भोग समर्पि के भोजन करो ॥ तब श्रीआचार्यजी विचारे जो श्रीठाकुरजी की इच्छा एसी ही दीसत हे ॥ इतने में कृष्णदासने आइ के कह्यो जो महाराज, इहां कछु फलाहार पाइयत नांहि ॥ तब वेदव्यासजी द्वारा श्रीठाकुरजीने कही जो सामग्री करि भोजन करो ॥ "उत्सवांते च पारणा" यहू बचन हे ॥ तापाछे श्रीआचार्यजी आपु रसोई करिके श्रीठाकुरजी को भोग समर्पि के आप भोजन कियो ॥

पाछें ता दिनतें वामनद्वादशी के दिना व्रत न करते ॥ पाछे श्रीआचार्यजी श्रीबद्रीनाथजी ते बिदा होइके कृष्णदास को साथ ले के पधारे ॥[1]

---

* अत्र प्रायेण साधनचतुष्टयप्रतिपादकमर्थमन्तरितमिति प्रतिभाति 'आत्मत्वाद.........' (सुबोधिनी १०-४४-२९)

१. આ પ્રસંગ ત્રણે પરિક્રમા બાદ અડેલવાસ કર્યો ત્યાર પછી સં. ૧૪૭૬માં હરિદ્વાર થઈ અહીં (બદ્રીકાશ્રમ) પધાર્યા તે વખતનો છે. (જુઓ હરિદ્વાર બેઠક ચરિત્ર)

फलाहार ना मिल्यो ॥ ताको प्रयोजन यह जो, श्रीआचार्यजी चाहें सो सबहि मिले ॥ व्यासजी कृष्णदास सरीखे ढूंढनहारे ॥ सो फलाहार या तें न मिल्यो जो श्रीआचार्यजी के मनमें सामग्री उत्सवकी करनी ॥ ऊपर तें मर्यादा राखिवे के लिए फलाहारकी कही ॥ सो फलाहार न मिल्यो ॥ तातें वेदव्यासजी द्वारा श्रीठाकुरजीने कहवाई ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश

तातें श्रीगुसांईजीने सात लालजीन में ॥ बडे घर (प्रथम पुत्र श्रीगिरिधरजी के घर) यह रीति राखी उपवास ॥ ओर ठोर "उत्सवांते च पारणा" श्रीठाकुरजी सब सामग्री अरोगे ॥

इति प्र. ७ समाप्त.

वार्ता प्रसंग ८ **श्रीआचार्यजीने जब आसुरव्यामोह लीला करी, तब कृष्णदास ने हू विप्रयोग करी देहको त्याग कीयो ॥ ×**

इति प्र. ८ समाप्त.

× " સંપ્રદાયકલ્પદ્રુમ "
અહિં વિપ્રયોગનું નિરૂપણ છે.

॥ श्रीद्वारकेशो जयति ॥

દામોદરદાસ સંભરવાળાની વાર્તાનું સ્વરૂપ અને તેનું રહસ્યઃ—

"चेतस्तत्प्रवणं सेवा" इति ॥ ઈશ્વરમાં ચિત્તનું પૂર્ણ પરોવાવવું તેનું નામ સેવા. દરેક મનુષ્યનું ચિત્ત ત્રણ વિભાગમાં વંટાએલું છે. ૧. ખાનપાન, ૨. ગાનતાન અને ૩. સુંદર પહેરવું ઓઢવું. તે ત્રણે પ્રકારની ચિત્તવૃત્તિને **ઈશ્વરમાં યોજવાને અર્થે** શ્રીમદાચાર્યચરણે ૧ ભોગ, ૨ રાગ અને ૩ શૃંગાર પ્રાધાન્ય ઐશ્વર્યયુક્ત સેવાનો દામોદરદાસને ત્યાં સર્વ પ્રથમ પ્રાદુર્ભાવ કર્યો છે. શ્રીઆચાર્યચરણે દામોદરદાસને ત્યાં આ સેવા ભાવાત્મક ઐશ્વર્યરૂપે સ્થાપન કરી એટલે અભોગ્ય ઉત્તમોત્તમ વસ્તુ શ્રી પ્રભુને અંગીકાર કરાવવી એવી આજ્ઞા કરી. (જુઓ પ્ર૦ ૧) **શ્રી દ્વારકાનાથજીએ તેનો બાહ્ય પ્રાદુર્ભાવ સાંગોપાંગ પ્રકટ કરાવ્યો.** (જુઓ પ્ર૦ ૩) એથી મંદિર, ટેરા, ઝારી ઝરોખા આદિ **સર્વ લીલા સૃષ્ટિનો ઐશ્વર્યક્રમ પ્રથમ દામોદરદાસને ત્યાં પ્રકટ થયો.**

આ રીતે સજ્ઞાન પુરુષ અને અજ્ઞાન પુરુષ બન્નેના મનને આકર્ષીને પ્રભુમાં યોજવાને અર્થે ઐશ્વર્યરૂપ સેવાનો પ્રાદુર્ભાવ કર્યો. આથી અનેક જીવો કૃતાર્થ થયા. "**રાજ કાજે જોડીયા જન ઉચ્ચાવચ નરનાર**" દરેક ઉચ્ચ નીચ તેમજ વિવિધ અધિકારવાળા જીવોનો પણ આ ઐશ્વર્યરૂપ સેવામાં અંગીકાર છે, અને તેની કૃતાર્થતા પણ છે. માટે આ સેવા વિના ચિત્તમાં રહેલી અનેક પ્રકારની વાસનાઓનો નિરોધ દુઃશક્યજ નહિ પણ અશક્યજ છે. માટે ઉપરના દેખાવ પૂરતા પાખંડ ધર્મયુક્ત સંન્યાસાદિ કરતાં ભગવત્સેવાનિમગ્ન ગૃહસ્થાશ્રમજ એક સર્વસુલભ ભગવત્પ્રાપ્તિના સાધનરૂપ છે. આ સેવાથી અહંતા મમતા સહજમાં નષ્ટ થાય છે. (જુઓ દામોદરદાસની સ્ત્રીનું પુત્ર ઉપરનું મમત્વ કેવું દૂર થયું ? પ્રસંગ ૭-૮) અને

આગળ ઉપર પુષ્ટિના સંન્યાસરૂપ વિપ્રયોગ અવસ્થાની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

આથી આ દામોદરદાસની વાર્તામાં અપ્રાકૃત ઐશ્વર્યનું આધિદૈવિક સેવા અર્થે પ્રાકટ્ય નિરૂપ્યું છે. માટે આ વાર્તા શ્રીઆચાર્યજીના ભાવાત્મક નિરોધના આધિદૈવિક ઐશ્વર્યરૂપ કહી.

अब श्रीआचार्यजी महाप्रभूनके सेवक दामोदरदास संभलवारे क्षत्री कन्नोज के वासी तिनकी वार्ता ॥

शरण आये पहेले को प्रकार
(जन्म १)

दामोदरदास कों बालपनें तें विरह हतो जो श्रीठाकुरजी की प्राप्ति कोंन प्रकार सो होई ? सो दामोदरदास एक समय प्रयाग में आए हते मकरस्नानको ॥ सो कृष्णदास सो मिलाप भयो ॥ तब चर्चा करत कृष्णदास (मेघन) ने कही श्रीवल्लभाचार्यजी प्रकट भये हैं ॥ सो दक्षिण में पधारे हे ॥ कृष्णदेव राजा की समिपे मायावाद खंडन कीए हे ॥ उनकी कृपातें निश्चय श्रीठाकुरजी मिलेंगे ॥ मेरे गुरु सों नेह हे तिनसो कछू कार्य मेरो भयो नांही ॥ तातें जब में जहां श्रीआचार्यजी

* १ શ્રીહરિરાયજીકૃત, સંશોધિત ઈતિહાસ.

होइंगे तहां जाऊंगो ॥ यह दामोदरदाससों कहे के कृष्णदास दक्षिण देश गए ॥

जब तें दामोदरदास के पास तें कृष्णदास मेघन श्रीआचार्यजी पास गए ॥ तब तें दामोदरदासको विरह बहोत रहे॥ जो मोकों श्रीआचार्यजी कोन प्रकार मिलेंगे ? ॥ या प्रकार विरह करत माह महिना में मकरस्नान दामोदरदास कोए ॥ सो महा सुद १५ को दामोदरदास मकरस्नान करत हते ॥ ता समय एक तांबे को पत्र गंगा यमुना के संगम में तें दामोदरदास के हाथ आयो ॥ सो दामोदरदास घर लाए ॥ जब रात्रिकों दामोदरदास सोए ॥ तब दामोदरदास को स्वप्न भयो ॥ यह पत्र बांचे ताकी तू शरन जैयो ॥ तब सवारे उठि के प्रयाग में बड़े २ पंडित ब्राह्मण महापुरुष मकरस्नानको आए हते ॥ तिन सबन को वंचायो ॥ कोई बांचि न सके ॥ तब दामोदरदास काशी में शेठ पुरुषोत्तमदास के इहां व्योहार हतो ॥ (तहां गये) खरच की हुंडी सेठ पुरुषोत्तमदास के यहां ले गये हते ॥ तिनसों सगरी बात दामोदरदासने कही जो यह पत्र श्रीआचार्यजी बांचेंगे ॥ और काहूकी सामर्थ्य नांहीं ॥ मोसों कृष्णदास मेघन कहे गए हैं ॥ जो श्रीआचार्यजी की सरन तें श्रीठाकुरजी मिलेंगे ॥ (सो) यह सुनिके सेठ पुरुषोत्तमदास हू को चटपटी लागी ॥ जो मोको कब श्रीआचार्यजी को दरसन होइंगे ? सो शेठ पुरुषोतमदासकी वार्ता के भाव में वर्णन करेंगे ॥ या प्रकार दामोदरदास दिन १९

कासो रहे ॥ परंतु पत्र कोउ न बांच्यो ॥ तब कन्नोज में अपने घर आए ॥ एसे विरह करत * कछूक महिनामें श्री आचार्यजी महाप्रभू कन्नोज पधारे ॥ तब गामके बाहर बागमें उतरे ॥

॥ श्रीद्वारकेशो जयति ॥

દામોદરદાસ સંભરવાળાનો શેષ ભૌતિક ઇતિહાસઃ-

દામોદરદાસ જાતે ક્ષત્રિય હતા. તેમનો જન્મસમય સંવત ૧૫૩૦ લગભગનો છે. તેમના પિતા કરોલીના ચંદ્રવંશીય રાજાના દિવાન હતા. જ્યારે તેમના પિતાએ દેહ છોડયો ત્યારે તેઓ લગભગ ૨૦ વર્ષના હતા. તેમના પિતાએ તેમને નાનપણથીજ રાજ્યનીતિના પ્રખર અભ્યાસી કર્યાં હતા અને રાજા સાથે તેમનો ઘનિષ્ઠ પરિચય કરાવેલો હતો. દામોદરદાસની બુદ્ધિ અત્યંત તીવ્ર હતી અને બહુજ નાની અવસ્થામાં પણ તેમના પિતાને ક્વચિત્ રાજ્યનીતિને અત્યંત ઉપયોગી એવી સલાહ આપતા કે જેથી પિતા પોતાના એકના એક પુત્રનું મુખ જોઈ રહેતા અને પોતાના પુત્રની બુદ્ધિ ઉપર મુગ્ધ થતા હતા. જ્યારે રાજાને દામોદરદાસની તીવ્ર બુદ્ધિનો પરિચય થયો ત્યારે દામોદરદાસના પિતાને તેઓએ હુકમ કર્યો કે પોતાના પુત્રને નિત્ય રાજ્યદરબારમાં સાથે લાવ્યા કરો અને રાજ્યથી માહિતગાર કરો. તેમ કરતાં કરતાં લગભગ પાંચેક વર્ષમાંજ જ્યારે દામોદરદાસના પિતાએ દેહ છોડયો ત્યારે રાજાએ દામોદરદાસને તેમના પિતાની દિવાનગીરી ઉપર કાયમ કર્યા. યદ્યપિ દામોદરદાસ રાજ્યનીતિમાં પૂર્ણ

---

* સંવત ૧૫૫૧-૫૨ માં શ્રીઆચાર્યજી કનોજ પધારેલા હોવા જોઇએ. (જુઓ શેષ ભૌતિક ઇતિહાસ.)

સંડોવાયેલા હતા છતાં તેમનું ચિત્ત વૈરાગ્યથી પૂર્ણ હતું અને ભગવત્પ્રાપ્તિના અર્થે અનેક સાધુ પુરુષોનો સંગ કરતા હતા.

વ્રજ સં. ૧૫૪૮ ના વૈશાખ વદ ૨ ઉપરાંત ત્રીજના દિવસે શ્રીઆચાર્યજીએ વિદ્યાનગરથી પ્રયાણ કર્યું. સર્વ પ્રથમ દક્ષિણના ઝારખંડમાં પધાર્યા. ત્યાં ભગવદાજ્ઞા થઈ કે આપ વ્રજમાં પધારી મારી સ્થાપના કરો. તેથી આપ વ્રજ તરફ પધાર્યા. રસ્તામાં કન્નોજ મુકામ કર્યો. ત્યાં ભગવદાજ્ઞા થઈ કે અહીંના જીવોને શરણે લેવાના છે. પ્રથમ આજ્ઞાનું પાલન કરવા આપ શીઘ્ર સંવત ૧૫૪૯ ના ફાલ્ગુન માસમાં વ્રજમાં પધાર્યા. ત્યાં શ્રીજીને પાટ બેસાડી સં. ૧૫૫૦ માં બ્રહ્મસંબંધનો મંત્ર શ્રીજીના શ્રીમુખથી પ્રકટ કરાવી આપ વ્રજયાત્રા કરી પૃથ્વીપરિક્રમા કરવા પધાર્યા. સંવત ૧૫૫૧–૫૨ માં આપ કન્નોજ પધાર્યા.

આપના પધારવાના એક દિવસ પહેલાં દામોદરદાસને સ્વપ્નમાં શ્રીદ્વારકાધીશે જણાવ્યું કે મારૂંજ બીજું સ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજી કાલે કન્નોજમાં પધારશે અને તે તને તાંબાપત્રનો અર્થ સમજાવશે. માટે તું તેમને શરણે જજે. જ્યારે શ્રીઆચાર્યજી કન્નોજ પધાર્યા ત્યારે ગામ બહાર ગંગાતટ ઉપર આપે બગીચામાં મુકામ કર્યો. અને કૃષ્ણદાસને સામાન લેવા બજારમાં મોકલ્યા. આપણે પહેલા વાંચી ગયા છીએ કે કૃષ્ણદાસનો અને દામોદરદાસનો પ્રથમ મિલાપ સં. ૧૫૪૭ ની મકરસંક્રાંતિ વખતે પ્રયાગમાં થયો હતો. (જુઓ કૃષ્ણદાસનો ઈતિહાસ) જ્યારે દામોદરદાસ રાજદ્વારમાંથી ઘોડા ઉપર બેસીને ઘેર આવતા હતા, તેવામાં બજાર વચ્ચે તેમણે કૃષ્ણદાસને જોયા. જેથી તેમણે શ્રીવલ્લભાચાર્યજી પધાર્યા છે કે નહિ તેમ પૂછ્યું. (વિશેષ જુઓ વાર્તા.)

× × ×

શ્રીઆચાર્યચરણે તાંબાપત્ર વાંચીને તેમાંની આકૃતિના થતા

બન્ને અર્થ દામોદરદાસને સમજાવ્યા. માહાત્મ્યજ્ઞાનરૂપ આધ્યાત્મિક અર્થ સમજાવતાં આપશ્રીએ તે આકૃતિઓનું આ પ્રમાણે રહસ્ય કહ્યું:—

આ ગીધ અને સ્ત્રીના જેવી જે આકૃતિ જોવામાં આવે છે તે પૂતનાની છે, અને તે અવિદ્યા (અજ્ઞાન) રૂપ છે. એની પાસે ગર્દભ (ગધેડા) ની જે આકૃતિ છે, તે 'ધેનુક' રાક્ષસની છે અને તે 'દેહાધ્યાસ' નું રૂપ છે. એની પાસે જે ઘોડાની આકૃતિ છે, તે કેશી દૈત્યની છે, અને તે 'ઇન્દ્રિયાધ્યાસ' રૂપ છે. એની પાસે જે રાક્ષસની આકૃતિ છે તે 'પ્રલંબાસુર' છે અને તે અંતઃકરણાધ્યાસનું સ્વરૂપ છે. એની પાસે જે અગ્નિમંડલ છે તે દાવાનલ છે તે પ્રાણાધ્યાસરૂપ છે અને આ સન્મુખ વેણુનાદ કરતી જે મૂર્તિ છે તે સાક્ષાત શ્રીકૃષ્ણની છે. એ શ્રીકૃષ્ણ અવિદ્યા (પૂતના) દેહાધ્યાસ (ધેનુક) ઇન્દ્રિયાધ્યાસ (કેશી) અંતઃકરણાધ્યાસ (પ્રલમ્બ) ને નષ્ટ કરે છે. અને પ્રાણાધ્યાસ (દાવાનલ) નું પાન કરે છે. અને આ પાસેજ જે સર્પની આકૃતિ છે તે 'કામક્રોધ' રૂપ છે. તેના ઉપર શ્રીકૃષ્ણ નૃત્ય કરે છે. કારણ કે શ્રીકૃષ્ણની આગલ કામક્રોધનું પ્રાબલ્ય નથી ચાલતું અને આ 'ગોલાકાર' આકૃતિ છે તે બ્રહ્મરૂપ છે અને આ સાકાર 'બ્રહ્મવાદસૂચક' ચિહ્ન છે, એને આ શ્રીકૃષ્ણની સામે હાથ જોડી ઉભેલી સ્ત્રીની આકૃતિ તે 'ભક્તિ'રૂપ છે તેની તરફ શ્રીપ્રભુ પ્રસન્નતાથી જોઈ રહ્યા છે. આ ભક્તિની પાસે જે બે બાલકોની આકૃતિ છે, તે જ્ઞાન અને વૈરાગ્ય છે. એ એમ સૂચન કરે છે કે ભક્તિ થવાથીજ જ્ઞાન અને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. એની પાસે પંજાની આકૃતિ છે તેમાં આ દીર્ઘરેખા છે તે પૂર્ણ આયુષ્યની છે. અને આ નાની રેખા છે તે સાધુતાની છે. એની પાસે આ બીજી સમ્મિલિત રેખા છે તે ઐશ્વર્યની છે. આની પાસે ભક્તિનું સ્વરૂપ અને ભક્તિ નિરૂપણ તત્ત્વ છે. તેથી એ સિદ્ધ છે કે મનુષ્ય ભક્તિનિષ્ઠ થાય તે દીર્ઘાયુષ્યવાન, સાધુસ્વભાવ, અને ઐશ્વર્યવાન થાય છે. આ પ્રમાણે

બધી આકૃતિની એકવાકયતા કરીને આધ્યાત્મિક અર્થ દામોદરદાસજીને કહ્યો. પછી ભક્તિ (ભાવ) રૂપ આધિદૈવિક અર્થ આ પ્રમાણે આજ્ઞા કરવા લાગ્યા:--

આ સર્વ આકૃતિઓ અનેક પ્રકારની કુંજોના ચિત્રામણ રૂપ છે. અને તારૂં જ આધિદૈવિક સ્વરૂપ (સ્ત્રી આકૃતિ રૂપ) આ ચિત્રા સખીનું છે. શ્રીસ્વામિનીજીની નિકુંજ મહલમાં ચિત્રામન કુંજ સમ્હારવી એ તારી સેવા છે. અને તું શ્રીસ્વામિનીજીની સખી છે.

આ પ્રકારે જ્યારે શ્રીઆચાર્યજીએ બન્ને અર્થરૂપ લીલાનું સમગ્ર સ્વરૂપ અને ભાવનું દામોદરદાસને દર્શન કરાવ્યું ત્યારે દામોદરદાસને સમગ્ર લીલા અને પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું. ત્યાર પછી તેઓ શરણે આવ્યા.*

શ્રીઆચાર્યજીએ રાજસેવાનું પ્રથમ મંડાણ દામોદરદાસને ત્યાં (વ્રજ) સં. ૧૫૫૨ ના ચૈત્ર માસમાં સ્થાપ્યું અને તેથી જ શ્રીઠાકુરજીનું નામ પણ શ્રીદ્વારકાધીશ કાયમ રાખ્યું.

પછી દામોદરદાસે શ્રીઆચાર્યજીને બે હાથ જોડી વિનતિ કરી કે કૃપાનાથ! વ્રજલીલામાં નંદનંદન તો દ્વિભુજ છે, અને આ શ્રીદ્વારકાધીશનું સ્વરૂપ ચતુર્ભુજ છે, તેમજ પુષ્ટિલીલામાં આયુધધારણનું કારણ શું? તે કૃપા કરીને સમજાવો.

ત્યારે શ્રીમહાપ્રભુજીએ અત્યંત પ્રસન્ન થઈ આ પ્રકારે દામોદરદાસને આજ્ઞા કરી કે:—

શ્રીદ્વારકાધીશનું સ્વરૂપ અતિપ્રાચીન છે. આ સ્વરૂપનું વર્ણન શ્રીમદ્‌ભાગવત, ગીતા, ઉપનિષદ, મહાભારત, વાલ્મીકીય રામાયણ, તુલસીકૃત રામાયણ અને પદ્મપુરાણ આદિ અનેક ગ્રન્થોમાં છે.

---

*तत्र कल्किस्थानं दृष्ट्वा कान्यकुब्जं समेत्य गङ्गातटे स्थिताः। तत्र दामोदरदासदत्तताम्रपत्रस्थलीलासम्बन्धार्थं निरूप्य तदभिज्ञानं तत्कर पल्लवस्थं चित्रं प्रदर्श्य, तं सकुटुम्बं च शिष्यं कृत्वा, तत्कृते श्रीद्वारकेश्वरं प्रतिष्ठाप्य। (यदुनाथ दिग्विजय प्रथम उत्तरयात्रा)

શ્રીદ્વારકાધીશ પરમ ગુપ્ત રહસ્યલીલાનું સ્વરૂપ છે. આ સ્વ-રૂપને કોઈ જાણી શકયું નથી. તેં પૂર્વે આજ સ્વરૂપની રાજા અંબરીષ રૂપે મર્યાદામાર્ગની રીતિથી સેવા કરેલી છે. અને આ જન્મમાં તારે પુષ્ટિરીતિથી સેવા કરવાની હોઇ હું તને આ સ્વરૂપનું અતિગુપ્ત રહસ્ય કહું છું, તે તું દૃઢ ચિત્તથી શ્રવણ કર. તારા દ્વારા અનેક દૈવી જીવોને આ સ્વરૂપનો અનુભવ થશે.

શ્રીઆચાર્યજીએ શ્રીદ્વારકાધીશના ભાવાત્મક સ્વરૂપનું વર્ણન દામોદરદાસજી આગળ આ પ્રમાણે કહ્યું:—

આ સ્વરૂપ (શ્રીદ્વારકાધીશ) શ્રીમદ્‌ભાગવતના દશમસ્કંધના પ્રમેય પ્રકરણના સાતમા અધ્યાયની લીલાનું પ્રાકટ્ય છે. અને અન્ય પ્રકરણની લીલા આપમાં ગુપ્ત છે. તેથી વ્રજલીલામાં આપ પ્રમેય બલ લીલા કરી ચતુર્ભુજરૂપે દર્શન આપે છે.

મુખ્ય પ્રકારથી શ્રીદ્વારકાધીશનું સ્વરૂપ વન-નિકુંજમાં આંખ મિચૌનીની ભાવનાનું છે.

આપના નીચેના દક્ષિણ શ્રીહસ્તમાં પદ્મ (કમલ) છે. તેનો અવાંતર ભાવ ચૌદભુવન રૂપ છે. તેથી તે આયુધરૂપ છે. यथा 'भुवनात्मकं कमलं' इति।

એનો મુખ્યભાવ પુષ્ટિરીતિથી શ્રીસ્વામિનીજીની હથેલી છે. શ્રીઠાકુરજીએ શ્રીપ્રિયાજીનાં નેત્ર મિચ્યાં છે તે શ્રીસ્વામિનીજી પોતાની હથેલીથી નેત્રનિમીલન છોડાવે છે.

ઉપરના દક્ષિણ શ્રીહસ્તમાં ગદા છે. તેનો અવાંતર ભાવ અસ્ત્રના તેજનું નિવારણ છે. તેથી ગદા આયુધરૂપ છે. યથા 'अस्त्रतेजः स्वगदया' इति। મુખ્ય ભાવ પુષ્ટિરીતિથી તો-અદ્‌ભુત લીલા જોઇને શ્રીસ્વામિનીજી ભુજાશ્લેષ કરે છે. માટે ભુજાના આસ્લેષરૂપ ગદા છે.

ઉપરના વામ શ્રીહસ્તમાં ચક્ર છે તેનો અવાંતર ભાવ તો એ છે કે જેને મુક્તિ દેવી હોય તેને ચક્રથી મારે, માટે તે આયુધરૂપ છે. યથા 'ये ये हताश्चक्रधरेण राजन्'। इति।

એનો મુખ્ય ભાવ પુષ્ટિરીતિથી તો શ્રીસ્વામિનીજીએ ભુજા-શ્લેષ કર્યો ત્યારે કંકણાદિ સ્પર્શ-ક્ષત ખચિત થાય છે તે આ ચિહ્ન છે.

નીચેના વામ શ્રીહસ્તમાં શંખ છે. તેનો અવાંતર ભાવ તો અસુર-ગર્વ-નિવૃત્તિ છે તેથી તે આયુધરૂપ છે. યથા 'विष्णोर्मुखोत्थानिलपूरितस्य तस्य ध्वनिर्दानवदर्पहंता' इति ।

તેનો મુખ્ય ભાવ પુષ્ટિરીતિથી તો એ છે કે શ્રીસ્વામિનીજીના નેત્રને મિચ્યાં તે સમયે સન્મુખથી ગ્રીવાનો સ્પર્શ થાય છે.

આ, શ્રીઆચાર્યજીએ જે ભાવ દામોદરદાસને કહ્યો તે શ્રીદ્વારકેશજીએ જનહિતાર્થ સ્વરચિત ભાવનાના ગ્રંથમાં શ્રી દ્વારકાધીશના સ્વરૂપવર્ણનમાં સંસ્કૃતમાં શ્લોકબદ્ધ કર્યો છે. તે આ પ્રમાણે છેઃ—

प्रिया भुजाश्लिष्टभुजः कंकणाकृतिचक्रकः ।
कंबुकंठे घृतभुजो लीला कमल वेत्रधृक् ॥ १ ॥

શ્રીદ્વારકાધીશનું સ્વરૂપ આંખમિચૌનીનું છે તેની ભાવનાનો શ્લોકઃ—

भ्रूवल्लीसंज्ञयादौ सहचरिनिकरं वर्जयित्वा स्वकीयं,
पश्चादागत्य तूष्णीमथ नयनयुगं स्वप्रियाया निमील्यः ॥
कोऽस्मीत्येतद्वचनमसकृद्वेणुना भाषमाणः,
पातु क्रीडारसपरिचय स्त्वाश्चतुर्बाहुरुच्चैः ॥ १ ॥

અર્થઃ—શ્રીજમુનાજીના તટ ઉપર નિકુંજમાં પોતાના યૂથની સખીને પોતાની પાછલ રાખીને અને શ્રીઠાકુરજીના મેલની સખીને પોતાની આગલ બેસાડી શ્રીસ્વામિનીજી મધ્યમાં બિરાજી હાસ્યવિનોદ કરતાં હતાં. એવા સમયે વનમાંથી શ્રીપ્રભુ શ્રીસ્વામિનીજીની પાછલથી પધાર્યા. તે શ્રીપ્રિયાજીની આગલ બેઠેલી શ્રીઠાકુરજીની સ્વકીય સખીએ આપને પધારતા જોયા. શ્રીઠાકુરજીએ એને ભ્રકુટી ચલાવીને રોકી અને કહ્યું કે મારૂ પધારવું પ્રિયાને જણાવો નહિં. પછી ચુપચાપ પધારી પાછલથી પ્રિયાજીના બન્ને નેત્રો મીચ્યાઁ. તે પછી

આપે પ્રિયાજીને પૂછવાની ઇચ્છા કરી કે હું કોણ છું? પરંતુ જો મુખથી બોલે તો અદ્દભુત લીલાનું રહસ્ય ખુલી જાય છે તેથી તે ક્ષણે આપે પ્રમેયબલથી બીજા બે શ્રીહસ્ત પ્રકટ કરી બેઉ શ્રીહસ્તથી વેણુનાદ કરીને વેણુમાં પૂછ્યું કે હું કોણ છું?

વેણુદ્વારા આ વચનને સાંભળીને શ્રીસ્વામિનીજી આશ્ચર્યયુક્ત થયાં. અને મનમાં વિચાર કરવા લાગ્યાં કે બે શ્રીહસ્તથી નેત્ર મીચ્યાં છે, અને બે શ્રીહસ્તથી વેણુદ્વારા પૂછે છે કે હું કોણ છું?

પોતાના પ્રિયતમની આ અદ્દભુત લીલા જોઈને શ્રીપ્રિયાજીએ ઉત્તર દીધો કે આપ ચતુર્ભુજ છો. એવી રીતે પરસ્પર અત્યંત રસરૂપ આનંદની વૃદ્ધિ થઈ.

ત્યાર પછી શ્રીઆચાર્યજીએ દામોદરદાસને આજ્ઞા કરી કે તેથીજ આપના શ્રીઅંગમાં ચારે આયુધનાં સ્વરૂપ મૂર્તિમાન છે. પ્રિયાનાં આવિર્ભાવાવિષ્ટ સ્ત્રીરૂપ છે અને પ્રિયા જે સ્વામિની તે કરીને વિશિષ્ટ સ્વરૂપ આપનું છે. તેથીજ આપની પીઠિકા (કંદરા) ચોખૂંટી છે. પીઠિકાના વામ ભાગમાં ચક્રના ઉપર જે પદ્માસનથી બિરાજેલું ચતુર્ભુજ સ્વરૂપ છે તે એ સ્વરૂપ છે કે જેણે કારાગારમાં વસુદેવ દેવકીને ત્યાં પ્રકટ થઈ દર્શન દીધાં અને આજ્ઞા કરી:—યથા 'एतद्वां दर्शितं रूपं प्राग्जन्मस्मरणाय मे',

પીઠિકાના દક્ષિણ ભાગ તરફ ગદાની ઉપર પદ્માસનથી બિરાજેલું જે ચતુર્ભુજ સ્વરૂપ છે તે સૃષ્ટિકર્તા લક્ષ્મીપતિ નારાયણનું સ્વરૂપ છે. આપ બ્રહ્માને ત્યાં બિરાજતા ત્યારે સૃષ્ટિક્રમ આ સ્વરૂપદ્વારા થતો. યથા શ્રી भा० द्वि० स्कं० ન૦ અ૦। 'ज्ञानं परमगुह्यं मे यद्विज्ञानसमन्वितं'.

ઈત્યાદિથી આપે પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું અને પછી આજ્ઞા થઈ કે:—

'एतन्मतं समातिष्ठ परमेण समाधिना ।
भवान्कल्पविकल्पेषु न विमुह्यति कर्हिचित् ।'

એ આજ્ઞા આ સ્વરૂપથી થઈ તે આ સ્વરૂપ છે. આ સ્વરૂપનું બીજું પ્રમાણ શ્રી ભા૦ તૃ૦ સ્કં૦ ન૦ અ૦ સમાપ્તિમાં શ્લોકઃ—

सर्ववेदम येनेदमात्मनात्मात्मयोनिना ।

प्रजाः सृज यथा पूर्वं याश्च मय्यनुशेरते ॥ ४३ ॥

तस्मादेवं जगत् स्रष्ट्रे प्रधानपुरुषेश्वरः ।

व्यज्येदं स्वेन रूपेण कंजनाभस्तिरोदधे ॥ ४४ ॥

આજ સ્વરૂપ દ્વારા આ આજ્ઞા થઈ. તેથી આ બન્ને વામ અને દક્ષિણ બન્ને ભાગનાં સ્વરૂપ પણ આપ શ્રીદ્વારકાધીશનાંજ વસ્તુતઃ છે. લીલાકરણ પીઠિકામાં પ્રથમ દર્શન દે છે.

હવે બન્ને તરફ નીચેના શ્રીહસ્તની નીચે બે બે સ્વરૂપ મલીને ચાર છે. તેનું સ્વરૂપ કહે છેઃ—

પૃથક્ પ્રમાણથી તો એ ચારે પાર્ષદ છે. એમનાં નામ સુનન્દન, નન્દ, પ્રબલ, અને અર્હણ છે. બીજા પ્રમાણથી એ ચારે વેદ છે. ऋग्वेद, यजुर्वेद, अथर्ववेद અને सामवेद ।

ત્રીજા પ્રમાણથી એ ચારે વ્યૂહ છે–પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, સંકર્ષણ, અને વાસુદેવ. અને ચોથા પુષ્ટિના પ્રમાણથી એ ચાર યૂથાધિપતિ છે. ચાર મુખ્ય સ્વામિની છે—નિત્યસિદ્ધા (શ્રીરાધિકાજી), શ્રુતિરૂપા (શ્રીચંદ્રાવલીજી), ઋષિ રૂપા (શ્રીકુમારિકા રાધા સહચરીજી) અને તુર્ય પ્રિયા (શ્રીજમુનાજી)

હવે શ્રીઅંગના ચિન્હોનું સ્વરૂપ કહે છેઃ—

શ્રીમસ્તક ઉપર કિરીટ છે તે પ્રથમ મર્યાદાનો અંગીકાર છે. મુખ્ય પુષ્ટિ ભાવથી તો મયૂરપક્ષના મુકુટનોજ પર્યાયરૂપ કિરીટ છે. મલ્લકાછ કટિમાં ધારણ છે તે સૃષ્ટિ રચવી શ્રમસાધ્ય છે, તેથી પુષ્ટિભાવ તો કામને જીતવાના હેતુથી નટવત્ વિહારરૂપ મલ્લકાછ છે. યજ્ઞોપવીત ધારણ છે તે શ્રુતિનો અંગીકાર છે. અને શ્રીકંઠમાં હાંસ ધારણ છે તે શ્રીસ્વામિનીજી સન્મુખથી આશ્લેષ કરે છે તે

આપના ઉભય મુખની કાંતિ પ્રભારૂપ છે. વનમાલા છે તે યાવત્ વ્રજભક્તોનો અંગીકાર કરે છે. ચરણમાં નૂપુર, પાયલ અને શ્રીહસ્તમાં કડાં છે તે આપનું યુગલ સ્વરૂપ ભાવાવિશિષ્ટ સ્વરૂપ છે તેથી યુગલતા સૂચિત છે. કિરીટના પાછલ તેજનું ચિહ્ન છે તે કોટિકન્દર્પલાવણ્ય અસંખ્ય સૂર્ય આપના તેજની આગલ લજ્જિત છે.

આ પ્રકારે આપના શ્રીઅંગનાં ચિન્હ છે. આવા પ્રકારનું આપનું સુંદર સ્વરૂપ અગમ્ય છે. ×

શ્રીઆચાર્યજીના શ્રીમુખથી દામોદરદાસે શ્રીદ્વારકાધીશનું સમગ્ર ભાવાત્મક સ્વરૂપ શ્રવણ કરી હૃદયમાં ધારણ કર્યું. જેથી તેમને સમગ્ર લીલા સ્ફુરી. ત્યારે પોતે લોકલજ્જા કુલકા'નનો ત્યાગ કરી પરમ સ્નેહથી સેવા કરવા લાગ્યા.

દામોદરદાસનું અવસાન સંવત ૧૫૭૭ લગભગ છે. (વ્રજ સં.) ૧૫૭૭માં શ્રીદ્વારકાધીશ શ્રીમહાપ્રભુજીને ત્યાં પધાર્યા.

—:સમસ્ત લીલા પ્રકરણ:—

ચિત્રાજીનું ધ્યાન કરવા માટે કોષ્ઠક આ પ્રમાણે:—

પિતાનું નામ	માતાનું નામ	વર્ણ=રંગ	ચાલ વસ્ત્ર	ગુણ	બાજા	રાગ	વય
રુચિભાનુ	રુચિરકલા	પીન શરીર લંબચોડા કેશ અધકચરે	લીલાં	જ્યોતિષ / ચિત્રકલા	સીતાર	શંકરા	વર્ષ ૧૩ માસ ૮

આ પ્રકારે ચિત્રાજીનું ધ્યાન કરવું. તે મુખ્ય અષ્ટસખીમાં છે. એમને ત્યાં ૧૯૦૦૦૦૦ ઓગણીશ લાખ ગાયો છે અને શ્રીકુંડની પૂર્વ આનંદ સુખદનામ એમની કુંજ છે. એ જ્યોતિષ સારૂ જાણે છે. (તે લીલાના સંબંધથી અહીં પણ દામોદરદાસને પૂર્વસૂચિત તાંબાપત્ર પ્રાપ્ત થયું.) તેમની સેવા નિકુંજમાં ચિત્રામનની છે. દામોદરદાસ સંભરવાળાનું સ્વરૂપ ચિત્રાજીનું છે.

× શ્રીદ્વા. પ્રા. વાર્તા (કાંકરોલી વિદ્યાવિભાગ તરફથી પ્રકટ થએલી)

जब श्रीआचार्यजी कन्नोज पधारे तहां गाम के बाहिर एक बाग हतो तहां आप उतरे ॥

शरण आयवेको प्रकार

ओर कृष्णदास को गाम में पठायो ॥ जो सीधो सामग्री ले आउ ॥ परि काहूसों कहीयो मति ॥ जो श्रीआचार्यजी आप पधारे हें ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश.

यह कहे ताको अभिप्राय यह हे जो दामोदरदास कृष्णदास को मिलेगो ॥ सो दामोदरदास सों पहिले आपहि कहे जो श्रीआचार्यजी पधारे हे ॥ सो दामोदरदास द्रव्यपात्र हे ॥ तातें इनके बुलायवेकी अपेक्षा यह मनमें आवे तो कृष्णदासको बिगार होइ ॥ सो ताते बरजी दीए जो काहूसों कहियो मति ॥ प्रीति होइगी तो आपुही आवेगो ॥ यह अभिप्राय जाननो ॥

ओर दूसरो अभिप्राय यह हे जो जा दिन श्रीआचार्यजी कन्नोज पधारे तातें पहलेई श्रीआचार्यजी आपको (श्रीठाकुरजीकी) आज्ञा भई हती ॥ जो यहांके (कन्नोज के) जीव पावन करने हे ॥ तातें श्रीआचार्यजी आप विचारे जो आग्या भई हे तो आपही होइगो ताके लिये नाहि करी हती ॥

तब कृष्णदास गाममें गए ॥ सीधो सामग्री सब लीनी । सो सब ले के चले तहां दामोदरदास

वार्ता

राजद्वारतें आवत हते ॥ सो मारग में जात कृष्णदास कों पहचानें ॥ तब दामोदरदास घोडातें उतरि के कृष्णदास के पास आए ॥ तब दंडवत करि के कह्यो ओर पूछयो जो श्रीआचार्यजी महाप्रभू पधारे हें ? ॥ तब कृष्णदासने बिचार्यो जो श्री आचार्यजी की आज्ञा नाही* (तातें कछु उत्तर दीयो नांहि)

तब दामोदरदासने विचार्यो ॥ जो श्रीआचार्यजी बिना ए काहेको आवे ? सो जब कृष्णदास चले तब दामोदरदास पाछे पाछे आए ॥ घोडा घर पठवाइ दीयो ॥

तब कृष्णदास को ओर दामोदरदास कों दूरि तें आवत श्रीआचार्यजी ने देखें ॥ तब दामोदरदासने दंडवत कीये ॥ तब कृष्णदाससों श्रीआचार्यजीने पूछी जो तेंने वासों क्यों कह्यो ? ॥ तब इनने (कृष्णदासनें) कही महाराज मेनें तो इनसों नाही कही ॥ तब दामोदरदासनें श्रीआचार्यजी सों बिनती कीनी जो महाराज इननें तो मोसों नांहि कही ॥ हों तो इनके पाछे चल्यो आयो हूं ॥

पाछे श्रीआचार्यजी (ने) दामोदरदाससों पूछी जो पत्र पायो हे सो लायो हे ? ॥ तब दामोदरदास ने बिनती

---

* तब कृष्णदासने कही आज्ञा नांहि ॥ આવો પાઠ પણ બીજી કેટલીએક પ્રતોમાં છે.

कीनी ॥ जो महाराज पत्र को कहा काम हे? तब श्रीआ-चार्यजी आप कही जो तोकों आज्ञा भई हे ॥ जो पत्र बांचे ताकी सरन जैयो ॥ तातें पत्र ल्याऊ ॥ तब पत्र मंगवायो ॥

श्रीआचार्यजीने कृष्णदास सों कह्यो जो तेनें इनसों क्यों कह्यो ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश

यथाकथञ्चित्स्वस्वामिसन्तोषोत्पादनं हितम् ।
तस्मिंस्तुष्टे फलं सर्वं सिद्धमेव न संशयः ॥२०॥ (स्व०मा०म०नि०)

વિશેષ ગુરુના સ્વરૂપજ્ઞાનને માટે શ્રીહરિરાયજીએ "गुरुदेवाष्टक" રચ્યું છે તે વાંચો. ગુરુની અપેક્ષિતા અને મુખ્યતા ક્રિશ્રીયન, મોહમેદન, બૌદ્ધ, જૈન, શાંકર આદિ ધર્મોમાં પણ ખૂબજ કહી છે. વ્યવહારથી પણ મનુષ્ય માત્ર જન્મે ત્યારથી મરે ત્યાં સુધી ગુરુની (કોઇપણરૂપે) અપેક્ષા છેજ. ગુરુ વિના કોઈ પણ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેમજ દરેક કાર્યમાં (લોક અને વેદમાં) ગુરુની અપેક્ષા છેજ.

માટેજ દરેક ધર્મમાં ગુરુને ઇશ્વિરથી પણ અધિક માનવામાં આવ્યા છે. (અન્ય માર્ગ અને આ માર્ગના ગુરૂમાં શો તફાવત છે તે જાણવા માટે નીચે વાંચો.)

गुरु के प्रसन्न भए सब कार्य सिद्ध होई ॥

આ શ્રીહરિરાયજીના મતને ભાવનાવાળા શ્રીદ્વારકેશજી પણ અનુસરે છે તે આ પ્રમાણે:—

या भावना तब सिद्ध होइ जब गुरु प्रसन्न होय । तातें गुरु को प्रसन्न राखिये । गुरु हे सो हृदयांधकार के निवर्तक हे । 'गुशब्दस्त्वंधकारे स्यात् रुशब्दस्तन्निवर्तकः । अंधकारनिवृत्तत्त्वाद्गुरुरित्यभिधीयते' इति, हरि जब अप्रसन्न होइ तब गुरु रक्षा करे । जब गुरु अप्रसन्न होइ तब कोउ रक्षक नहिं । यातें तनुजा वित्तजा सेवा करिकें गुरुको प्रसन्न करिये । 'हरौ रुष्टे गुरु स्त्राता गुरौ रुष्टे न कश्चन । तस्मात्सर्वप्रयत्नेन गुरुमेव प्रसादयेत्' । तहां मुख्य गुरु तो श्रीआचार्यजी तथा श्रीगुसांइजी । ता पीछे इनको कुल गुरु हे । श्रीकृष्णज्ञानदः, या पद करिके

यामें श्रीगुसांईजीके स्वरूपकी श्रीठाकुरजीतें अधिकता दिखाए ॥ (तीसरो

श्रीमहाप्रभुजी गुरु हे। ओर श्रीगुसांइजी में (श्रीआचार्यजीने) शेषमाहात्म्य तथा अशेष माहात्म्य यह दोउ माहात्म्य को स्थापित किये हें। या तें गुरु हे। 'श्रीविट्ठलेशे स्वाखिलमाहात्म्यस्थापकाय नमः'। ओर कुलमें तो 'अस्मत्कुलं निष्कलंकं श्रीकृष्णेनात्मसात्कृतं'। या वाक्य तें कुल हें सो गुरु हे। यथा देहे तथा देवे, यथा देवे तथा गुरौ'। इंद्रियव्रत करिकें देह पोषन करिये। **तो प्रान पोषन सेवा होइ**। जेसें प्राणसेवा करनी तेसें देव सेवा करनी। प्राण सेवा करे तो इंद्रिय देहभावको प्राप्त होइ। 'आसन्यस्य हरेर्वापि सेवया देवभावतः'। आसन्य सो प्राण। हरिसेवा करे तो व्यापि वैकुंठकी प्राप्ति तब होइ जब गुरु सेवा करे। जेसी हरि सेवा तेसी गुरु सेवा। 'यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ। तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः।'

देहसेवा तथा देवसेवा, गुरुसेवा, यह तीनों सेवा नित्य करनी ताको प्रकार। तहां देहसेवा तो याको जो पदार्थ अपेक्षित हे सो सिद्ध करत हे। तेसे देवसेवा जो पदार्थ अपेक्षित हे सोउ सिद्ध करत हे। दोइ सेवा तो भई। गुरुसेवा तो शेष रही। **यह सेवा होइ तो पहेली दोउ सेवा सिद्ध होइ।** (भावभावना)

પુષ્ટિમાર્ગીય ગુરુની શ્રેષ્ઠતા:—

श्रीमद्वल्लभाचार्यजी, श्रीगुसांईजी साक्षात् ईश्वर पूर्ण पुरुषोत्तम इनकी शरण गये। ओर मारग में गुरु जीव हे, सेवा ईश्वरकी। या पुष्टिमारग में गुरु ही पूर्णपुरुषोत्तम, सेवाहू पूर्णपुरुषोत्तम की। सेवोपयोगी पदार्थ हू निर्दोष हे।

(श्रीद्वारकेशजी भावनावारे)

જે લોકો શ્રી આચાર્યજીએ નિબંધમાં કહેલાં લક્ષણો આજના ગોસ્વામી બાલકોમાં નથી એવા પ્રકારનો આક્ષેપ કરી અજ્ઞાની જનોને પુષ્ટિમાર્ગીય દીક્ષાથી રહિત કરી ઉંધે રસ્તે દોરે છે તે લોકોને શ્રીહરિરાયજીનાં આ વચનો સમજવાં જોઈએ:—

अभिप्राय) ओर पद्मनाभदासकों पूरन विश्वास दिखाए ॥ जो श्रीआचार्य-
जीके बचन खाली कबहूं न जाइ ॥ सर्वथा कार्य सिद्ध होयगो ॥

॥ इति प्रसंग २ समाप्त ॥

वार्ता प्रसंग ३

बहुरि एक समें श्रीआचार्यजी महाप्रभू श्रीगोकुल तें अडेल को जात हते ॥ तब एक व्योपारी क्षत्री कछुक वस्तु लेके साथ में चल्यो सो कन्नोज के डरे रह्यो ॥ श्रीआचार्यजी तो कन्नोज बीच पधारे ॥ व्योपारी पाछे रह्यो सो ताके ऊपर चोर परे ॥ वस्तु सब लुटि लीनी* ॥ श्रीआ-

---

अथाधुनिकतीर्थानामतथाभूततोऽपिहि ॥ पू० ॥
उपदेशस्तथाभूतगुरोरिव फलिष्यति ।
यदि दुःसङ्गदोषेण नान्यथा चेद् भवेन्मतिः ॥ ५१ ॥
(स्व० मा० श० स० से० नि०)

ભાવાર્થ:—હવે જો આધુનિક તીર્થરૂપ ગુરુઓ ઉપર જણાવેલા ગુરુ જેવા નથી, તો પણ તેઓ જે ઉપદેશ આપે છે, તે તો પહેલાં વર્ણવેલા સદ્‌ગુરુએ જ કહેલો ઉપદેશ આપે છે, માટે હાલના ગુરુઓ તેવા ન હોવા છતાં પણ તેમની પાસેથી જો ઉપદેશ લેવામાં આવે તો તે ઉપદેશ, જો દુ:સંગરૂપી દોષથી બુદ્ધિ ભ્રમિત થઇ નહિ હોય તો, પહેલાં બતાવેલા મુખ્ય સદ્‌ગુરૂના ઉપદેશની પેઠે જ ફળશે. આજ મત લેખવાળા શ્રીપુરુષોત્તમજીનો છે. તેમજ સમગ્ર ગોસ્વામીબાલકોનો છે. કેટલાએક બાલકોના મુખારવિન્દથી સાંભળ્યું છે કે **"અમે જીવને શરણે લઇ શ્રીમહાપ્રભુજીને સોંપીએ છીએ"**

*શ્રીઆચાર્યજીના ચરણારવિંદ જે છોડે છે તે આ લોક અને પરલોક બન્નેમાં વાસ્તવિક લુંટાય છે જ, તે આ દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે.

चार्यजी आप रसोई करि के श्रीठाकुरजी को भोग समर्प्यो इतनेमेंही पाछेंते व्योपारी रोवत पीटत आयो तब पूछी जो श्रीआचार्यजी कहा करत हें ? तब पद्मनाभदास नें कह्यो जो भोजन करत होइँगे ॥ तब व्योपारी ने कह्यो जो हमारो माल सगरो लुटि गयो हे ।। ओर श्रीआचार्यजी महाप्रभू आप भोजन करत हें ॥ तब पद्मनाभदास ने मनमें बिचार्यो ॥ जो यह बात श्रीआचार्यजी सुनेंगे तो भोजन न करेंगे ॥ तातें आप सुने नहीं (एसें करनो)॥

तब पद्मनाभदास वा व्योपारी की बांह पकरि के बाहिर ले आये ॥ तब पूछि जो साँच कहे ।। तेरो माल कितनो गयो हे ? तब उन व्योपारी नें बतायो ॥ तब वा व्योपारीकी बांह पकरि के पद्मनाभदास एक साहू की दूकान पें ले गये ॥ ता साहूनें पद्मनाभदास की बहुत आगतासागता करी ॥ पाछे वा साहू ने कह्यो जो आग्या करो केसे पधारे हो ॥ तब पद्मनाभदास नें साहसों कह्यो ॥ जो या व्योपारी को इतनो द्रव्य देनो चाहिये ॥ या द्रव्य को खतपत्र व्याज हम लिखि देइंगे ॥ तब वा साहूनें कही जो पद्मनाभदासजी तुम कों जितनो द्रव्य चहिए तितनो द्रव्य लेउ ॥ खतपत्र की कहा बात हे ? ॥ तब पद्मनाभदासने कह्यो ॥ जो पहिले तो खतपत्र लिखूंगो ॥ ओर पाछें द्रव्य लेऊंगो बिना खतपत्र लिखे तो में लेउंगो नांही ॥ तब साहू ने कही ॥ जो तुमारी इच्छा ॥ पाछें पद्मनाभदास ने खतपत्र व्याज लिखि अपनो धरम

गहने लिखि दीनो * ॥ पाछें व्योपारी तो द्रव्य लेके अपने घर गयो ॥ तब पद्मनाभदास सों श्रीआचार्यजीने पूछी जो तू कहां गयो हो ॥ तब पद्मनाभदास नें कह्यो जो महाराज एक काम हो तहां गयो हो ॥ सो श्रीआचार्यजी आपु तो ईश्वर हें ॥ तत्काल बात को जानि गए ॥ तब पद्मनाभदास सों श्रीआचार्यजी नें कह्यो ॥ जो हमको वा ब्योपारी के संग कछू बिसावनो हतो कहा ? जो वाको माल देते ? वह पाछें रह्यो तो हम कहा करें ? ॥ परि तेने बुरी करी ॥ जो रिन काढि के पैसा दीनो ॥ तब पद्मनाभदास ने कह्यो जो महाराज रिन तो कालि देऊंगो ॥ यह कितनीक बात हे ॥ परि वह ब्योपारी पुकारतो तो राज भोजन घडी दोय अवेरो करते ॥ तो मेरो सगरो जन्मारो वृथा होय जातो ॥ तब श्रीआचार्यजी नें कह्यो ॥ जो तेने धर्म गहने लिखि दीनो सो कहा हे ? ॥ तब पद्मनाभदास ने कह्यो जो महाराज एसे गाढो लिखे बिना दियो न जाइ पाछें श्रीआचार्यजी आप तो अडेल पधारे ॥ पाछे पद्मनाभदास एक राजा हतो ॥ ताके पास गये ॥ पाछें राजाने कह्यो जो मोकों कृपा करि के कथा सुनावो ॥ तब पद्मनाभदास नें कह्यो ॥ जो राजा श्रीभागवत तो न कहूंगो ॥ कहो तो महाभारत सुनावों ॥ तब राजा नें कह्यो जो भलो

---

* તે સમયમાં ધર્મની કેટલી કીંમત સર્વ સામાન્યમાં પણ હતી તેનું સૂક્ષ્મ અવલોકન અહીં થાય છે. તે સમયના પુરુષો સત્યવચની અને ધર્મ ઉપર અપૂર્વ શ્રદ્ધાવાળા હતા.

महाभारत ही सुनावो ॥ तब महाभारत कहन लागे ॥ सो जब युद्ध को प्रसंग आयो ॥ तव सबन के हथियार छुडाइ धरे ॥ तब आगे कहन लागे ॥ सो कथा में कोऊ (एसो) वीररस उपज्यो सो आपुस में लात मुक्किन सों लरन लागे* ॥ पाछें केतेक दिनमें महाभारत समाप्त भयो ॥ तब राजा बहुत दक्षिणा देन लाग्यो ॥ तब पद्मनाभदास ने कह्यो ॥ जो इतनो द्रव्य नांहि लेऊंगो ॥ मेरे माथे रिन हे ॥ सो तितनो लेऊंगो ॥ पाछे वा साहको जितनो मूल व्याज देनो हतो तितनो लीनो ॥ बाकी सब फेरि डार्यो ॥ सो वे पद्मनाभदास एसे भगवदीय हे ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश.

तब ब्योपारीने कह्यो जो हमारो माल सब लुटि गयो ॥ आपु भोजनको पधारे हें ? ॥ यह कह्यो ताको कारन यह जो आपु दयाल व्हेके जीव दुःखि जानिके भोजन केसें करत हें ? ॥ जो दयाल हे सो परायो दुःख दूरि करिकें भोजन करत हे ॥ [तब पद्मनाभदास वह ब्योपारीकी बांह पकरिके बाहर लाय पूछे ॥ जो साँच कहियो तेरो माल कितनेको गयो हे ? ॥ तब उन ब्योपारीनें कही ॥ जो पंद्रह हजारको माल हतो ॥ बेचेंतें सतरे हजारको होतो] ॥ × × × जब पद्मनाभदास व्योपारीको द्रव्य दिवायके घर आये तब श्रीआचार्यजीने कही (जो तेने) ब्योपारीको द्रव्य क्यों दिवायो ? ॥ रोन काढिके ॥ कछू हम वीमा कीयो हतो ? पाछें रह्यो लुटि गयो ॥ तें

---

*ઐશ્વર્ય ધર્મ જુઓ પદ્મ૦ની વાર્તાનું ૨૧૦ અને રહસ્ય

[ ] આટલી વાત ૧૭૫૨ ના પુસ્તકમાં વિશેષ પ્રાપ્ત થાય છે.

बुरी करी ॥ ताको कारन यह जो रिनहत्या माथें लीनी ॥ सो बुरी करी- सरीर को कहा भरोसो हे ? ॥ देह छुटि जाइ तो रिन माथे रहे ॥

तब पद्मनाभदासने कही ॥ वा व्योपारिको रुदन सुन घरी दोय आपु भोजन अवेरो करते ॥ मेरो जन्म वृथा होइ जातो ॥ (ताको अभिप्राय) सेवकके आगें स्वामीको कछू श्रम होइ ॥ सेवक श्रम दूरि न करें ॥ तो धर्म जाइ ॥ पाछें धिक्कार वह सेवककों जीवे सो वृथा हे ॥ ओर रिणकी केतिक बात हे ? ॥ अब चुकाई देऊंगो ॥ ताको कारन यह जो कालकी कहा सामर्थ्य हे॥ आपुकी कृपातें बाधक न होइगो ॥× ओर धरम गहने धर्यो तामें एक भाव यह हे ॥ (जो) अपनो वैदिक ब्राह्मणको धर्म गहने धर्यो होइगो वह गौन भाव हे ॥ काहेतें श्रीआचार्यजीकी सरन आए॥ तब (सब) समर्पन कीए॥ जो वैदिक धर्म न्यारो रहे ॥ तो पुन्यको फल स्वर्ग भोगनो परे ॥ तातें इनने तो सर्व समर्पन करि एक पुष्टि भक्तरूप धर्म राखे हे ॥ ताहितें श्रीआचार्यजी हू पूछयो (जो) एसो धर्म साहके इहां गहने धर्यो ? ॥ परंतु पद्मनाभदासकों श्रीआचार्यजीको स्वरूप हृदयारुढ हतो ॥ **श्रीआचार्यजीके सुखके लिए ॥ धर्महूकी अपेक्षा राखें नाही** ॥+ गहने धरे॥ ओर व्योपारिको द्रव्य देके बहोत मनमें प्रसन्न भए ॥ भली भई (व्योपारी) इहां आयो ॥

× "તેને કાલ કર્મ નવ બાંધેરે યમ તે શિર ધનુષ્ય ન સાંધેરે એવો મારગ શ્રીવલ્લભવરનોરે, જહાં નહિ પ્રવેશ વિધિ હરનોરે," (વલ્લભાખ્યાન)

+ પુષ્ટિ ધર્મનાયે સારરૂપ (જુઓ પદ્મનાભદાસની વાર્તાનું સ્વરૂપ અને તેનું રહસ્ય.)

जो चल्यो जातो तो जहां तहां देसमें निंदा करतो ॥ (एसी उत्तम दृष्टि पुष्टि भक्तनकूँ चाहिए) जो में श्रीआचार्यजीकी संग छुटि गयो ॥ काहेतें लौकिक राजाके संग छूटयो न जाइ तो एसे ईश्वरके संग छूटि गयो ? ॥ सो पद्मनाभदास कहे ॥ मेरे धर्मकी परीक्षा अर्थ छूटयो गयो ॥ सो ब्योपारीको द्रव्य दीयो ॥ अब जहां जाइगो तहां श्रीआचार्यजीकी बडाई करेगो ॥ मोकों नफा सहित द्रव्य दीए ॥ या भावसों पद्मनाभदासकी श्रीआचार्यजीमें अनिर्वचनीय प्रीति हे ॥ × × ×

ओर राजा जादा द्रव्य देन लाग्यो सो आप (पद्मनाभदास) यातें न लीए ॥ जो इनको अव्यावृतको नेम हे ॥ वृत्तिके अर्थ कथा नांही कहनी ॥ यह संकल्प हे ॥ यह सगरो काम श्रीआचार्यजीके सुखके अर्थे किए ॥ सो साहू को रुपैया दिवाइ धर्म को कागद लिखे हते सो ले आए ॥ पाछें घर आय सेवा करन लागे ॥

॥ इति प्रसंग ३ समाप्त ॥

નોંધઃ--દાસ અને સેવકમાં નીચે પ્રમાણેનો ભેદ જાણવોઃ—

દાસ હોય તે સ્વામીની આજ્ઞાની રાહ જોતો નથી તેમજ સ્વામીની આજ્ઞાને પૂર્ણપણે જાણીને જ તેનું ઉચિત પાલન કરે છે. સ્વામીને સુખ કયા પ્રકારે થાય ? તેજ વિચારમાં દાસ નિમગ્ન સદૈવ હોય છે. અને તે ગુપ્તપણે પરોક્ષરૂપે સદૈવ સ્વામીના સુખના કાર્યમાં તત્પર રહે છે. સ્વામીને પોતાના કાર્યની જાણ ન થાય તેની બહૂ જ સાવધાની રાખે છે. આ દરેક વસ્તુ પદ્મનાભદાસે આ પ્રસંગમાં કરી દેખાડી છે. સેવક હોય છે તે સ્વામીની આજ્ઞાની રાહ જુએ છે. આજ્ઞાને અનુસાર (ઉચિત અથવા અનુચિતનો વિચાર કર્યા વિના) ધર્મ સમજી

ओर पद्मनाभदास के घर बेटी कुमारी हती ॥ ताके निमित्त एक बर श्रीआचार्यजी को सेवक चहियत हतो ॥ सो वैष्णव सों पूछन लागे ॥ तब वैष्णव नें कह्यो ॥ जो एक वर श्रीआचार्यजी को सेवक हे ॥ परि सनोढिया ब्राह्मण हे ॥ सो पद्मनाभदास को सेवक सुनत ही लौकिक व्यवहार की तो सुधि नाहीं आई ॥ वैष्णव नें कह्यो जो भलो वैष्णव हें ॥ याको कन्या दीजिये ॥ तब पद्मनाभदास ने कह्यो जो भलो ॥ तब पद्मनाभदास ने वा वैष्णव को कुंकुम मगाई तिलक कीयो ओर कह्यो में बेटी तुमकों दे चुक्यो ॥ लगन को दिन तुम पूछो ता दिन व्याह करूं ॥ विवाह सही करि प्रसन्न होइ अपने घर आए ॥ तब बडी बेटी एक तुलसां हती सो व्याह होत ही विधवा भई ॥ लौकिक पति को मुख नांहि देख्यो ॥ सो श्रीमथुरानाथजी की सेवा में तत्पर हती तासों कह्यो जो अपनी बेटी को विवाह अमुके वैष्णव सों सही करि आयो हूं ॥ तब तुलसांने कह्यो जो वह तो सनोढिया ब्राह्मण हे ॥ हम कन्नोजिया ब्राह्मण हे ॥ सो

वार्ता प्रसंग ४

કાર્ય કરે જાય છે. એટલે સ્વામીના હાર્દને જાણતો નથી. સ્વામીનું સુખ શેમાં છે તે પણ વિચાર કરતો નથી. દાસ ધર્મનું સ્વરૂપ વ્રજભક્તોએ (રાસ સમયે), શ્રીઆચાર્યચરણે (બન્ને ભગવદ્ આજ્ઞા સમયે) અને દામોદર પદ્મનાભ તથા રજો આદિ પરમ મહાનુભાવ ભગવદીયોએ કૃતીદ્વારા જીવોને સમજાવ્યું છે એ દાસ્ય ધર્મ એજ પુષ્ટિમાર્ગ અને તે ફલાત્મક ધર્મ હોઇ ભગવત્સ્વરૂપ જ છે. (મર્યાદા દાસ્યધર્મ જે હનુમાનજીમાં હતો તે નહિં.)

एसे केसे होइ ? ॥ तब पद्मनाभदास ने कह्यो जो अब तो भई सो भई ॥ तब तुलसां ने कही जो सगाई फेरो ॥ तब पद्मनाभदास ने कही ॥ जो छूरी लाओ ॥ अंगूठा काटो ॥ जा अंगूठा करि तिलक कीयो हे ॥ तब तुलसां ने कह्यो ॥ जो अंगूठा केसे काटिए ॥ तब पद्मनाभदास ने कही तो सगाई केसे फेरिए ? ॥ अंगूठा कटे तो सगाई फिरे ॥ पाछें पद्मनाभदास ने विवाह करि दीनो ॥ जाति के सब झख मारि रहे ॥ वैष्णव के कहेको एसो विश्वास ॥ तातें सगाई न फेरी ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश.

जब तुलसांने कह्यो ॥ अंगूठा केसे काट्यो जाय ? ॥ तब पद्मनाभदासने कह्यो ॥ श्रीआचार्यजी के सेवक पर तन मन धन न्योछावरि करिए+ ॥ सो सगाई केसें फेरि जाइ ? ॥

+ આ શ્રીહરિરાયજીની ગદ્ય વાણીને શ્રીહરિરાયજીની પદ્ય વાણી સાથે રાખવો:--

वारूं तनमन वल्लभियन पर ।

मेरे तन को करूं बिछोना शीश धरूं इनके चरनन तर ॥

× × ×

છેલ્લી લીટી

दास रसिक बलैया लेले वल्लभीयनकी चरन रज अनुसर ॥

ક્યાં આ સર્વોત્તમ વૈષ્ણવ પ્રત્યેનો શુદ્ધ પ્રેમ ? અને ક્યાં આજકાલના આક્ષેપ કર્તાઓનાં મલિન હૃદય ?

(આ મારગમાં તો શું ? પરંતુ સર્વત્ર જગતમાં વ્યવહારથી લઈને છેક ભક્તિ સુધીની સિદ્ધી સુધી ભક્તોનો મહિમા પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રૂપે સર્વને માનવો પડે છે જ.)

સરખાવો પરમાનંદદાસનું (અષ્ટસખાનું) પદ

आये मेरे नंदनंदन के प्यारे ।

(અષ્ટસખા) સૂરદાસજીનાં પદઃ—

गिरिधर जब अपनो करि जाने। ताको मन भक्तन की सेवा भक्त चरनरज सदा लुभाने ॥

(२) प्रभु जन पर प्रसन्न जव होहीं।

तब वैष्णवजन दर्शन पावे पाप रहे नहिं कोई ॥

हरि लीला उर आवे ताके सकल वासना नासे ।

सूरदास निश्चे विचार करि हरि स्वरूप जब भासे ॥

(અષ્ટસખા) કૃષ્ણદાસનું પદઃ—

ताहीको शिर नाइये जो श्रीवल्लभसुत पदरज रति होय ।

× × ×

(અષ્ટસખા) છીત સ્વામીનું પદઃ—

मोहि बल हे दोउ ठोर को।

एक भरोसो हरिभक्तन को दूजो नंदकिशोर को ॥

× × ×

શ્રીવલ્લભજી મહારાજનું પદઃ—

आये मेरे श्रीवल्लभ के दास।

ताकी सरवर नहि त्रिभुवन में सुनो वेद इतिहास ॥ १ ॥

× × ×

ताकी महिमा को कवि बरनत सकुचत सरस्वती व्यास।

तीर्थन को अति तीर्थ करियत पद रज गंध सुवास ॥

ભક્ત કહો સાધુ કહો સંત કહો પરોપકારી કહો કે વૈષ્ણવ કહો તેની મહિમા સર્વ સંપ્રદાયોમાં સર્વ જગતમાં સર્વ ગ્રન્થોમાં (બાઇબલમાં પણ) પાને પાને પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રૂપે રહેલી છે. અહીં વિશેષ ન કહેતાં આગલ અન્ય પ્રસંગોમાં વર્ણન કરીશું.

या प्रकार तुलसाकों **मारग को अभिप्राय बताए*** ॥ ता दिन तें तुलसाको प्रेम वैष्णवमें पद्मनाभदासके संगतें भयो ॥ सो श्रीठाकुरजी तुलसाहूको अनुभव जतावन लागे ॥ पाछें प्रसन्न होई के

---

*૨ સરખાવો શ્રીકાકા વલ્લભજીનું ૧૪ મું વચનામૃત (તેમાં આપેલો પ્રસંગ)

મારગનું મૂલ વૈષ્ણુવ જ છે. વૈષ્ણુવની સેવા એ સર્વોપરિ વસ્તુ છે. તે વૈષ્ણુવ કોટિમાં વ્રજ ભક્તો, શ્રીઆચાર્યચરણ (શેષ માહાત્મ્ય સ્વરૂપ), શ્રીગુસાંઈજી, સમસ્ત વલ્લભકુલ, દમલા, પદ્મનાભદાસ અને રાજા આશકરણ જેવાનો સમાવેશ થાય છે. આ ભકતોનાં સ્વરૂપ **पुष्टि प्रवाह मर्यादा** ગ્રન્થમાં શ્રીઆચાર્યચરણે કહેલા "**स्वरूपेणावतारेण**" એ શ્લોક અનુસાર જાણવા. તેથી જ શ્રીગુસાંઈજીની આજ્ઞાથી સત્ય-ભામાજીએ રાજા આશકરણને રાજભોગના થારની સામગ્રી લેવડાવી. શ્રીમહાપ્રભુજીએ અડેલમાં કૃષ્ણચૈતન્યને અનોસરના સમયમાં વિના સમર્પેલી સામગ્રી લેવડાવી અને અક્કાજીને આજ્ઞા કરી કે તેમના હૃદયમાં સાક્ષાત્ પ્રભુ બિરાજમાન છે. માટે તેમની આગલ સામગ્રી ધરવામાં કાંઈ વાંધો નથી (જુઓ પ્રદીપ) તેજ પ્રમાણે શ્રીહરિરા-યજીના સમયમાં એક વિરકત વૈષ્ણુવ (રાજા આશકરણના સમાન) ને શ્રીહરિરાયનીની આજ્ઞાથી એક ડોકરીએ વિના સમર્પેલો ખીરનો ડબરો ધર્યો. શ્રીહરિરાયજીએ સર્વ સમક્ષ કહ્યું કે મારગનો સિદ્ધાંત એ ડોકરીએજ જાણ્યો. એ વૈષ્ણુવને સંદેહ થયો. ત્યારે સંદેહ નિવા-રણાર્થ તે ડોકરીની પાસે અનોસરના સમયમાં તે વૈષ્ણુવને મોકલ્યો. ત્યાં તે વૈષ્ણુવ જુએ છે તો ખીરનો ડબરો લઈ શ્રીઠાકોરજી ડોકરીની છાતી ઉપર ખેલી રહ્યા છે--

શ્રીઆચાર્યજી અને શ્રીગુસાંઈજીનું, આચાર્ય કોટિ, ભકત કોટી અને ઈશ્વર કોટી એમ ત્રણે કોટિમાં પ્રાધાન્યત્વ છે. અને ત્રણે કોટિમાં

वैष्णवकों अपनि बेटि ब्याहि दिए ॥ जाति सगरि झखि मारि रही ॥ ताको कारन यह हे ॥ (जो) जहां तांई द्रढ स्नेह नांहि ॥ तहां तांई लौकिक वैदिकको डर हे ॥ जब द्रढ स्नेह प्रभूमें भयो ॥ तब सगरी चिंता मिटी ॥ लौकिक वैदिक बाधा हूं न करि सके+ ॥ एसे एक वैष्गव पद्मनाभदास भए ॥

॥ इति प्रसंग ४ समाप्त ॥

પણ ભકત કોટિ સર્વોપરિ છે. તે શ્રીમદ્દભાગવત આદિથી સિદ્ધ છે. શ્રીઆચાર્યજી સ્વયં ત્રણે કોટિને સ્વીકારે છે જુઓ:—

"इति श्रीकृष्णदासस्य" અહિં ભકત કોટિ
"नहिविभुर्वैश्वानराद्वाक्पतेः" અહિં ઈશ્વર કોટિ
"इति श्रीवल्लभाचार्य विरचितं" અહિં આચાર્ય કોટિ

માટે પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવોની સેવા મુખ્ય છે. તેમાં શેષ બન્ને સેવાનો સમાવેશ રહેલો છે. (હરિ અને ગુરુની સેવાનો.) વિષયાંધ હૃદય આ વસ્તુ કયાંથી સમજી શકે?

+ સરખાવો નારદભક્તિ સૂત્ર :—

સૂત્ર ૧૨ भवतु निश्चयदाढ्र्यादूर्ध्वं शास्त्र रक्षणं ।

અર્થ:—દ્દઢ નિશ્ચય થયા પહેલાં શાસ્ત્ર રક્ષણ (શાસ્ત્રોક્ત કર્મોનું અનુષ્ઠાન) હોય.

૧૩ अन्यथा पातित्याशंकया। અર્થ:—અન્યથા પતિત થવાની શંકા છે.

૧૪ लोकोपि तावदेव किंतु भोजनादिव्यापारस्त्वाशरीरधारणावधि । લોક (લોક વ્યવહાર) પણ ત્યાં સુધી (દ્દઢ નિશ્ચય થયા પૂર્વતક) છે. કિન્તુ ભોજનાદિ વ્યાપાર તો જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી છે.

સારાંશ કે જ્યાં સુધી ઇશ્વરમાં નિરોધરૂપા ભક્તિ દ્દઢ ન થાય ત્યાં સુધી શાસ્ત્રોક્ત કર્મ પાલન અવશ્ય છે. નહિ તો પતિત

ओर एक क्षत्राणी पद्मनाभदासके घर नित्य आवती ॥ तब पद्मनाभदासकी बेटी तुलसांने एक

वार्ता प्रसंग ५

दिन वासों कह्यो ॥ जो क्षत्राणी तूं नित्य क्यों आवत हे ? तब वा क्षत्राणीनें कही जो ए महापुरुष हें ॥ बडे भगवदीय हें ॥ ओर मेरे संतति नांही होति हे ॥ तातें आवति हों ॥ तुम मेरी बिनती पद्मनाभ-दासजीसों करियो ॥ तब एक दिन तुलसांने पद्मनाभदाससों कह्यो जो या क्षत्राणीके संतति नांही ॥ ताके लिए तुमसों बिनती करत हे ॥ तब पद्मनाभदासने तुलसांसों कह्यो जो जल लाउ ॥ तब तुलसांने जल आगे लाइ धर्यो ॥ तब वह जल लेके चरणोदक करि वा क्षत्राणीको दीयो ॥ ओर कह्यो जो जा तेरे पुत्र होइगो* ॥ ताको नाम मथुरादास धरियो ॥ पाछें वाके पुत्र भयो ॥ (ताको) नाम मथुरादास धर्यो ॥

થવાની શંકા રહે છે. અને લોક વ્યવહાર પણ દૃઢ ભક્તિ ન થાય ત્યાં સુધી જ છે. ઈશ્વરમાં દૃઢ ભક્તિ થયા પછી લોક અને વેદ બન્નેનો ત્યાગ છે. કેટલાક એવો કુતર્ક કરે છે કે પહેલા ખાવુંપીવું છોડી દો ત્યારે લોક વેદનો ત્યાગ કર્યો ઉચિત કહેવાય, પરંતુ ઉપ-રોક્ત સૂત્રથી સિદ્ધ થાય છે કે ભોજનાદિ વ્યવહાર તો શરીર જ્યાં સુધી છે ત્યાં સુધી છે. તેનું વિશેષ વિવેચન રજોની વાર્તામાં આપ્યું છે ત્યાં જુઓ.

* શ્રીઆચાર્યજીના સેવકો પણ શ્રીઆચાર્યજીની માફક પૂર્ણ-સામર્થ્યયુક્ત છે. દૃષ્ટાંતરૂપેઃ—પ્રભુદાસે અહીરનીને મુક્તિ આપી ગદાધરદાસે માધવદાસને ભક્તિ આપી. જે ભક્તિ આપવાને બ્રહ્માદિક

अपनो चरणोदक क्यों दीए ?॥ भगवदीय अपनी बडाई तो करावत नांही॥ तातें श्रीठाकुरजीको चरनोदक दीयो होयगो ॥ तहां कहत हें ॥ जो पद्मनाभदासनें बिचारी जो तुच्छ कामना पुत्रादिककी हे ॥ याके लिए श्रीठाकुरजी को चरनोदक कहा ?

श्रीहरिरायजी कृत भावप्रकाश.

श्रीठाकुरजीको श्रम काहेकों कराऊं ? ॥ तातें अपनो चरणोदक दिए॥ परंतु पद्मनाभदास सदा श्रीआचार्यजी के स्वरूप में मगन रहत हें॥ (देखो पद्मनाभदास कृत ४० पद) सो जल ले श्रीआचार्यजी के भाव तें दिए॥ ओर इनको कछू कामना की बडाई की अपेक्षा नांही है ॥ भगवदीय को आश्रय करें ॥ सो सगरो मनोरथ वाको पूरन होइ ॥ यह पुत्र की कहा बात हे ? ताकों (क्षत्राणीकों) पुत्रकामना हती सो पुत्र दीए ॥ परंतु बाधक नांही॥ जो अपने कीए को अहंकार नांहि ॥ ता समय जो बुद्धि की प्रेरणा भई ॥ सो भगवद् इच्छा तें कार्य करत हैं ॥ अपनो कीयो जानत नांहीं हें । श्रीगुसांईजी लिखे हें "बुद्धि प्रेरक कृष्णस्य पादपद्मं प्रसीदतु" जो कार्य होत हे। जेसी ताकी बुद्धि प्रेरक होई करत हे सो कार्य सब कृष्णही को जाननो ॥ जो अपनो ओर को जाने सोई संसार समुद्र में भ्रमत हे ॥ तातें पद्मनाभदास ने अपनो चरणोदक दिए ॥ परंतु यह भाव नांहि जो मेरे चरनोदकसों पुत्र होइगो ॥ भगवदइच्छा तें सब होत हे ॥ यह सिद्धांत दिखाए ॥

इति प्र. ५ समाप्त.

પણ અસમર્થ છે. તેવીજ રીતે પદ્મનાભદાસે પુત્ર આપ્યો. તેમાં જરાય આશ્ચર્ય નજ હોય. સેવક સેવ્યના ચિંતવનથી તદ્રૂપતાને પ્રાપ્ત થાય છે. લોકમાં કીટ ભ્રમર ન્યાય પ્રત્યક્ષ દૃષ્ટાંતરૂપ છે.

ओर एक समें बडे रामदासजी अपने सेव्य श्रीठाकुरजी कों पद्मनाभदास के घर पधराइ के श्रीनाथजी-

वार्ता प्रसंग ६

के दरसन कों गए ॥ सो श्रीनाथजी की सेवामें श्रीआचार्यजी की आज्ञा तें रहे ओर श्रीनाथजी की सेवा करन लागे ॥ श्रीनाथजी के भीतरिया*भए ॥ तब पद्मनाभदास श्रीठाकुरजी की सेवा करन लागे ॥ सो कितनेक दिन पाछे मुगल की फौज आई ॥ सो तानें गाम लूट्यो+ सो श्रीठाकुरजीकों एक मुगल ले गयो ॥ तब पद्मनाभदास वा मुगलके साथ दिन सातलों रहे ॥ जल पान हू न कर्यो ॥ तब आठमे दिन मुगलसें मुगलानीने कह्यो ॥ जो यह ब्राह्मण जलपान नाहिं करत हे ॥ याको सात दिन भए हें ॥ अन्नजल छोडे ॥ सो जो यह मरेगो तो तेरे माथे हत्या चढेगी× ॥ तातें याको देवता हे ॥ सो वाकों दे ॥ तब मुगल ने श्रीठाकुरजी पद्मनाभदास कों दीए ॥ सो लेके पद्मनाभदास अपने घर आए ॥ ता पाछे आप स्नान करि श्रीठाकुरजी को पंचामृत स्नान करवायो ॥ अंग वस्त्र करि श्रृंगार कर्यो ॥ रसोई करि भोग समर्प्यो ॥ पाछें समयानुसार भोग सराय अनोसर करि पाछें

---

* શ્રીમહાપ્રભુજીના સમયમાં મુખ્યાજીનેજ ભીતરીયા કહીને સંબોધતા.

+ ઐતિહાસિક તત્ત્વ. 'લૌકિક ભાષા' (રહસ્ય ભાષાને ઉપયોગી હોવાથી સૂક્ષ્મરૂપે આપી છે)

× સાચું આત્મબલ આનું નામ કે જેનાથી એક દુષ્ટાત્માના હૃદયમાં પણ સદ્‌વિચાર આવ્યા. અહીં ઐશ્વર્ય કહ્યું છે.

वैष्णवन कों महाप्रसाद लिवायो ।। पाछें आप महाप्रसाद लियो ॥ ओर जा दिन श्रीठाकुरजी कन्नोज में मुगल के हाथ परे ॥ ता दिन बडे रामदासजी ने हू यह बात जानी ॥ सो ता दिन तें बडे रामदासजी ने हू सात दिनलों भोजन नांहि कियो ।। परि श्रीनाथजी की सेवा सावधानतासें करत रहे ॥ यह बात पद्मनाभदासजी ने अपने घर बेठे जानी॥ जो रामदासजी ने हू या बात के उपर बहोत दुःख पायो ॥ यह जानि पद्मनाभदास श्रीनाथजी के दरसन कों तथा रामदासजी के मिलिवे कों श्रीनाथजीद्वार (गिरिराज–जतिपुरा) गये ।। सो श्रीनाथजी के दरसन कीये ।। पाछें रामदासजी कों मिले ॥ तब रामदासजी सों पद्मनाभदासजी नें कह्यो ।। जो होंतो दुःख पायो सो तो न्याव हे ।। जो तुम मेरे माथे सेवा पधराय आए ॥ परि तुमने दिन सातलें प्रसाद न लियो ॥ सो काहेते ? तब रामदासजी ने कह्यो जो तुम कहत हो सो तो साँच परि मेंहू तो बहोत दिनलें सेवा करी हे ।। तातें इतनो संबंध तो चाहिए ॥ पाछें कितनेक दिन रहिके पद्मनाभदास श्रीनाथजी सों तथा रामदासजी सों बिदा होइके अपने घर कन्नोज आए ॥ पाछें फेरि सेवा करन लागे ।।

श्रीहरिरायजी कृत भावप्रकाश

या वार्तामें यह सिद्धांत दिखाए ।। जो पुष्टिमार्गीय वैष्णव के ठाकुर अपने घर पधारे ।। तो भिन्न भाव न राखनो+ ॥ श्रीआचार्यजी के संबंधी जानि माथे पधारे

+संप्रदायनी परिपाटीनुं ज्ञान आ प्रसंगमां समायेलुं छे.

जानि सेवा करनी ॥ ओर रामदासजी के भावमें यह जताए जो अपने सेव्य (सेवाके) ठाकुर कहूं पधराइ निश्चिंत न होइ ॥ उनके दुःखतें दुःखि होई ॥ उनके सुख तें सुख पावे ॥ यह सिद्धांत दिखाए ॥

॥ इति प्रसंग ६ समाप्त ॥

वार्ता प्रसंग ७

बहुरि एक समय पद्मनाभदास ने बिचारी जो श्रीठाकुरजी सहित कुटुंब सहित श्रीआचार्यजी के दरसन करिए ॥ श्रीमुख के वचनामृत सूनिए ॥ सो श्रीठाकुरजी सहित कुटुम्ब सहित अडेल में आए ॥ सो कछुक दिन रहे ॥ परि द्रव्य को संकोच बहुत हतो ॥ तातें श्रीठाकुरजी को भोग समर्पें ॥ सो छोला तलि के समर्पें ॥ सो छोला आछी रीति सों बीनि के पहले दिन भिजोइ राखे दूसरे दिन नीकी भांति सो तलि के समर्पें ॥ सो या भांति पातरि में एक मूठि दारि की भावना करते ॥ एक मूठि भात की ॥ एक मूठि खीर की ॥ साकादिक सब को नाम ले न्यारि न्यारि मूठि धरतें ॥ सो श्रीठाकुरजी सगरी सामग्री के भावसों आरोगते ॥ या प्रकार नित्य करें ॥ पाछें एक दिन एक वैष्णव श्रीआचार्यजी सों यह सब प्रकार कहे, जो महाराज पद्मनाभदास श्रीठाकुरजी को

या भांति छोला समर्पत हे ॥ सो एक दिना श्रीआचार्यजी भोग समर्पवे की बिरियां पद्मनाभदास के घर पधारे ॥ सो पद्मनाभदास सों पूछे जो यह ढेरि न्यारि न्यारि क्यों हे ? ॥ तब पद्मनाभदास ने कही यह दारि हे यह भात हे ॥ यह खीर हे ॥ यह कढि हें ॥ यह साकादिक हे ॥ या प्रकार सब ढेरि कों सामग्री बताए ॥ तब श्रीआचार्यजी महाप्रभून को हृदय भरि आयो ॥ ओर जान्यो जो याके द्रव्यको संकोच हे तातें यों करत हे ॥ परंतु द्रव्य को उपाय नांहि करत हे। बडो धैर्य हे ॥ तातें याके उपर श्रीठाकुरजी बडे प्रसन्न हे ॥ पाछे श्रीआचार्यजी घर पधारे भोजन कीए ॥ ओर श्रीअक्काजी सों कहे ॥ जो पद्मनाभदास के घर द्रव्य को बहोत संकोच हे ॥ सो छोला नित्य श्रीठाकुरजी कों धरत हें ॥ तब श्रीअक्काजी ने संझा समय सगरी सामग्री सिद्ध करि (चुनबीन फटकके) एक वैष्णव के हाथ पठाई ॥ तब तुलसां ने पद्मनाभदास सों कह्यो ॥ जो श्रीआचार्यजी के इहां सों सामग्री आई हे तब पद्मनाभदास ने कह्यो हम जांने अब हमको काढिवे को उपाइ किए हे ॥ जतन सों धरि राखो ॥ तब तुलसां ने धरि राखी ॥ पाछे दूसरे दिन फेरि सामग्रि सांझ कों श्रीअक्काजी ने पठाई ॥ तब तुलसां ने फेरि पद्मनाभदास सों कही ॥ तब पद्मनाभदास ने कही हमकों बेगि बिदा दिए ॥ तातें सवेरे चलेंगे ॥ अब यह धरि राखो ॥ पाछें प्रातःकाल भयो ॥ तब श्रीठाकुरजी

कों वेगि ही राजभोग सें पहोंचि ॥ श्रीमथुरानाथजी सें पूछे जो महाराज आपकों श्रीआचार्यजी के घर पधारिवे की इच्छा होइ ॥ तो उहां नाना प्रकार की सामग्री हे ॥ मेरे इहां तो जो समय जेसो प्राप्त होइ ॥ तेसें धरुंगो ॥ तब श्रीमथुरानाथजी ने कही मोकों तेरो कीयो भावत हे ॥ तातें जो धरेगो ॥ सो प्रीति तें अरोगूंगो ॥ तब अनोसर कराइ ॥ एक नाव भाडे करि लाए ॥ तुलसां सो कहे ॥ दोउ दिन को सीधो सामग्री हे ॥ सो श्रीअक्काजी को दे आव ॥ तब तुलसां सारी सामग्री श्रीआचार्यजी के यहां दे आई ॥

पाछें सगरी वस्तू नाव पर धरि श्रीमथुरानाथजी कों नाव पर पधराई श्रीआचार्यजी के पास बिदा होंन आए* ॥ ओर

*અહીં સાંપ્રદાયિક પરિપાટીનું જ્ઞાન થાય છે. અને તે આજ પણ પ્રાયઃ ગોસ્વામિ બાલકોમાં અવશ્ય જોવામાં આવે છે. તેમજ કેટલાક મહાનુભાવ વૈષ્ણવોમાં પણ આ પરિપાટી જોવામાં આવે છે, કોઈપણ બાલક અથવા વૈષ્ણવ અન્યત્ર પધારે ત્યારે પોતાના ઠાકોરજી અથવા જે સ્થલે રહેતા હોય ત્યાંના મુખ્ય સ્વરૂપો (શ્રીનાથજી આદિ) સ્વગુરુ અથવા કોઈપણ વલ્લભકુલ જે પોતાના ગામમાં બિરાજતા હોય તેમનાથી વિદાય થઈ (ભેટ આદિથી સન્મુખ થઈ) પછી પરદેશ જાય છે. કાંકરોલીના ઘરમાં આ રીત હજુ સુધી બહુજ સારી રીતે સચવાઈ રહી છે. જ્યારે કાંકરોલીના બાલકો પરદેશ પધારે છે ત્યારે પોતાના સેવ્ય શ્રીદ્વારકાનાથજી ઉપરાંત શ્રીનાથદ્વાર પધારી શ્રીનાથજી આદિ સર્વે સ્વરૂપોને સન્મુખ થઈ વિદા થઈ પછી પરદેશ પધારે છે.

दंडवत करि बिनती कीनी जो महाराज आज्ञा होइ तो घर जाय ॥ तब श्रीआचार्यजी पूछे ॥ जो श्रीठाकुरजी कहां हें ? ॥ तब पद्मनाभदास ने कही महाराज नाव पर पधारे हें ॥ तब श्रीआचार्यजी बिदा कीये । (ओर) मनमें बिचारे ॥ जो ओंचको पद्मनाभदास क्यों गयो ? तब श्रीअक्काजी ने कही दोय दिन सिधा पठायो सो फेरि दे गए ॥ तब श्रीआचार्यजी ने कह्यो जो सीधो पठवायो तातें गयो ॥ नांही तो न जातो ॥ एसे श्रीआचार्यजी ने श्रीमुख तें कह्यो ॥

पाछें पद्मनाभदास घर जाय सेवा करन लागे ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश

या बार्ता में यह जताए ॥ जो गुरु द्रव्य श्रीठाकुरजी के द्रव्य तें हू भारी हे ॥ तातें श्रीभागवत में (स्कं.११ अ. १७ श्लोक २८) कहे हें ॥ भिक्षा मांगि के लाई गुरु के आगे धरिए ॥ जो गुरु आज्ञा देई तो खाई ॥ नांहि तो भूख्यो रहि जाइ ॥ परंतु मांगे नांहि ॥ जो मांगि भिक्षा हू आज्ञा बिना नहि लीनी जाय तो गुरुको (द्रव्य) केसे लियो जाइ ? ॥ तातें श्रीआचार्यजी विवेकधैर्याश्रय में लिखे हैं ॥ जो "त्रिदुःख सहनं धैर्य" ॥

जब मुगल ठाकुर ले गयो तब पद्मनाभदास चाहे तो भस्म करि डारें परि पद्मनाभदास (कष्ट) सहे ॥ आप सात दिन भूखे रहे ॥ वासों कछू न कहे ॥ (यह अलौकिक दुःख कह्यो) यह लौकिक दूःख जो बेटी परज्ञातकों दिनी ॥ यह ज्ञातमें निंदा सो सहे ॥ खानपानादिक को दुःख

सो सहे ॥ परंतु धर्म न छोडे ॥ तातें श्रीगोकुलनाथजी श्रीसर्वोत्तमकी टीकामें लिखेहैं ॥ कोटिन वैष्णवनमें दूर्लभ पद्मनाभदास सारिखे हैं ॥ सो श्रीआचार्यजी के मारगको **श्रीआचार्यजीके स्वरूपको जानत हे** ॥×

॥ इति प्रसंग ७ समाप्त ॥

सो उन पद्मनाभदास की उपर श्रीआचार्यजी महाप्रभू आप सदा प्रसन्न रहते, तातें इनकी वार्ताको पार नांहि ॥ सो कहां तांई लिखिये ?

॥ वार्ता ४ ॥ **(वैष्णव ५)**

પ્રસંગ ૭નું પરિશિષ્ટ રહસ્યઃ—

આ પ્રસંગ સં. ૧૫૮૩માં બનેલો છે. અને પદ્મનાભદાસને પણ આજ સમયમાં શ્રીઆચાર્યજીના નિગૂઢ સ્વરૂપનું જ્ઞાન પૂર્ણરૂપે થયું હોય એમ નીચેની પંક્તિઓથી જણાય છે.

श्री मुख के वचनामृत सुनिए। અહિં સુધાનું આકર્ષણ છે.

सो या भांति पातरि में एक मुठ्ठी दारि की भावना करते।

× + ×

અહિં ભાવની સિદ્ધિ સ્પષ્ટ જણાય છે. કારણ કે તે તે ભાવનાની વસ્તુ તાદૃસ્ય થતી એમ આ વાકયથી સમજાય છેઃ—

सो श्रीठाकुरजी सगरी सामग्री के भावसों अरोगते।

જ્યાં સુધી ભાવની પૂર્ણ સિદ્ધિ નથી થતી ત્યાં સુધી ત્રણે પ્રકારના દુઃખને સહન કરવાની શક્તિ પ્રાપ્ત થતી નથી. જે પદ્મનાભદાસમાં પુત્ર આપવા તેમજ ૧૭૦૦૦ રૂપીઆ સહેજે

× શ્રીઆચાર્યજીના સ્વરૂપ (ધર્મી વિપ્રયોગાત્મક)નું જ્ઞાનથયેલું છે. વિશેષ જુઓ પ્ર. ૭નું પરિશિષ્ટ રહસ્ય--

પ્રાપ્ત કરવાની શક્તિ હોય તે આવું કષ્ટ શું કામ વેઠે? મુગલને ત્યાં પણ અસહ્ય કષ્ટ વેઠયું, તે ધૈર્યની પરકાષ્ઠા છે. પરંતુ આ કષ્ટ જુદા પ્રકારનું છે. અહિંઆં તો શ્રીમથુરેશજીમાં શ્રીઆચાર્યજીની ભાવના તેમજ છોલામાં પણ ભાવાત્મક સામગ્રીની ભાવના એ, સમગ્ર ભાવાત્મક સ્વરૂપની પદ્મનાભદાસમાં સ્થિતિ સુદૃઢ છે તે સમજાય છે. (ભાવનું સ્વરૂપ જુઓ વાર્તા રહસ્ય) અને એ ભાવની પ્રાપ્તિ થયા પછી સ્વરૂપની બાહ્ય અપેક્ષા રહેતી નથી માટેજ પદ્મનાભદાસે શ્રી મથુરેશજીને પૂછ્યું महाराज आपकें श्रीआचार्यजी के घर पधारिवे की इच्छा होई तो उहां नाना प्रकारकी सामग्री हे ॥

જે ભાવમાં બાહ્ય સ્વરૂપની અપેક્ષા નથી, તે ધર્મી વિપ્રયોગાત્મક રૂપ જાણવો. (જુઓ દામો૦ હર૦ની વાર્તાના પ્ર. ૧૦નું પરિ. રહસ્ય) તે અહીં પદ્મનાભદાસને સિદ્ધ થયો. અને આ ધર્મી વિપ્રયોત્મક સ્વરૂપ ભાવરૂપ શ્રીઆચાર્યજી (કૃષ્ણાસ્ય) મહાન કષ્ટથી અનુભવાય છે. (જુઓ "વાર્તા–રહસ્ય" તથા શ્રીહરિ૦ કૃત૦ ભાવના) તેથી જ પદ્મનાભદાસ ત્રણે પ્રકારના દુઃખને સહન કરી શકયા. પરંતુ પદ્મનાભદાસને હજુ ભૂતલમાં સ્થિત રાખવાના હોવાથી શ્રીમથુરેશજી તેમની પાસેજ રહ્યા. ત્યાર પછીનો કેટલોક પ્રસંગ "ભાવસિંધુ" માં છે તે અવશ્ય જોવો તેમાં પદ્મનાભદાસની વિકલતા અને અસ્વાસ્થ્ય સહેજે જણાઈ આવે છે.

તુલસાંની વાર્તાનું સ્વરૂપ અને તેનું રહસ્યઃ—

આ વાર્તા શ્રીઆચાર્યજીના હૃદયરૂપ નિરોધાત્મક લીલાના યશ સ્વરૂપ છે. તેમાં વિશેષ કહેવું વ્યર્થ છે. કારણ કે યશનું સ્વરૂપ ત્યારેજ પ્રકટે છે જ્યારે કોઈ અસાધારણ કાર્ય સિદ્ધ થાય છે. તેજ પ્રકારે તુલસાંદ્વારા શ્રીઆચાર્યચરણના ભાવાત્મક પ્રભુ શ્રીગોપીજનવલ્લભે લોકવેદાતીત સ્વતંત્ર શરણમાર્ગરૂપ ભક્તિને આ વાર્તામાં

પ્રકટ કરી (જુઓ પ્રસંગ ૧નું રહસ્ય) અને તે અસાધારણ લોકવેદ વિરૂદ્ધ કાર્યની સિદ્ધી તેજ આ વાર્તાના યશ સ્વરૂપનું નિરૂપણ છે. લોક અને વેદમાં વિરૂદ્ધાચરણથી અપયશની પ્રાપ્તિ છે. કિંતુ આ સ્વતંત્ર ભક્તિમાર્ગમાં લોક વેદ વિરૂદ્ધ આચાર હોવા છતાં યશ સ્વરૂપ શ્રીકૃષ્ણની સ્થિતિ હોવાથી તે સ્વયં (સ્વતંત્ર ભક્તિ) યશ સ્વરૂપ છે. અને તે આ વાર્તામાં નિરૂપેલી છે. માટેજ આ વાર્તા યશ સ્વરૂપ છે.

તુલસાંનો શેષ ભૌતિક ઇતિહાસઃ—

પદ્મનાભદાસનું લગ્ન સં. ૧૫૩૪ માં એક કન્નોજીયા બ્રાહ્મણની કન્યા સાથે થયું હતું. પદ્મનાભદાસની સ્ત્રીની ઉમર તે વખતે બાર વર્ષની હતી જ્યારે પદ્મનાભદાસની ઉમર વર્ષ ૧૪ ની હતી. જ્યારે પદ્મનાભદાસ વર્ષ ૧૮ ના થયા ત્યારે સંવત ૧૫૩૮ માં તેમને ત્યાં એક પુત્રીનો જન્મ થયો. અને તેનું નામ પદ્મનાભદાસે તુલસાં રાખ્યું. આ તુલસાં રૂપ ગુણ અને શીલથી ખરેખર અદ્ભુત હતી. તે નાનપણથી જ સ્વભાવે શાંત અને વિશ્વાસુ હતી. વળી તે ધર્મપરાયણ પણ હતી. તેની અત્યંત સાત્વિક વૃત્તિ જોઇને પદ્મનાભદાસ તેના ઉપર ખૂબ મમતા રાખતા. તુલસાં ઉપર પદ્મનાભદાસનો પ્રભાવ સારો હતો. તુલસાં પદ્મનાભદાસની આજ્ઞામાં સદૈવ રહેતી. અને પિતાના વાકયને ઇશ્વરવાકય સમજી તેનું સંપૂર્ણ પાલન કરતી. સં. ૧૫૪૯ માં તુલસાંનું લગ્ન જાતિના એક છોકરા સાથે કરવામાં આવેલું પરંતુ તે થોડાજ મહિનામાં હરિશરણ થઈ જવાથી તુલસાં બાલ વિધવા થઈ. તુલસાંને સંસારનું મુદ્દલે જ્ઞાન ન હતું. શ્રીભાગવત અહર્નિશ શ્રવણ કરતી. અને તેમાં જ તે નિમગ્ન રહેતી. સં. ૧૫૫૨ માં પદ્મનાભદાસ શ્રીઆચાર્યજીની શરણે આવ્યા તે વખતે પદ્મનાભદાસે પોતાના સમગ્ર કુટુંબને પણ સમર્પણ કરાવ્યું. તેજ સમયે તુલસાં પણ શરણે આવી. પછી સં. ૧૫૫૬ માં જ્યારે શ્રીમથુરેશજીને પદ્મ-

નાભદાસે ઘરમાં પધરાવ્યા જ્યારે તુલસાં પણ ભગવત્સેવામાં ધીરે ધીરે અનુકૂળ થઈ. થોડા સમયમાં તો તુલસાંની શ્રીમથુરેશજીમાં પૂર્ણ આસકિત થઈ. અને મથુરેશજીને જ પોતાનું સર્વસ્વ માનવા લાગી.

એક સમય તુલસાં અનોસરમાં શ્રીમથુરેશજીના સ્વરૂપનું સાંગોપાંગ ધ્યાન કરવા લાગી. જ્યારે તે શ્રીમથુરેશજીના સ્વરૂપ સુધાનું પૂર્ણ પાન હૃદયમાં એક ધ્યાનાવસ્થિત પણે કરી રહી હતી તે સમયે જોત જોતાંમાં શ્રીમથુરેશજી ધ્યાનમાંથી અંતર્ધ્યાન થયા. ત્યારે તુલસાંને મહાન્ વિરહ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ અર્થે થયો. તે વિરહથી તુલસાંના હૃદયમાં સ્થિત શ્રીમથુરેશજીનું સ્વરૂપ બહાર આવિર્ભાવ પામ્યું.* અને તે સ્વરૂપે તેને સાક્ષાત્ થઈ દર્શન આપ્યું. તે સ્વરૂપ "છોટા મથુરેશજી" તરીકે ઓળખાય છે અને હાલ તે કોટામાં બિરાજે છે. પછી તુલસાં આ સ્વરૂપની સેવા કરવા લાગી.

(વ્રજ) સંવત ૧૫૮૨ માં શ્રીઆચાર્યજી વ્રજમાંથી અડેલ પધારતી સમયે કનોજ પધાર્યા ત્યારે આ સ્વરૂપને પુષ્ટ કરી તુલસાંને પધરાવી આપ્યું. તુલસાંએ ઘણા વર્ષ સુધી આ સ્વરૂપની સેવા કરી. સંવત ૧૬૩૦ માં જ્યારે પદ્મનાભદાસ લીલામાં પ્રાપ્ત થયા ત્યારે શ્રીગુસાંઈજી કનોજ પધાર્યા અને તુલસાંને ત્યાં મુકામ કર્યો. (જુઓ પ્ર. ૨) તુલસાં તે વખતે ૯૨ વર્ષની હતી. છતાં શ્રીઠાકોરજીની અને શ્રીગુસાંઈજીની સેવા પૂર્ણ ઉત્સાહ અને દૈન્ય યુકત પ્રેમથી કરતી. જેથી શ્રીગુસાંઈજી તેનો પ્રેમ અને દીનતા જોઈ ગદ્દગદ થઈ તુલસાંની ભૂરિ ભૂરિ પ્રસંશા કરતા. (વિશેષ જુઓ વાર્તા) તુલસાં લગભગ ૧૬૩૨ માં ભગવદ્ચરણારવિંદને પ્રાપ્ત થઇ.

---

* સરખાવો શ્રીઆચાર્યજીનો સિદ્ધાંતઃ—

क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् ।
तदा सर्वं सदानंदं हृदिस्थं निर्गतं बहिः ॥ (निरोध० ल०)

अब श्री आचार्यजी के सेवक पद्मनामदास की बेटी तुलसां तिनकी वार्ता ओर ताको भाव लिख्यते ।।

श्रीहरिरायजी कृत आधिदैविक स्वरुप

ए लीलामें पद्मनाभदास की सखी हे ॥ पद्मनाभदास तो चंपकलता अष्टसखीनमें ॥ ओर चंपकलताकी सखी मणिकुंडला ॥ जेसें मणिकी ज्योतिकी कुंडाली चारो ओर फूले ॥ सो (यह) तुलसां सात्विक भक्त हे ॥ पद्मनाभदास की आज्ञामें तत्पर हे ॥

वार्ता प्रसंग १

एक दिन तुलसां के घर वैष्णव आयो ॥ सो श्रीआचार्य जी को सेवक हतो ॥ सो श्रीमथुरानाथजी के दरशन राजभोग आरती के किये ।। तब तुलसां ने उह वैष्णव सों कह्यो ॥ जो उठो स्नान करो ॥ महाप्रसाद लेउ ।। तब उह वैष्णव ने कह्यो जो होंतो घर जाइ स्नान करूंगो ॥ तब तुलसां चुप करि रही ।। पाछे वह वैष्णव उठि के अपने घर गयो ॥ तूलसां के मनमे बहोत खेद भयो ॥ जो मेरे घर तें वैष्णव भूख्यो गयो ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश

ताको कारन यह महाप्रसादकी नांहि करी ॥ जोर ज्ञात ब्योहारके लिए लीयो नांहीं ॥ सो तुलसां समज गई ॥ तातें आग्रह नांहीं कियो ॥ यह गौड ब्राह्मण हतो ओर लीलामें ललिताजीकी सखि हे ॥ सौरभा इनको नाम हे ॥ इनके अंगते अत्तर गुलाबकी सुगंध आवती ॥ यह वैष्णव ललिताजीकी सखि हे ॥ ओर

तुलसां चंपकलताकी सखि हे ॥ ओर तुलसांके बस श्रीमथुरानाथजी हें ॥ तातें यह वैष्णवनें महाप्रसाद न लियो ॥

जो ललिताजीकी आज्ञा बिना केसें लेउ ? ॥ तातें यह वैष्णव अपने घर चल्यो गयो ॥ तब तुलसांके मनमें खेद भयो ॥

वार्ता प्रसंग १ शुरु

तब मनमें आई जो ज्ञाति व्योहार के लिये सखडी न लीनी होइगी ॥ तो भलो परि सबेरे पूरी प्रसाद लिवाऊंगी ॥ पाछे मेदा छानि सिद्ध करि राख्यो ॥ पाछे सोइ रहो ॥ ता दिन तुलसां ने महाप्रसाद नांहि लियो ॥

पाछे रात्रिकों श्रीमथुरानाथजी ने तुलसां सों स्वप्न में कह्यो ॥ जो सवारे वा वैष्णव को महाप्रसाद लिवाइयो ॥ वह वैष्णव अपने घर महाप्रसाद न लेइगो ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश

यामें यह जताए जो कालि उह वैष्णव महाप्रसाद लेइगो ॥ तू चिंता मति करे ॥ पाछें श्रीठाकुरजी नें उह वैष्णव को जताए ॥ जो तुलसां के इहां महाप्रसाद क्यों न लियो ? ॥ सवेरे लीजियो ॥ ललिताजी की हू आज्ञा हे ॥ सो (तब) ललिताजी हू कहे ॥ तूलसांके इहां महाप्रसाद लीजो ॥ हमारे उनके भावमें भेद नांहि ॥

पाछे प्रातःकाल तुलसांने पूरी करी ॥ श्रीठाकुरजी कूँ जगाए ॥ सेवा सिंगार करन लागी ॥

वार्ता प्रसंग १ इतनेही में उह वैष्णव सवारे नहाय शुरु के श्रीठाकुरजी की सेवासों पहोंचि तुलसां के घर आयो। जब तुलसां भोग समर्पि के बाहर आई ॥ तब वा वैष्णवसों जय श्रीकृष्ण कीयो ॥ ओर तुलसां ने कह्यो ॥ जो उठो स्नान करो भगवद्स्मरण करो ॥ तव वा वैष्णवने कही मे स्नान करि अपरसहि में आयो हूं ॥ (तथा कहुं बार्ता मे यहू हे जो स्नान करि तिलक मुद्रा करि भगवद्स्मरण कीयो) समय भए तुलसांने राजभोग सरायो आरती करि ॥ वैष्णव ने दरसन कीयो ॥ पाछे तुलसां श्रीठाकुरजी को अनोसर करि बाहर आई ॥ ओर वा वैष्णव को प्रसाद की पातर धरी ॥ तामें पुरी बुरा दहींकरा ? (दहींथरा) संधानो धर्यो ॥ ओर कह्यो जो प्रसाद लेउ ॥ तब वा वैष्णव ने कही जो यह नाहि लेऊंगो ॥ सखडी महाप्रसाद धरो,लेऊंगो ॥ तब तुलसां ने कह्यो कछू संकोच मति करो यह तो ज्ञाति को ब्योहार हे ॥ तब वैष्णवने कह्यो जो सो तो साँच ॥ पहले तो मेरे मनमें एसी ही ॥ परि अब तो आज्ञा भइ हे ॥ तातें अब तो सखडी महाप्रसाद लेऊंगो ॥ तब तुलसां(ने)सखरी अनसखरी दोऊ धरि वैष्णव के आगे, पाछे वा वैष्णव ने सखडी प्रसाद लीयो ॥ प्रसाद ले वह वैष्णव अपने घर गयो ॥ तब तुलसां मनमें बहोत प्रसन्न भई ॥

यामें यह जताए ॥ वैष्णव घर आवे ॥ तिनको यथाशक्ति सन्मान करनो ॥ काहे ते श्रीभागवतमें कहे हे ॥ जा घरमें जलादिकनको हू सन्मान नांहिं हे ॥ वाको घर सर्पको बिला सो जाननो ॥ सो तुलसांको वैष्णव पर एसो ममत्व हतो ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश

॥ इति प्रसंग १ समाप्त ॥

પ્રસંગ ૧નું સમાધાન અને રહસ્યઃ—

પૂર્વપક્ષીઃ—આ પ્રસંગથી કેટલોક મર્યાદી વર્ગ પંક્તિ ભેદ તોડતો હોય એમ અમને લાગે છે. કારણ કે આમાં તુલસાં અને આગંતુક વૈષ્ણવ બન્ને એક જ્ઞાતિના નહિં હોવા છતાં તેઓએ પંક્તિ-ભેદ તોડી સખડી મહાપ્રસાદ લીધો એ આ પ્રસંગમાં સ્પષ્ટ જ છે.

સિદ્ધાન્તીઃ—આપનું કહેવું યથાર્થ છે કે ઉપર્યુક્ત, બન્ને વૈષ્ણવો એ પંક્તિ-ભેદ તોડી સખડી મહાપ્રસાદ લીધો. પરંતુ સખડી મહાપ્રસાદ ક્યારે અને કેમ લીધો તે પણ આ પ્રસંગમાં સ્પષ્ટ જ છે. જુઓ :—**तब तुलसांने कह्यो कछू संकोच मति करो ॥ यह तो ज्ञाति को ब्योहार हे ॥** (અહીં સ્વયં તુલસાં જ્ઞાતિ વ્યવહારનું સમર્થન કરે છે ઉલ્લંઘન કરતી નથીજ) **तब वैष्णवने कह्यो जो सो तो साँच ॥ पहेले तो मेरे मनमें एसी ही ॥** (અહીં આગંતુક વૈષ્ણવે પણ જ્ઞાતિ વ્યવહારને માન્ય કરેલો સ્પષ્ટજ છે) **परि अब तो आज्ञा भई हे ॥** (અહીં સખડી મહાપ્રસાદ લેવાનું કારણ બતાવ્યું અને ભગવદાજ્ઞા લોક વ્યવહારથી શ્રેષ્ઠ છે તે સિદ્ધ કર્યું છે) **तातें अब तो सखडी महाप्रसाद लेउंगो ॥**

આ પંક્તિઓથી આપ જાણી શકો છો કે આહિં તુલસાં અને આગંતુક વૈષ્ણવની જ્ઞાતિ વ્યવહાર તોડવાની કે મર્યાદા ઉલ્લંઘન કરવાની મુદ્દલે ઇચ્છા ન હતી. પરંતુ કેવલ ભગવદાજ્ઞાથી જ તેઓએ વ્યવહારને તોડ્યો. આ જ્ઞાતિ વ્યવહાર લોક સિદ્ધજ હતો. વેદસિદ્ધ પણ ન હતો. કારણ કે બન્ને બ્રાહ્મણ જ હતાં. ફક્ત આચાર વિચારને લઇને જ તેઓમાં ભિન્નતા છે. એટલે ભગવદાજ્ઞા આગલ આ લોકવ્યવહાર ટકી શકે નહિ જ. જ્યાં પ્રત્યક્ષ રૂપે (કોઈ પણ રીતે) વિશેષ પ્રકારની ભગવદાજ્ઞા થાય ત્યાં પરોક્ષાત્મક સામાન્ય પ્રકારની વેદ આજ્ઞા, અને અન્ય સર્વ (મર્યાદા) નો ત્યાગ કહેલો છે ત્યાં બિચારા લોકવ્યવહારનું મહત્ત્વ તો હોયજ કયાંથી? જુઓ શ્રીઆચાર્યચરણ શી આજ્ઞા કરે છે?

" सेवाकृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया ।" (नवरत्न)

" विशेषतश्चेदाज्ञा स्याद् अंतःकरणगोचरः ॥

तदा विशेष गत्यादि भाव्यं भिन्नं तु दैहिकात्' (वि० धै० आ०)

પુષ્ટિમાર્ગમાં ભગવદાજ્ઞા જ મુખ્ય પ્રમાણ રૂપ (प्रमाणंभगवद्वाक्यैः) માનેલી છે. તેના અભાવમાં ગુરૂએ બતાવેલી સેવાની મર્યાદા (રીત) મુખ્ય છે.

આ સેવાની મર્યાદામાં યથાધિકાર લોક વેદનો સમાવેશ થઇ જ જાય છે.

પૂર્વપક્ષી:—આવા પ્રકારની ભગવદાજ્ઞા થવાનું કારણ શું?

સિદ્ધાન્તી:—આવા પ્રકારની ભગવદાજ્ઞામાં તુલસાંનો શુદ્ધ પ્રેમજ એક માત્ર કારણભૂત છે. લોક અને વેદમાં પણ એ સ્પષ્ટજ છે કે ભોજનના સમયે યદિ કોઈ અતિથી પોતાના ઘરે આવે તો તેને યથાશક્તિ સત્કાર અવશ્ય કરવો, એ ગૃહસ્થાશ્રમી માત્રનું કર્તવ્ય છે, અન્યથા તે ગૃહસ્થાશ્રમી (યદિ વિરક્ત પુરૂષ પણ ઘર કરીને રહેતો હોય તો તેને પણ ગૃહસ્થિત હોવાથી આ ધર્મ લાગુ પડે છે) પતિત થાય છે.

આવા પ્રકારે તુલસાં ગૃહસ્થિત ઉપરાંત વૈષ્ણવો ઉપર પરમ પ્રેમ રાખતી હતી. અને તે પ્રેમમાં પદ્મનાભદાસની કૃપાજ કારણભૂત હતી (જુઓ પદ્મનાભદાસની વાર્તા પ્રસંગ ૪)

સર્વેશ્વર સર્વાત્મા પ્રભુ ઉપર પરમ વિશુદ્ધ નિષ્કામ અને પૂર્ણ પ્રેમ થયો ત્યારે જ જાણવો જ્યારે પ્રભુના સંબંધવાળી તમામ વસ્તુ (વેષ, ચિહ્ન, ભાષા, સેવોપયોગી પદાર્થ અને સેવકો આદિ) ઉપર પ્રભુવત્ સ્નેહ સહજ થાય.* (બનાવટી અથવા કથન માત્ર નહિ) તો વૈષ્ણવો ઉપર પ્રેમ હોય તેમાં આશ્ચર્ય શું ?

માટેજ શ્રીહરિરાય મહાપ્રભુ પણ વૈષ્ણવોમાં પોતાપણાનું મમત્વ કરવું તેને માટે આ પ્રમાણે આજ્ઞા કરે છેઃ—

स्वकीयता तदीयेषु तद्भिन्ने भिन्नता मता ॥ १८ ॥ (शि० १)

વળી વૈષ્ણવો ઉપર કેવો ભાવ હોવો જોઇએ તે માટે આ પ્રમાણે આજ્ઞા કરે છેઃ—

तदीयेषु च तद्बुद्धया वरः स्थाप्योविशेषतः ।
यथा दूतीषु भवति विषयिणां मतिस्तथा ॥ १९ ॥ (शि० १)

આવાં તો ઘણાં વાક્યો સર્વ ભક્તિમાર્ગના ગ્રન્થોમાં **સિદ્ધાન્ત રૂપે** પ્રાપ્ત છે (તે અમે દયા ભવૈયાની અને અન્ય વાર્તાઓમાં આપીશું) એટલે દરેક વૈષ્ણવોનું સહજ કર્તવ્ય છે કે પોતાને ત્યાં સમય ઉપર આવેલા વૈષ્ણવનું (વેશધારી યા નામધારીનું પણ) યથા શક્તિ સાદર શ્રદ્ધાપૂર્વક સન્માન કરેજ (કિંતુ સંગ તો વિચારીને જ કરવો) તે સિદ્ધાં-તમાં નિચોડરૂપ એક દોહો અત્યંત ઉપયોગી હોવાથી અહિં આપ્યો છેઃ—

हरिजन आवे द्वारपें हसि नमावे शीश ।
वाके मन की वे जाने मेरे मन जगदीश ॥ (तुलसी)

---

* લોકોમાં પણ એક ક્ષુદ્ર વસ્તુના પ્રેમનું દ્રષ્ટાંત મોજુદ છે. અને તે મજનું નું. મજનું લોકમાં એટલો ઉત્કૃષ્ટ પ્રેમી થયો કે લેલાંના ગામના કુત્તા ઉપર પણ લેલાંવત્ પ્યાર કર્યો. એ શુદ્ધ પ્રેમની સહજ નિશાની છે.

જ્યારે આ કર્તવ્ય સર્વે સામાન્ય ને માટે પણ છે તો પરમ ભાગવત શુદ્ધ અને નિર્દોષ બ્રહ્મ દ્રષ્ટિવાળી પુર્ણ પ્રેમી તુલસાંને માટે હોય તેમાં આશ્ચર્ય શું ?

આથી જ્યારે આગંતુક વૈષ્ણવ સમય ઉપર (અનસખડી નહિ હોવાના કારણથી) પોતાના ઘરમાંથી વિમુખ ગયો ત્યારે તુલસાંને અત્યંત કલેશ થયો. અને તે સ્વાભાવિક છે. "भक्त विरह कातर करुणामय डोलत पाछें लागे" (सूर०) એવા કારૂણીક પ્રભુથી તે કલેશ સહ્યો ન ગયો. જેથી બન્નેને આજ્ઞા કરી. ભગવદાજ્ઞા થવાનું આ કારણ છે.

પૂર્વપક્ષીઃ—સખડી મહાપ્રસાદ જ લેવાની ભગવદાજ્ઞા થવાનું કારણ શું ? અનસખડી પ્રસાદથી પણ વૈષ્ણવનું સન્માન થઈ શકતું હતું. અને તેથી લોકવ્યવહાર પણ સચવાતો હતો.

સિદ્ધાન્તીઃ—આપનું કહેવું ઉચિત છે. પરંતુ સ્વયં શ્રીકૃષ્ણે પ્રકટાવેલા લોકવેદાતીત નિર્ગુણ ભક્તિમાર્ગનું સ્વરૂપ સમજાવવાને અને લોકમાં પણ તેની ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવાને અર્થેજ આવા પ્રકારની (લોકવેદ વિરૂદ્ધ) સ્વતંત્ર આજ્ઞાઓ ભક્તોના ચરિત્રોમાં તેમજ ભક્તિમાર્ગના સિદ્ધાન્તાત્મક પ્રસ્થાન ચતુષ્ટય આદિ ગ્રન્થોમાં પણ જોવામાં આવે છે.

દષ્ટાંત રૂપેઃ—

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहंत्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि माशुचः ॥ (गीता)

ગીતામાં શ્રીકૃષ્ણે બે પ્રકારના શરણ માર્ગ અર્જુન પ્રતિ કહેલા છે. એકથી ચાર અધ્યાય સુધીમાં જ્યાં જ્યાં શરણનું વર્ણન છે, ત્યાં ત્યાં વેદોકત શરણનો પ્રકાર કહેલો છે. અને પાંચમા અધ્યાયથી જેમ જેમ અર્જુનને શ્રીકૃષ્ણ પ્રતિ દ્રઢ વિશ્વાસ થતો ગયો તેમ તેમ તેને સ્વતંત્ર પ્રમેયાત્મક શરણ માર્ગનો ઉપદેશ કરેલો છે. વેદોકત

શરણમાર્ગ એ પ્રમાણ સ્વરૂપ છે અને તેની શકિત પણ મર્યાદિત છે. જ્યારે સ્વતંત્ર પ્રમેયાત્મક (જેમાં શ્રીકૃષ્ણજ સ્વયં શરણ રૂપ હોય તે) શરણમાર્ગ પૂર્ણ સામર્થ્ય યુકત અને અમર્યાદિત છે. આ પ્રમેયાત્મક શરણમાર્ગ સ્વયં ફલ સ્વરૂપ છે. અને તે શ્રીમદાચાર્યચરણે શ્રીકૃષ્ણના હાર્દને જાણી આ વિપરીત આચાર વિચાર યુકત કલિકાલના જીવોના ઉદ્ધારાર્થે તેનો ઉપદેશ કર્યો. તેથી શ્રીગુસાંઈજીએ શ્રીઆચાર્યજીનું નામ સર્વોત્તમસ્તોત્રમાં "पृथक् शरण मार्गोपदेष्टा" યોજ્યું છે. (વિશેષ આ પ્રસંગ શ્લોકો દ્વારા સમજાવીને આગલ ઉપર વિવેચન કરીશું)

ઉપર્યુકત શ્લોકમાં શ્રીકૃષ્ણે પૂર્ણ રૂપે સ્વતંત્ર શરણમાર્ગ અર્જુન આગલ પ્રકટ કરી દીધો છે. તે આ પ્રકારેઃ—

સર્વ ધર્મો (લોકવેદાદિના) ને છોડવાથી થતું જે પાપ તેમાંથી હું તને (અર્જુનને) મુકત કરીશ. અહીં પોતાના સ્વરૂપ બલનો પ્રયોગ બતાવ્યો છે. એટલે કર્તું અકર્તું અન્યથા કર્તુંમ્ સર્વ સામર્થ્યવાન શ્રીકૃષ્ણના શરણસ્થ જીવને લોકવેદાદીનાં શાસનો લાગુ પડતાં જ નથી. એટલે ત્યાં (સ્વતંત્ર પ્રમેયાત્મક શરણમાર્ગમાં) તેમાં (વેદાદિમાં) કહેલા દોષોની જરા પણ સંભાવના રહેતી નથી જ. આનું નામજ પુષ્ટિ (સ્વતંત્ર) શરણ માર્ગ છે. જેમાં શ્રીકૃષ્ણજ એક માત્ર રક્ષક છે. આ માર્ગમાં દ્રઢતાપૂર્વક જેઓ સ્થિર છે, અથવા પ્રભુ જેને સ્વયં લોક અને વેદમાં અસ્વાસ્થ્ય પ્રાપ્ત કરાવીને સ્થિત કરે છે, તેને વેદાદિના શાસનની જરાય અપેક્ષા રહેતી નથી જ (જે પુરૂષો પુષ્ટિ ભકિતમાં દ્રઢ નિશ્ચયવાળા નથી તેઓ માટે વેદાદિમાં કહેલા સાધન ધર્મોની અત્યંત અપેક્ષા છે. એ નિશ્ચે સમજવું) ઉપરોકત સિદ્ધાંતને નારદ ભકિત સૂત્રોની પણ પુષ્ટિ છે. (જુઓ સૂત્ર ૧૪ મું પદ્મનાભદાસની વાર્તાના પ્રસંગ ૪ ની નોંધ)

આવો સ્વતંત્ર પ્રમેયાત્મક ભકિતમાર્ગ લોકમાં પ્રકટ કરી તેની

ઉત્કૃષ્ટતા જણાવવાને અર્થેજ આવા પ્રકારની (લોકવેદ વિરૂદ્ધ) આજ્ઞા સ્વતંત્ર રૂપે શ્રીહરિએ કરી.

હવે આ પ્રસંગનું સૂક્ષ્મ રહસ્ય નિરૂપીએ છીએઃ—

આ પ્રસંગમાં લોકવ્યવહાર સાચવીને તેથી (પ્રતિબંધાદિથી) ઉત્પન્ન થતા ભગવદ્‌વિષયક તાપકલેશનું અનુસરણ કેવી રીતે (દૈન્યતાપૂર્વક) કરવું ? તે તુલસાંએ સ્વયં દૈવીજનોના હિતાર્થ કરી બતાવ્યું છે.

જ્ઞાતિ વ્યવહારનો વિચાર કરીને જ તુલસાંએ તે વૈષ્ણવને જરાયે પ્રસાદ લેવાનો આગ્રહ ન કર્યો. પરંતુ તેથી (આજ કાલની માફક) હૃદયમાં સંતોષ કરી તુલસાં બેસી પણ ન રહી. પોતાના ઘરમાં સમય ઉપર આવેલા પોતાના પરમ પ્રિય પ્રભુના સંબંધવાળા વૈષ્ણવનો પોતાના તરફથી સત્કાર ન થયો તેનો તુલસાંને અત્યંત તાપ થયો. તેના ફલ સ્વરૂપ શ્રીપ્રભુએ તેની આર્તિ પૂર્ણ કરી.

એટલે તાપાત્મક સ્વરૂપ શ્રીઆચાર્યજીની ધારણા માત્રથી જ શ્રીઠાકુરજી લીલા પરિકર સહિત તુલસાંને સાધન રૂપ થયા (આનું નામજ પુષ્ટિમાર્ગ અથવા સ્વતંત્ર ભકિતમાર્ગ, આ માર્ગમાં શ્રીકૃષ્ણજ પ્રમાણ પ્રમેય સાધન અને ફલરૂપ હોવાથી વેદાદિ પ્રમાણોની અપેક્ષા હોતી નથીજ.) અને તે તાપાત્મક શ્રીવલ્લભ લીલામધ્યપાતી હોવાથી સર્વ લીલા આપોઆપ સાનુકૂળ બને છે.

આવા સ્વતંત્ર ભકિતમાર્ગમાં શ્રીહરિ પણ બાધ કરવાને સમર્થ નથી તો વેદાદિ તો બાધ કેમ જ કરી શકે ? (हरिरत्र न शक्नोति कर्तुं बाधां कुतोऽपरे ॥)

આ પ્રકારે આ પ્રસંગમાં સ્વતંત્ર ભકિતમાર્ગનું નિરૂપણ કર્યું. આ પ્રસંગમાં શ્રીઆચાર્યજીનું તાપાત્મક સ્વરૂપ કહ્યું. (જુઓ “ વાર્તા-રહસ્ય. ”)

वार्ता प्रसंग २

बहुरि एक समे× तुलसां के घर श्रीगुसांईजी पधारे ॥ तब तुलसां ने बहुत भली भांति सों सेवा कीनी ॥ श्रीठाकुरजी तें अधिक जानि के सेवा कीनी ॥ तव श्रीगुसांईजी बहुत प्रसन्न भए ॥ ओर एक दिन श्रीगुसांईजी भोजन करि के पोढे हते ॥ तुलसाँ भगवद्वार्ता करि श्रीगुसांईजीकों प्रसन्न कीए ॥ तव तुलसां सों अति प्रसन्नता में भगवद्वार्ता करत में श्रीगुसांईजी ने श्रीमुख सों कह्यो ॥ जो पद्मनाभदास की संतति एसीही चाहिए ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश

याको अर्थ यह जो लीलामें सखी हे ॥ एसी क्यों न होई ॥ तहां श्रीगुसांईजी चंद्रावलीजी रूप हे ॥ सो इनको परकीया भाव श्रीठाकुरजी सों हे ॥ तातें हास्य बहोत प्रिय हे ॥ सो कटाक्ष के वचन पूछे जो श्रीठाकुरजी अपने स्वरूपानंद को अनुभव जतावत हे? तुम हू तो सखी हो ॥ श्रीठाकुरजी की सेवा करि के बस कीए ॥ तातें हमारे साझेमें तुमहू हो ॥ या प्रकार व्यंगके वचन कहे ॥ परंतु तुलसां शुद्र सात्विक हे ॥ इनकों कटाक्ष बहोत नांहि हे ॥ सुधी हे ॥

वार्ता प्र. २ शुरु

पाछे श्रीगुसांईजी ने तुलसां सों पूछी जो श्रीठाकुरजी सानुभावता जतावत हें ? ॥ तब तुलसांने कह्यो ॥ जो महाराज अब तो (हम) पेट भरि खइयत हें ओर नींद

× संवत १६३०–३१मां जुओ तुलसां नो शेष भौतिक इतिहास.

भरि सोइयत हें । परि श्री आचार्यजी के ग्रन्थ को पाठ नित्य करियत हें ॥ तब श्रीगुसांईजी बहोत प्रसन्न भए ॥

पेट भरिके खइयत हें ॥ नींद भरिके सोइयत हें ॥ सो यह जो जितनो रस हमारे पेटमें समात हे ॥ जेसें हम पात्र हें ॥ तितनो श्रीठाकुरजी अनुभव जतावत हें ॥ तातें श्रीठाकुरजीकी संग नींद-भरि सोइयत हें ॥ काहेते हमारो स्वकीया भाव हे ॥ तातें सखी हें ॥ चिंता नांहि हे ॥ मुख्य अर्थ यह ॥

श्रीहरिरायजी कृत भावप्रकाश

ओर गुरु भावसों यह अर्थ जो महाराज हम अनेक जन्म श्रीठाकु-रजीसों बिछुरिके पायो ॥ परंतु काहू योनिमें पेट नांहि भर्यो॥ ओर सुख सों नींद नांहि आई ॥ अब आपु कृपा करिके सरन लिए ॥ सो अबके जनममें पेट हू भर्यो ॥ ओर श्रीठाकुरजीको एक आश्रय करिकें सोएहू ॥ सगरे जनम अविद्या करि दुःखमें बिताए ॥ एक अर्थ यह ॥

ओर दैन्य पक्षमें यह जो हमकों कहा अनुभव करावें ॥ पेट भरिके खइयत हें ॥ नींद भरिके सोइयत हें ॥ जेसे पशुको खाइवेको ओर सोइ-वेको काम ॥ ओर काम परवसतें कोई लादे जो मारे तब करे ॥ तेसें हमहू प्रीति खानपानमें हे ॥ सेवा लोगनकी निंदा भए ते है ॥ जो बडे पद्मनाभदासकी संतति सेवा नांहि करत ॥ या प्रकार लोगनकी प्रतिष्ठा अर्थ ॥ तातें हमकों कहा अनुभव जतावें ? ॥ श्रीसूरदासजीनें गायो हे ॥ "सूर अधमकी कोन चलावें उदर भरे अरु सोये" ॥ एसे अधम जो हे ॥ तिनकी बात नांहि करनी॥ जो सरीरको सुख चाहत हे ॥ या प्रकारके हम हें ॥ परंतु श्रीआचार्यजी के ग्रन्थको पाठ सदा करियत हें ॥

ताको भाव यह जो एसेहू अधमको श्रीआचार्यजीके ग्रन्थ मात्र कहे ॥ भावहू न जानत होइ तो पाठहीके किए ते श्रीठाकुरजी सगरो अनुभव जतावे ॥ तातें यह कहि अपनो पुरुषारथ नाहिं कहे ॥ श्रीआचार्यजीको प्रताप कहे ॥ जो उनके ग्रन्थके पाटतें कृपा प्रभू करत हें ॥ या प्रकार प्रेममें लपेटे वचन तुलसांके सुनिके श्रीगुसांइजीको हृदय भरि आयो ॥

॥ इति प्रसंग २ समाप्त ॥

एसी भगवदीय तुलसां हती ॥ जिनके उपर श्रीगुसांईजी सदा प्रसन्न रहते ॥ तातें इनकी वार्ताको पार नांही ॥ सो कहां तांई लिखिये ॥

यह वार्ता ४की अन्तर्गत हे तातें वार्ता ४ (९६ मध्ये । वैष्णव ७ भए ॥) (छठे वैष्णव जिनने तुलसांके यहां प्रसाद लीयो सो)

પારવતીની વાર્તાનું સ્વરૂપ અને તેનું રહસ્યઃ—

આ વાર્તા શ્રીધર્મરૂપ છે.

શ્રીનું સ્વરૂપ આગળ કહ્યા પ્રમાણે (જુઓ કૃષ્ણદાસ મેઘન અને પદ્મનાભદાસની વાર્તા) “ श्रियोहि परमाकाष्ठा ” इति वचनात् સ્વામીની આજ્ઞા ઉપર પરમ વિશ્વાસ છે.

અહીં પણ પારવતીએ શ્રીગુસાંઈજીની આજ્ઞા ઉપર પૂર્ણ વિશ્વાસ રાખી શ્વેતકુષ્ઠથી થતી ગ્લાનીનો સર્વાંશે ત્યાગ કર્યો અને તે ભગવત્ સેવામાં સ્થિત રહી. જુઓ વાર્તાના આ શબ્દોઃ—

जो प्रभूनकी (श्रीगुसांईजी की) आज्ञा प्रमाण चलती ।

પારવતી ને શ્રીગુસાંઈજી ઉપર દૃઢ વિશ્વાસ હતો માટે અન્ય ઔષધિ આદિ કોઇ પણ ઉપાય ન કરતાં શ્રીગુસાંઈજી ઉપરજ

વિશ્વાસ રાખી શ્રીગુસાંઈજીને પત્રદ્વારા પોતાની ગ્લાનીનું નિવેદન કર્યું (રોગનું નહીં)

જુઓ આ શબ્દો:—

मेरी बिनती तुम श्रीगुसांइजी सों करियो ॥ मेरी देहको यह प्रकार भयो है ॥ तातें मोकों सेवा करत पाक करत बहुत ग्लानि आवत हें ॥

